પળ પળ નો હિસાબ

પૂજ્ય આચાર્ય દેવ શ્રી અજિતશેખરસૂરિજી મહારાજ


શ્રી પાનસર તીર્થ

શ્રી શત્રુંજયમંડન ઋષભદેવાય નમઃ
શ્રી શંખેશ્વર પાર્શ્વનાથાય નમઃ
સિરસા વંદે મહાવીરં   ઐં નમઃ સિદ્ધમ્
શ્રીમદ્ વિજય પ્રેમ-ભુવનભાનુ-જયઘોષ-ધર્મજિત્-જયશેખર-અભયશેખરસૂરિ સદ્ગુરુભ્યો નમઃ

પળ પળનો હિસાબ

(૧૩)

કૃપાદાતા

પૂજ્યપાદ ન્યાયવિશારદ આ.દે.શ્રી.વિ. ભુવનભાનુસૂરીશ્વરજી મહારાજ
પૂજ્યપાદ ગચ્છાધિપતિ આ.દે.શ્રી.વિ. જયઘોષસૂરીશ્વરજી મહારાજ
પૂજ્યપાદ સહજાનંદી આ.દે.શ્રી.વિ. ધર્મજિત્સૂરીશ્વરજી મહારાજ
પૂજ્યપાદ સૂરિમંત્રસમારાધક આ.દે.શ્રી.વિ. જયશેખરસૂરીશ્વરજી મહારાજ
પૂજ્યપાદ વિદ્વદ્વર્ય આ.દે.શ્રી.વિ. અભયશેખરસૂરીશ્વરજી મહારાજ

: લેખક :
પૂજ્ય આચાર્યદેવ શ્રી અજિતશેખરસૂરિજી મહારાજ

: સહયોગી :
પૂજ્ય પંન્યાસ શ્રી વિમલબોધિ વિજયજી મહારાજ

अर्हम्
અર્હમ્ આરાધક ટ્રસ્ટ

: પ્રકાશક :
અર્હં આરાધક ટ્રસ્ટ
C/o. એ-૫, ૧લે માળે, હરી ભુવન, ઝવેર રોડ,
મુલુન્ડ (વેસ્ટ), મુંબઇ - ૪૦૦ ૦૮૦.

આવૃત્તિ : પ્રથમ, સંવત ૨૦૫૫

દ્વિતીય, પોષ દશમી સંવત ૨૦૬૮ મૂલ્ય : ૩૦/-

પ્રાપ્તિસ્થાન :

- દિપકભાઈ કુરીયા : પાવર કંટ્રોલ, ઈસ્માઈલ બિલ્ડીંગ, ૨જે માળે, રૂમ નં.૪, ૩૩ – પાઠકવાડી, લુહારચાલ, મુંબઈ – ૪૦૦ ૦૦૨. Cell : 98675 80227
- વૉલ ડેકાર, માતૃકૃપા બિલ્ડીંગ, ગડકરી રંગાયતન પાસે, વિચારે કુરીયરની સામે, તલાવપાળી, થાણે (વે)–૪૦૦ ૬૦૧.
- રમેશભાઈ ગંગર : ડી.પી.ટ્રેડીંગ, ૨૫૭, ન્યુ અનંત ભવન, નરશી નાથા સ્ટ્રીટ, ભાત બજાર, કુવારાની સામે, મસ્જીદબંદર, મુંબઈ.
- ચેતનભાઈ : ૧૦૨, દત્ત પ્રસાદ, દત્ત મંદીર રોડ, મલાડ (ઈ), મુંબઈ – ૯૭

Visit us : www.arhamaaradhak.org | E-mail : arhamaaradhak@gmail.com

શ્રુતસ્તંભ

શ્રી વાલચંદજી ટોકરાજી પરિવાર	બોરીવલી
શ્રીમતી ચંદ્રાબેન નટવરલાલ શાહ	– હ.વિજય–અજય
શ્રી નીતિનભાઈ મનહરલાલ સંઘવી	ઘાટકોપર
શ્રી કાંતિલાલ રવિચંદ ગાંધી	રાધનપુરવાળા
શ્રીમતી દિવાળીબેન દેવચંદ વેલજી સંઘવી	માટુંગા
ચિ.ડેનીલ દિનકરરાય જયંતિલાલ શાહ	માટુંગા
માતુશ્રી રતિબેન વીરાભાઈ મંજેરી – હ.ભાણજીભાઈ	ઘાટકોપર
શ્રી સેવંતીભાઈ પી. શાહ – હ.હર્ષદભાઈ	સુરત
સ્વ.સંતોકબેન કાંતિલાલ સોનમલ	ગોરેગામ
શા. ભૂરમલ જવાનમલજી જૈન (તખતગઢ)	હુબલી
ગુરુભક્ત પરિવાર	થાણા
ભાનુબેન નાનજી ગડા	માટુંગા

પૂજ્ય આચાર્યશ્રી અજિતશેખરસૂરીશ્વરજી મહારાજ લિખિત અર્હં પરિવારનું ઉપલભ્ય શ્રુત સાહિત્ય

૦૧. ક્ષમા – પ્રેમ + મૈત્રીની મહેક (हींदी में भी)	રૂ.૩૦/-
૧૫. સમાધિનો સાથી	રૂ.૩૦/-
૨૩. વાર્તાપ્રવાહ	રૂ. ૮૦/-
૪૮. ધરિયે સમકિત રંગ	રૂ.૮૦/-
૫૦. 50 પચાસ	રૂ.૧૪૦/-
૫૧. ઋષભને જોઈ જોઈ હરખે જેહ ફોટો સહિત	રૂ.૧૫૦/-
૫૨. જે સાવધ તે સાધક	રૂ.૪૦/-
૫૩. આરાધ્યના અજવાળા (Open Book Exam) પેપર સાથે	રૂ.૧૦૦/-
૫૪. જવાબ જાણો કથા માણો	રૂ.૪૦/-
૫૫. કર્મનો શતરંજ	રૂ. ૪૦/-
૫૬. ભક્તવત્સલ પ્રભુ સાંભળો રે.... (પૂજ્યશ્રી દ્વારા રચિત સ્તુતિ–સ્તવનોનો સંગ્રહ)	રૂ.૩૦/-
૫૭. પચેલીમ પુણ્ય ભરો	રૂ. ૧૦/-

पर्युषण के प्रथम तीन दिन एवं चोथें से सातवे दिन के कल्पसूत्र के प्रवचन की दो प्रत सिर्फ रु.४००/-

અનુભૂતિના સ્તરેથી....

ડોક્ટર! મને આ દમ ભયંકર સતાવી રહ્યો છે.

દોસ્ત! ફિકર નહીં કર... હું તને ચોક્કસ મટાડી આપીશ!

પણ ડોક્ટર તમે આમ કહેનારા ચોથા ડોક્ટર છો. પૂર્વેના ત્રણ ડોક્ટરોએ પણ આમ જ કહેલું. પણ દવા કરી કરીને થાક્યો....હજી મટ્યો નથી.

દોસ્ત! ચિંતા ન કર! મને દસ વરસનો અનુભવ છે.

ડોક્ટર! શું તમે દસ વરસથી ઘણાના દમ મટાડી રહ્યા છો!

દોસ્ત! એમ નથી, હું દસ વરસથી આ દમથી પીડાઇ રહ્યો છું!

પોતે જે રોગથી દસ વરસથી પીડાવાનો અનુભવ લઇ રહ્યો છે, તે બીજાનો એ રોગ શી રીતે મટાડી શકે! જે પરિવાર, સામગ્રી, સાધનો, સંપત્તિ સ્વયં નાશવંત, વિકૃતભાવને પામનારા, દોષયુક્ત છે. સ્વયં અશાંતિ-અજંપાના સ્થાનભૂત છે. તે બધાનો શાંતિ, સ્વસ્થતા, પ્રસન્નતા માટે સાથ-સહકાર લેવો કેટલો લાભદારક નીવડશે?

ફ્લોરેન્સ લાઇટનો પ્રકાશ ભલે આંજી દે. પણ તે આંખ અને શરીર બંને માટે નુકસાનકારક નીવડે છે, તેમ આ બધા બાહ્ય ચળકાટ જીવને ભલે લોભાવી નાંખે, પણ અંતે જીવના ગુણોમાટે અને આત્મા માટે હાનિકારક જ નીવડે છે.

તેથી એ બધામાં મોંઘેરી માનવભવીય પળોને વેડફી નાંખીને કે પ્રમાદ-આળસમાં વ્યર્થ ગુમાવીને અંતે આપણે મૂરખ ઠરીએ નહીં, એ માટે આ પુસ્તકમાં જૂદા-જૂદા દષ્ટિકોણોથી વિચારણા કરી છે.

અરિહંતોની અસીમકૃપાથી અને જેઓના આશીર્વાદથી સંયમયાત્રા નિર્વાહ થાય છે, તે પૂજનીય ગુરુભગવંતોના આશીર્વાદથી જ આ કાંઇક લખાણ થવા પામ્યું છે. તેઓના અનંત ઉપકારનો હું સદા ઋણી છું.

આ વિચારણાઓ ગમશે, જીવનમાં તે-તે અવસરે આ વિચારણાઓ માર્ગદર્શક બનશે એવી શ્રદ્ધા છે.

પુસ્તકમાં અજ્ઞાન-પ્રમાદવશ જિનાજ્ઞા વિરુદ્ધ લખાણ થયું હોય તો તે બદલ મિચ્છામિ દુક્કડમ્.

- આ. અજિતશેખરસૂરિ

* તા.ક. : વારંવારની માગણીને લક્ષ્યમાં લઇ આ પુસ્તકનું પુન મુદ્રણ કરવામાં આવ્યું છે.

એક અદ્ભુત... આનંદકારી પ્રકાશનઃ

શ્રી શાંતિનાથ પરમાત્માના બાર ભવોની ભવ્ય યશોગાથાઃ

- શ્રીષેણ રાજા અને અભિનંદિતા રાણી પ્રથમ ભવના આ સંબંધ બાર-બાર ભવ અખંડ વહેતો રહે ને અંતિમ ભવમાં... પિતા-પુત્ર તીર્થંકર-ગણધર તરીકે પરિણામે એની રોચક વિગતો....
- અદ્ભુત રોચક પ્રસંગોથી ભરપુર... પૂજ્યશ્રીએ ચોટદાર શૈલીમાં કરેલા પ્રવચનોનો રસાળ થાળ...
- જેઓ બે વાર ચક્રવર્તી બન્યા, બે વાર તીર્થંકરપુત્ર બન્યા, એકવાર બારમા દેવલોકના ઇંદ્ર થયા, એકવાર બળરામ બન્યા... છેલ્લા ઘણા ભવોથી માનવ ભવમાં પણ અવધિજ્ઞાની રહ્યા...

એવા પ્રભુશ્રી શાંતિનાથ ભગવાનના બાર ભવ વર્ણવતો આ ગ્રંથ સોનામાં સુગંધી જેમ...

ભારતભરના પ્રાચીન ૧૦૮ શ્રી શાંતિનાથ પ્રભુના ફોટાથી સુશોભિત થશે. (ફોટાવાળી નકલો મર્યાદિત છપાશે.)

: નકલ નોંધાવવા આજે જ સંપર્ક કરો :

શ્રી દિપકભાઇ કુરીયા : 98675 80227

નોંધ : આ ગ્રંથ લગભગ ૦૧.૦૫.૨૦૧૨ પછી ઉપલબ્ધ થશે.

આ ગ્રંથ ઉપર ઘર બેઠા પરીક્ષાનું પણ આયોજન વિચાર્યું છે.

જે પુસ્તકની આપ ઘણા સમયથી આતુરતાથી રાહ જોઈ રહ્યા હતા....

જેની વાર્તાઓમાં સુંદર સાર સમાયેલા છે....

તે પુસ્તક પુનઃ પ્રકાશન થઈ ટુંક સમયમાં આપની સમક્ષ આવી રહ્યું છે...

વાર્તાપ્રવાહ

પુસ્તકની કિંમત રૂા. ૮૦/- છે. એડવાન્સમાં રૂા. ૫૦/-માં બુક કરાવી શકશો.

: નકલ નોંધાવવા આજે જ સંપર્ક કરો :

શ્રી દિપકભાઇ કુરીયા : 98675 80227

---

૫૬) ભક્ત વત્સલ પ્રભુ! સાંભળો રે....

પૂજ્યપાદ આચાર્યદેવશ્રીએ પોતે રચેલા સ્તુતિ-સ્તવનોનો સંગ્રહ.

એમાં વિવિધ સ્તુતિઓ છે જેમકે... ભક્તામર સ્તોત્ર આધારિત

૪૪ સ્તુતિઓ તથા બે સ્તવન ચોવીશી સંક્ષેપઅર્થથી યુક્ત છે.

આ પુસ્તક આજીવન મેમ્બરોને મોકલાશે નહીં.

જેને જોઇતી હોઇ, એને રૂા.૪૦/-નું પુસ્તક રૂા.૧૫/-માં મળશે.

કોણ વધુ મૂરખ ?

એક સરદારજી શાકમાર્કેટમાંથી પાછા આવતા હતા... ત્યાં સામેથી બીજા સરદારજી મળ્યા. પહેલા સરદારજી ને બીજા સરદારજીની પરીક્ષા કરવાનું મન થયું. પૂછ્યું - બોલો મિલ્ખાસિંહ ! મારી થેલીમાં શું છે ? તે જો તમે કહી દો, તો તમને તેમાંથી એક ટામેટું આપું અને કેટલા છે ? એ બતાવી દો, તો પાંચે પાંચ ટામેટા આપી દઉં !! બીજા સરદારજી બોલી ઉઠ્યા... ભઇ ! જોયા વગર મને ખબર શી પડે કે, તારી થેલીમાં શું છે ? અને તે કેટલું છે ?

છેને બન્ને સરદારજી જોડિયા ભાઇ જેવા ! બેવકૂફ શિરોમણિના ગોલ્ડમેડલ માટે આ બન્ને સરખા હક્કદાર લાગે છે. એકે પોતાના પ્રશ્નમાં જ ઉત્તર દર્શાવી દીધો, બીજાએ ઉત્તર પામવા છતાં પોતાની અજ્ઞાનતા છતી કરી !

પણ સબુર ! આ વાત આપણને તો લાગુ નથી પડતી ને ! એ પણ વિચારી લેવું જોઇએ. કર્મસત્તાની ચુંગાલમાં આપણે અનંતકાળથી સપડાયા છીએ, એના ઇશારે કઠપૂતળીની જેમ નાચ્યા છીએ, અનેક ભવાઇઓ ભજવી છે. આ કર્મસત્તા પોતાની ચુંગાલમાંથી ક્યારેય આપણને છોડવા ઇચ્છે નહિ, એ સહજ છે. સ્વતંત્રતા આપણો અબાધિત અધિકાર હોવા છતાં કર્મસત્તાને આપણને કાયમ પરાધીન રાખવામાં જ રસ છે....

અને છતાં,

કર્મસત્તાએ આપણને કેવી કેવી સામગ્રીઓ આપી દીધી ?

અલબત્ત આ જે કંઇ મળ્યું છે, તે ભલે કર્મસત્તાએ આપ્યું છે, પણ તેમાં **ભલામણ ભળી છે પરમાત્માના અનુગ્રહની, ઇશારો મળ્યો છે ગુરુદેવોની કૃપાનો, જામીન બન્યો છે, આપણે કરેલો ભૂતકાળનો ધર્મ.** જો આ બધી સામગ્રીનો સદુપયોગ કરીએ, તો અવશ્ય આપણે કર્મસત્તાની જંજીરમાંથી મુક્ત થઇ શકીએ.

કર્મસત્તા સામે સફળ જેહાદ પોકારવાનો એકમાત્ર ભવ - મનુષ્યભવ. આપણને કર્મસત્તાએ માનવ બનાવી દીધા.

કર્મસત્તાની ગુપ્તવાતોનું શ્રવણ અને મુક્તિ (=મોક્ષ-કર્મથી છૂટકારા)ની ચર્ચા જ્યાં સહજ સાંભળવા મળે તેવો આર્યદેશ આપણને પ્રાપ્ત થયો - કર્મના પ્રતાપે.

કર્મ સાથેના યુદ્ધમાં અમોઘશસ્ત્ર બની શકે તેવા ઇન્દ્રિય અને શરીરરૂપ છતાં સાધનો આપણી પાસે મોજૂદ છે તેમાં કર્મસત્તાની મહેરબાની કમ કરે છે !

કર્મસત્તા સામે જૂદા જૂદા વ્યૂહ ગોઠવવામાં કુશળ બુદ્ધિ અને વિચારવા સમર્થ મન આપણને કર્મસત્તાએ આપ્યા છે.

જ્યાં કર્મની સૂક્ષ્મમાં સૂક્ષ્મ વિગતો સમજવા મળે તેવો જૈનધર્મ પણ કર્મસત્તાની કૃપાથી પ્રાપ્ત થયો.

બોલો કર્મસત્તા ડાહી કે મૂરખ ! રાખવા છે સંકજામાં... અને તક આપી મુક્ત થવાની.... મળેલી સામગ્રીનો સદુપયોગ થાય, તો કર્મસત્તાની ગુલામી રહે નહિ... કેવી કર્મસત્તાની ગુલામી...

એ આપણને ઘડીમાં નર બનાવે... તો ઘડીમાં વાનર. એકવાર દેવ... તો બીજીવાર દાનવ...

એ આંખ આપે તો જોવાનું ન આપે, અથવા આપેલી આંખ છિનવી લે.... તો આંધળા થઈને અથડાવાનું...

એ બુદ્ધિ આપે, તો સમજવાનું. નહિતર પાગલનું પાત્ર ભજવવાનું.

તમે દુકાન ખોલો... જબ્બર પરિશ્રમ કરો, પણ કર્મસત્તા ખુશ હોય, તો જ નફો... નહિતર દેવાળું ફુંકી દૂકાન વેંચી મારવાની...

સુખી થવા લગ્ન કરો, પણ કર્મસત્તા જો નાખુશ... તો અંતે છૂટાછેડા, કલહ... ખુન...

પૈસા ખર્ચી... વરસો બગાડી..... ઉજાગરા કરી ડીગ્રી મેળવો, પણ કર્મસત્તા તમને બેકારોની જમાતમાં ભેળવે....

એની ઇચ્છા મુજબ જન્મ લેવાનો, એના ઇશારે જાતજાતની ચેષ્ટાઓ કરવાની...

આવી ભયંકર કર્મગુલામીની કારમી પીડામાંથી કાયમી છૂટકારો મેળવી શકાય, એવી તક આ ભવમાં મળી છે. છતાં એ તકને ઓળખી, સાર્થક કરવાનું

છોડી, બીજા-ત્રીજામાં પડ્યા રહીશું, તો પછી પસ્તાવાનો વારો આવશે.

સરસ બાજી મળી હોવા છતાં, હું હાર પામું છું,

અને હાર્યા પછીથી એ રમતનો સાર પામું છું.

જિંદગીભર સુખી થવા ને પરિવાર-વ્યવહાર નભાવવા પાર્ટટાઈમ જોબ-પાર્ટટાઈમ ધંધો ને પછી ઘરે આવી પાર્ટટાઈમ મા-બાપનો રોલ ભજવવામાં દોડધામ કર્યા પછી અંતે પરલોક દેખાશે, જિંદગીની બાજી ધૂળમાં મળી ગયેલી લાગશે, અને પરલોકમાં ફૂલ ટાઈમની કર્મગુલામી નજરમાં આવશે, ત્યારે આપણે મહામૂર્ખમાં જ ખપીશું ને ?

વિચારજો... તે ક્ષણે કોણ વધુ મૂરખ... સામગ્રી આપનાર કર્મસત્તા કે... ન પારખનાર આપણે ?

એક ગામડિયાને લશ્કરમાં જોડાવાની ઈચ્છા થઈ. બંદૂક ચલાવતા આવડે, પણ ઈંગ્લીશ આવડે નહીં. લશ્કરના અનુભવીની સલાહ લીધી. અનુભવીએ કહ્યું-ચિંતા ન કર ! લશ્કરમાં કંઇ લાંબા ઈંટરવ્યૂ લેતા નથી. બે-ત્રણ પ્રશ્ન પૂછે, એના ઉત્તર આપવાના હોય. સામાન્યથી ત્રણ પ્રશ્ન પૂછે છે, તું એ ત્રણના ઉત્તર ગોખી લે, પછી વાંધો નહીં આવે, પહેલો પશ્ન પૂછશે - What is your age ? (-તારી ઉમર શું છે ?) તો એ પ્રશ્નના જવાબમાં તારે કહેવાનું 30 Years. પછી પૂછશે How much your Experience ? (તારો અનુભવ કેટલો છે ?) તો એના જવાબમાં તારે કહેવાનું - 10 Years. પછી પૂછશે - What you want as a Salary ? (પગારમાં તારે શું જોઇએ છે ?) Food or Money ? (અન્ન કે પૈસા ?) તો તારે કહેવાનું - Both. (બંને) ગામડિયાને પ્રશ્નો યાદ રહ્યા નહીં. ઉત્તરો બરાબર ગોખી લીધા, Thirty Years, Ten Years, Both. બસ, હવે, વટ કે સાથ ગયો લશ્કરની ઓફિસમાં. પેઠો સીધો જ ઓફિસરની કેબિનમાં. અને સીધું જ કહી દીધું - મારે લશ્કરમાં જોડાવું છે. આના ખેડૂત જેવા વેશથી, અને સાવ ગામડિયાટાઇપના વર્ત્તણુકથી કાં'ક નારાજ થયેલા ઓફિસરે સીધું જ પૂછ્યું - How much your Experience ? (તારો અનુભવ કેટલો છે ?) આ ગામડિયાને અંગ્રેજી સાથે બારમો ચંદ્રમાં... શું પૂછ્યું એ કોણ સમજે ? એનો ભા ! એણે તો રૂઆબમાં જ કહી દીધું - 30 Years (ત્રીસ વર્ષ) આ સાંભળી ઓફિસર ચમક્યો - આ ગમારની ઉમર ત્રીસ વર્ષની લાગે છે, ને અનુભવ ત્રીસ વર્ષનો કહે છે, તે જનમતાની સાથે ગોળી ચલાવતા શિખ્યો છે ? તેથી ધુંધવાઈને બીજો પ્રશ્ન પૂછ્યો - What is your Age ? (તારી ઉંમર શું છે ?)

ગામડિયાએ ગર્વથી કહ્યું - Ten Years. (દસ વર્ષ) અને ઓફિસરનું માથું ગરમ થયું - આ ત્રીસ વર્ષનો લાગતો યુવાન પોતાને દસ વર્ષનો કહે છે, અને અનુભવ પાછો ત્રીસ વર્ષનો બતાવે છે. નાલાયક મને મૂરખ બનાવવા આવ્યો લાગે છે, તેથી ગુસ્સામાં બરાડ્યા - Who is Fool You or I ? (કોણ મૂરખ છે ? તું કે હું ?) ગામડિયાએ ખુમારીથી કહ્યું - Both. (બંને) શું હાલત થઈ હશે, ઓફિસરની !

મારો પ્રશ્ન છે કોણ મૂરખ, તમે કે કર્મસત્તા ? તમારી વીતી રહેલી જીંદગી જ જાણે જવાબ વાળે છે કે બંને ! પોતાનાથી જ છૂટકારો પામવાની સામગ્રી આપવા દ્વારા કર્મસત્તા મૂરખ સિદ્ધ થઈ, તો એ સામગ્રી મળવા છતાં વ્યર્થની ધમાલમાં એને સરી જવા દઈ તમે મૂરખમાં ખપી રહ્યા છો, અલબત્ત હોંશિયાર હોવાનો દેખાવ કરીને !

એકે પોતાની જાતજાતની હોંશિયારીની ડંફાસ મારી મિત્રને પૂછ્યું - બોલ ! દુનિયામાં હોંશિયાર લોકો કેટલા છે ? ત્યારે મિત્રે ઠંડકતાથી કહ્યું - તું જેટલા માને છે, એમાં હું એક ઓછો માનું છું.

તમે દુનિયાદારીની હોંશિયારીમાંથી હાથ કાઢતા નથી ને એમાં ને એમાં જિંદગી જવા દો છો, ત્યારે અમે તમારો નંબર ખરેખર હોંશિયારમાંથી કાઢી નાંખીએ છીએ. આપણે હેમખેમ - ખોડખાપણ વિના જન્મી શક્યા, જન્મ્યા પછી પણ હેમખેમ બાળપણ વિતાવી શક્યા, પ્રત્યેક ક્ષણે મોતના સેંકડો નિમિત્તો ઉપસ્થિત થતાં હોવા છતાં એ બધામાંથી બચી નીકળીએ છીએ, આ બધામાં આપણી કઇ હોંશિયારી કામ કરે છે ? કશી નહીં, માત્ર પૂર્વે કરેલા શુભકર્મોથી બચી રહ્યા છીએ, અને છતાં હોંશિયારી ને અહંકારની બડાઈઓ મારતાં ફરીએ છીએ.

બનવું છે સાવ મૂરખ ? અત્યાર સુધી કર્મસત્તા આપણને બેવકુફ બનાવતી જ રહી... ચાલાકી ભારે કરે... ભવ પૂરો થાય... એટલે તે ભવે અનુભવેલા પ્રસંગો પણ વિસરાઇ જાય... ખબ્બર પડવા જ ન દે કે ભૂતકાળમાં કેવી ભૂલો કરેલી અને તેના દંડરૂપે નરકાદિભવોમાં કેવા ત્રાસ વેઠેલા....

સામગ્રી તો આપી પણ સાથે એવું વાતાવરણ સર્જ્યું કે ખ્યાલ જ ન આવે.... એ તકનો. ભૂતકાળ ભૂલાવી દીધો. અને ભવિષ્યપર ભૂલેચૂકે નજર ન જાય તે માટે વિષયોના આકર્ષણ ઊભા કરી દીધા. સ્વજનના નામે સંગ પણ પોતાના ઈશારે નાચનારા પામર સંસારસંગીઓનો કરાવી દીધો... અને આપણને પણ એવા વિષયલોલૂપ, પ્રમાદપ્રિય, ક્રોધાદિકષાયો પર મીઠી નજર કરનારા બનાવી દીધા..

કે દાન, શીલ, તપ કે ભાવ આ ચારમાંથી સ્વશક્ય એકપણ ધર્મ કરવાની રુચિ લગભગ જન્મે જ નહિ. અત્યાર સુધીના ભવોમાં પ્રાયઃ ધર્મ પ્રત્યે સૂગ હતી... અથવા ઉપેક્ષા હતી... અથવા જવાબદારી જેવા બહાનાઓથી છટકબારી હતી..

એક તરુણ એસ.એસ.સી. માં ફેઇલ થયો. સખત આઘાત લાગ્યો. ભણવાપરથી મન ઉઠી ગયું, જીવનપરથી ય મન ઉઠી ગયું. આવેશમાં મરવાનો નિર્ણય કરી, દરિયામાં પડવા ચોપાટી તરફ પગ ઉપાડ્યા. બન્યું એવું કે રસ્તામાં જ કાકા મળ્યા. આને ઉદ્વિગ્ન ચહેરે જતો જોઇ કાકાએ પૂછ્યું – કેમ ઉદાસ છે? ક્યાં જાય છે ? તરુણે દુઃખના દર્દ સાથે કહ્યું – એસ.એસ.સી. માં નાપાસ થયો. એથી નાસીપાસ થયો છું. હવે ફરીથી પરીક્ષા આપવા કરતાં મરી જવું ! એ જ યોગ્ય લાગે છે. માટે ચોપાટી જઇ દરિયામાં ઝપલાવી દેવા જઇ રહ્યો છું. છોકરાનો મરવાનો આવેશ જોઇ કાકાએ સમજાવવાનું મુનાસિબ ન માન્યું. એનો આવેશ ઠંડો પાડવા એની વાતને યોગ્ય ગણાવવાની તરકીબ અજમાવી કહ્યું – બેટા ! બરાબર છે. આ રીતે નપાસ થઇએ, તો જીવવા કરતાં મરવું જ સારું લાગે. તારો આત્મહત્યાનો વિચાર બરાબર છે. ચાલ, હું પણ તારી સાથે આવું ! તું બરાબર આત્મહત્યા કરી શકે, તેમાં શક્ય મદદ કરું !

કાકાએ આત્મહત્યાની વાતનો વિરોધ કરવાને બદલે યોગ્ય લેખાવી સાથ આપવાની વાત કરી તેથી સ્તબ્ધ થયેલો તે તરુણ અડધો ઠંડો ત્યાં જ પડી ગયો. વ્યક્તિને જે વાતનો આવેશ હોય, તે વાતમાં તેનો વિરોધ કરવાથી કે ઉપદેશ આપવાથી આવેશ ઠંડો પડવાને બદલે વધુ તેજ બને. એને બદલે આવેશ યોગ્ય વિષય માટે છે. તેથી બરાબર છે, એમ એને ટેકો આપો, તો એ આવેશ ઠંડો પડે.

પછી રસ્તામાં કાકાએ કહ્યું – જો ! મને એક વિચાર આવે છે, કે આપણે હિંદુ છીએ. પરલોકમાં માનીએ છીએ. જો તું મરીને ફરીથી આ જ મુંબઈમાં માનવ તરીકે જનમ્યો, તો તારે ફરીથી એકડે એકથી નવેસરથી ભણવું પડે ! અને એ પાછું – વર્ષો સુધી ભણ્યા પછી પાછી એસ.એસ.સી ની પરીક્ષા તો આવીને ઊભી જ રહે. પાછી પરીક્ષા આપવી જ પડે, તે વિના કંઈ તું આગળ ન વધી શકે. તો આમ ફરીથી વર્ષો સુધી ભણી પાછી છેવટે એસ.એસ.સી.ની પરીક્ષા આપવી જ પડવાની હોય, અને તે પણ પાછા બધા વિષયની. તો એના કરતાં તો આ ભવમાં તું બીજા બધા ધોરણો પાસ થઇ ચૂક્યો છે, અને એસ.એસ.સી. માં પણ તારે હવે ૧ – ૨ વિષયની જ પરીક્ષા આપવાની રહે છે. અને તે પણ માત્ર છ મહીનાની મહેનત પર આ

ઓક્ટોબરમાં જ. તો તને નથી લાગતું કે આ જ એકંદરે, સરળ, ફાયદાકારક ને ઉપયોગી બનશે !

તરુણને કાકાની વાત યોગ્ય લાગી. આપઘાતનો વિચાર પડતો મૂકી ભણવામાં લાગી ગયો.

મારે તમને આ જ વાત કરવી છે, જ્યારે પણ-જે-ભવમાં પણ સાધના કરશો, કેમ કે તે કર્યા વિના જીવનમાં શાંતિ, મરતાં સમાધિ, પરલોકમાં સદ્ગતિ કે પરંપરાએ સિદ્ધિગતિ-મોક્ષ મળવાના જ નથી - તો તે સાધના વખતે તમારે પરિવારનો મોહ, શરીરનો રાગ, વિષયોના આકર્ષણ, કષાયોનો સાથ આ બધું છોડવું જ પડશે. આ ભવમાં સાધના માટેની બધી સામગ્રી-અનુકૂળતાઓ મળી ગઈ છે, માનો કે તમે નીચેના બધા ધોરણો વટાવી એસ.એસ.સી. સુધી આવી ગયા છો. એટલું જ નહીં એમાં પણ તપ, પૂજા, સામાયિક જેવા કેટલાક વિષયોમાં તો પાસ પણ થઈ ચૂક્યા છો, હવે કો'ક ક્ષમા, નમ્રતા, સરળતાદિ બે-ચાર વિષયમાં જ, ને સંયમસાધના જેવા કો'ક અઘરા વિષયમાં જ પાસ થવાનું બાકી છે. થોડીક મહેનત, થોડો પુરુષાર્થ, થોડી વધુ તૈયારી કરો, તો ટૂંકાગાળામાં એ પણ કરી શકો. પણ જો એના બદલે વિષયોના સાગરમાં કે કષાયોની આગમાં પડી, આત્મહત્યા કરી, તો પછીના જે ભવમાં સાધના કરવી હશે, તે ભવમાં બધી સામગ્રી-તક વગેરે બધી મહેનત ફરીથી કરવી પડશે, માનો કે કે.જી. થી ફરીથી ભણવું પડશે. અંતે સાધનારૂપી એસ.એસ.સીની પરીક્ષા તો પછી પણ આપવી તો પડવાની જ છે, તો હવે તમે જ વિચારો, શું કરવું વાજબી ગણાય ? માનવભવ વિના સાધના નથી, ને માનવભવ, મા-બાપ, પરિવાર વગેરે વિના મળવાનો નથી. એ બધા પ્રત્યેના આકર્ષણ, માનેલી જવાબદારીઓ વગેરેને ગૌણ કર્યા વિના આજે કે પછી જો સાધના શક્ય જ નથી, તો ઉચિત શું ? આજે બધી રીતે આગળ વધી ગયેલા આપણે થોડી વધુ મહેનત કરી સાધના કરી લેવી ? કે પછી અનંતકાળે ફરીથી બધી સામગ્રી મળે, ત્યારે ફરીથી બધી મહેનત કરી સાધના કરી લેવી ? ડહાપણ શામાં ? વિચારો.....

તેથી હવે મૂર્ખાઇ આપણે નથી કરવી... આપણે સમજી લેવું જોઇએ કે ધર્મને **પીઠ કરનાર કર્મસત્તાનો ગુલામ બને છે. અને ધર્મના શરણે જનાર કર્મસત્તાની જંજીરમાંથી મુક્ત થાય છે...** અને તેમ ન થાય ત્યાં સુધી મહેમાન બને છે. પછી એને ખુશ રાખવા દોડધામ કર્મસત્તા કરે છે.

આપણી મૂર્ખામી ચાર ચાંદ ચડે એવી છે... આટલી બધી સામગ્રી મળી

હોવા છતાં વિષયમગ્ન બનેલા આપણે...

સર્વદુઃખોના મૂળભૂત અને મૃત્યુ તુલ્ય પ્રમાદને જ સુખરૂપ માની લેવાની ભયંકર ભૂલ કરી બેસેલા આપણે....

સ્વાર્થના સાથીઓને પરમાર્થથી સ્વજન તરીકે સ્વીકારી લેનારા આપણે....

લાખો ઉપાયોથી સાચવવા છતાં વારંવાર ખોટકાઇ જતાં.... અને અંતે સાથ છોડી દેનારા શરીર પર ગાઢ મૂર્ચ્છા કરનારા આપણે....

શાંતિને બદલે અશાંતિ, સમાધિને બદલે સંક્લેશ અને સુખને બદલે દુઃખ આપનારા ધનને જ જીવનનું ધ્યેય બનાવી, તેની પાછળ જાતને હોમી દેનારા, સમયને ગુમાવી દેનારા અને જીવનને ખોઇ નાખનારા આપણે...

આપણા એકમાત્ર કલ્યાણમિત્ર સમાન દેવ-ગુરુ-ધર્મ-સાધર્મિકોથી દૂર ભાગનારા આપણે...

શરીર વગેરે બેવફાઓ ખાતર કાયમ વફાદાર રહેવા તૈયાર ધર્મને બેવફા બનનારા આપણે...

બસ આજ પ્રમાણે વોહી રફતારથી જીવનને પાણીના ભાવે ગુમાવી દઇએ.... પછી જીવનના અંતે કર્મસત્તા કહે કે, બોલ ! મેં આપેલી તકનો તેં કેવો ઉપયોગ કર્યો ? મેં આપેલી સામગ્રી તારી કામમાં કેવી આવી ? ત્યારે જીવનની એ ત્રાસદાયક સંધ્યા... વિલખા પડી ગયેલા... પસાર થયેલા જીવન પર ઓઢાયેલી કાળની ચાદર ઉંચી કરી નજર કરશું... વિષયો, પ્રમાદો, દ્રોહ, વિશ્વાસઘાત, પાપી મન અને બૂરી નજરથી ધર્મસ્થાનોને કરેલા કલંકિત... કામરાગ, સ્નેહરાગ અને દષ્ટિરાગની મલિન વાસનાઓ શું શું નજરમાં લઇશું ? અતીતના કબાટમાં ભરેલા કેટકેટલા પાપહાડપીંજરો સામે દષ્ટિ જશે ? કર્મે આપણને ધર્મ કરવામાટે તમામ આવશ્યક તક-સામગ્રી-શક્તિ આપી દીધાં છે, કે જેના દ્વારા ધર્મના યોગે જંબૂસ્વામી જેવા મુક્ત થયા.... શાલિભદ્ર વગેરે મુક્ત ન થઇ શક્યા.... તો મહેમાન અવશ્ય બની ગયા.... જ્યાં સુધી સંસારમાં રહે ત્યાં સુધી તેમની અનુકૂળતાની ચિંતા કર્મસત્તાને.... અને અંતે કર્મથી કાયમનો છૂટકારો.... બોલો હવે આપણને શું ખુટે છે ?

મહાબળવાન શિશુપાળનો વધ શ્રીકૃષ્ણ વાસુદેવના હાથે થવાનો છે, તે શિશુપાળના જન્મવખતે જ જાણી ગયેલા એના માતા-પિતાએ શ્રીકૃષ્ણ વાસુદેવ પાસે શિશુપાળ માટે અભયવચન માંગ્યું. ત્યારે શ્રીકૃષ્ણવાસુદેવે કહ્યું- હું તેના સો

અપરાધ માફ કરીશ. જેમ જેમ શિશુપાળ મોટો થતો ગયો, તેમ ઉદ્ધત થતો ગયો. શ્રીકૃષ્ણવાસુદેવના અપરાધમાં વારંવાર આવવા માંડ્યો. પણ વચન જાળવવા કૃષ્ણવાસુદેવ માફ કરતાં રહ્યા. ત્યારે આ માફીને સુધરવાની મળેલી તક સમજવાને બદલે પોતાની તાકાતપર વધુ ને વધુ ગર્વ કરી વધુ મોટા પાપ કરવા માંડ્યો. અંતે સો અપરાધ પૂરા થયે, એકસો એકમાં અપરાધે શ્રીકૃષ્ણે ચક્ર છોડી શિશુપાળનો વધ કર્યો.

આપણી હાલત એવી જ છે. આપણે રોજ કર્મસત્તાના નાના-મોટા અપરાધમાં આવ્યા કરીએ છીએ, પણ આપણી પૂર્વભવમાં ઊભી થયેલી ધર્મ કરવા યોગ્ય લાયકાત જોઇને, અને પુણ્યબળ જોઇને કર્મસત્તા માફ કરતી રહે છે ત્યારે ખરેખર એ ક્રોધ, લોભ, પ્રપંચ, કપટ, અનીતિ, દેવા કરી ધંધા વધારવાની ખોટી નીતિ વગેરે અપરાધોથી અટકી જઇ, સુધરવાની-ધર્મ કરવાની તક મળે છે, જીવતદાન મળે છે, તેમ વિચારવાને બદલે આપણે આપણા એ પાપનાં અભિમાન કરી, વધુ તીવ્ર ભાવે-પાવરફુલ રીતે પાપ કરતાં જઈએ છીએ. પછી આ ભવમાં જ કે ભવાંતરમાં, આપણા પુણ્ય ખતમ થયે, કર્મસત્તાની ધીરજ ને સીમાં આવ્યે એ એવા પાવરથી આપણા પર તૂટી પડે છે કે ભવોભવની પુણ્યકમાણી (જેમ વર્ષોની કમાણી ધંધાના એક જ ફટકામાં સલવાઇ જાય તેમ) સલવાઇ જાય છે. જીવ અનંતકાળ સુધી એ દંડ ભરપાઈ કરવામાંથી ઊંચો જ નથી આવતો.

માટે હવે સાવધાન થવાનો અવસર છે. પ્રત્યેક પળ વણથંભી વહી રહી છે.... રોગ કઇ ઘડીએ ટાઇમ બોમ્બ બની આવે તેની કલ્પના નથી.... ઘડપણ અને મૃત્યુ પોતાના પાશમાં પકડવા શીઘ્ર આવી રહ્યા છે. ધર્મની તક.... કર્મના મહેમાન બનવાનો અવસર હાથમાંથી સરી રહ્યો છે.... સુખ મેળવવાની કલ્પના અને દોડધામમાં દિવસો કે મહિનાઓ નહિ પણ વર્ષો પસાર થઇ જશે.

સંસારના સુખો મૃગજળ જેવા છે..... દેખાદે... પકડવા જાવ એટલે હાથતાળી દઇ દૂર ભાગી જાય...

એક વેપારી ભરવાડને ત્યાં ઘી લેવા ગયો. ભરવાડ પાસે કંઇ વજન કાંટો, કાટલા વગેરે હોય નહીં. તેથી પોતાના જ ત્રાજવા અને પાંચ કીલો ઘી લેવાનું હતું, તે પાંચ કીલોનું વજનિયું લીધું. પછી રસ્તામાં વિચાર આવ્યો કે જે વાસણમાં ઘી લેવાનું છે. એ વાસણનું પણ વજન કરવું જરૂરી છે, નહીંતર એટલું ઘી ઓછું મળશે.

પણ હવે પાછું ઘરે ક્યાં જવું ? આજૂબાજૂથી વાસણના માપના પત્થર લેવાનું

વિચાર્યું. ત્યાં ખાબોચિયામાં ડ્રાંઉં ડ્રાંઉં કરતાં દેડકા દેખાયા. વિચાર કર્યો જડ પથ્થર કરતાં ચેતન દેડકાઓથી વજન કરવું સારું ગણાશે. ખાબોચિયામાંથી માંડ માંડ પકડી ૧૦-૧૨ દેડકાને પોતાના ફેંટામાં મુક્યા. બહાર આવી વજન કાંટાની એકબાજૂ પાંચ દેડકા મુક્યા, બીજી બાજુ વાસણ. વાસણનું વજન વધી ગયું. તેથી બીજા બે દેડકા લેવા ફેંટાપાસે ગયો. ત્યાં પાંચેય દેડકા જૂદી જૂદી દિશામાં કૂદકા મારી ભાગવા માંડ્યા. માંડ એમાંથી ત્રણેકને પકડી લાવ્યો. ત્યાં પેલા બે દેડકા ભાગવા માંડ્યા. એ પાછળ દોડી એ પકડી લાવે, ત્યાં પેલા ત્રણ ભાગવા માંડ્યા. બિચારાએ અડધોકલાક માથાકૂટ કરી. એક-એક દેડકાની પાછળ દોડધામ કરી. પણ કંઇ વળ્યું નહીં, બે પકડ્યા, તો ત્રણ ભાગે, ત્રણ હાથમાં આવે, તો બે ભાગે...

સંસાર સુખોની પાછળ મથામણ આ દેડકાઓને પકડી વજન કરવાની મથામણ જેવી છે. શરીર સુધારવા જાવ, તો પૈસા ગુમાવવા પડે, પૈસા ભેગા કરવા જાવ, તો શરીર બગડે.... બે સારા મળે, તો ઘરવાળી વાંકી ચાલે... એને સીધી કરવા જાવ, ત્યાં દીકરા ઉદ્ધત પાકે... કંઇ ને કંઇ ચાલ્યા જ કરે.... આમાં તમે ક્યાંથી ઊંચા આવો ? છોડી દો, તો છુટકારો થાય.... પકડવા જતાં જો આયુષ્ય પૂર્ણ થઇ ગયું.... તો નહિ ઘરના, નહિ ઘાટના એવી હાલત થશે.... કૂતરાના મોતને સારુ કહેવડાવે તેવું મોત અને ત્રાસ, દુઃખ અને કષ્ટની પરંપરાવાળી દુર્ગતિ લમણે ઝીંકાઇ જશે....

સદ્ગતિ અને કલ્યાણ આપણાથી મુખ ફેરવે એટલી હદે આપણે અત્યાર સુધી ઉંઘમાં રહ્યા.... હવે જાગવાનું છે. ગયેલી તકનો અફસોસ હોય.... તો મૂરખ ખપવામાંથી બચવું હોય તો... આવેલી તક, મળેલી પળનો સદુપયોગ કરો.... બાજી ફેરવવી હજી આપણા હાથમાં છે.... જીવનનું પાનું આપણા હાથમાંથી સરી ગયા પછી ખેલ ખલાસ....

હવે તો પાર્થને કહો ચડાવે બાણ ! હવે તો યુદ્ધ એજ કલ્યાણ ! એ સિદ્ધાંતને આગળ કરી કર્મસત્તા સાથે મહાભારત યુદ્ધ ખેલવું જ રહ્યું. આપણી ઝૂંટવાઇ ગયેલી સ્વતંત્રતા ખાતર સંગ્રામ માંડવો જ રહ્યો. આપણને કર્મ સામેના યુદ્ધ વિના કશુ મળે તેમ નથી. આપણે આ યુદ્ધમાં અર્જુન છીએ. અનાદિકાળથી સ્વજનતરીકે રહેલા વિષયો અને મિત્રોનો દાવો કરનારા કષાયો ખરેખર તો કર્મના પક્ષે રહેલા છે. માટે તેઓ સામે પણ આ યુદ્ધ છે. ધનના પ્રેમની સામે દાન, ઇન્દ્રિયના વિષયોની સામે શીલ, શરીરના રાગની સામે તપ અને દુષ્ટવિચારોની સામે ભાવધર્મ નામના

યોદ્ધાઓને ગોઠવી દો. રાગ, દ્વેષ અને મોહની સામે સમ્યગ્દર્શન, જ્ઞાન અને ચારિત્રને ખડા કરો... ગભરાશો નહિ... આપણા પક્ષે પરમાત્મા સારથિરૂપે છે. ગુરુભગવંતો કુશળ સેનાપતિ ધૃષ્ટધૃમ્ન સમા છે.... અને ધર્મરૂપ સત્ય આપણા પક્ષે છે...

આરંભી દો ખુંખાર જંગ ! પ્રમાદ દૂર કરો.... વિષાદ ખંખેરો ! ગફલતમાં રહેશો નહિ ! નહિતર દુશ્મન ચડી બેસશે.... 'પહેલો ઘા રાણાનો' વચનને આગળ કરી બાજી હાથમાં લઇ... તુટી પડો કર્મસત્તાની સામે... ધર્મધ્વજ મેળવી લો... મોહરાજાને હૃદયસિંહાસનપરથી ભ્રષ્ટ કરો... પરમાત્માનું સામ્રાજ્ય સ્થાપો... આત્માના સૌંદર્યને પારખો... શાશ્વતસુખના સદા માટે ભોક્તા બનો અને કાયમ માટે મુક્ત બની ગગનપંથના ગરુડ બની જાવ...

ફિલ્ડ માર્શલ માણેકશાએ બ્રિટીશરાજવખતે સેનાના મેજર તરીકે અનુભવેલો એક પ્રસંગ વર્ણવ્યો છે. બધા એમને 'માણેકશા બહાદૂર' કહે.

એકવાર કેટલાક બળવાખોર ક્રાંતિકારીઓ સામે લડવાનો અવસર હતો. બળવાખોરોનું ઝનુન જોઇ 'પોતે લડાઇ હારી જવાના' એવા ડરથી ઢીલા પડી ગયેલા. ત્યારે જ એક સૈનિકે સલામ ભરી પૂછ્યું - શો હુકમ છે, માણેકશા બહાદૂર ?

આ 'બહાદૂર' શબ્દ પોતાના વિશેષણ તરીકે સાંભળ્યો, ને પોતે એકદમ સતર્ક થઇ ગયા. જો બધા મને બહાદૂર કહેતા હોય, તો મારે કાયરતાના વિચાર પણ કરવા જોઇએ નહીં. તરત જ ઢીલાશ અને ડર છોડી યુદ્ધનો મોર્ચો બરાબર સંભાળી લીધો. વિજય પામ્યા.

આપણે આપણું વિશેષણ યાદ રાખીએ, 'જૈન' - વિજેતાના અનુયાયી... જ્યારે પણ રાત્રિભોજન, હોટલ ભોજન, બટાટાવડાની ઓફર.... જેવા નાના પ્રસંગો કે વિશેષ તપ-ત્યાગ જેવા પરાક્રમ યોગ્ય પ્રસંગે મન ઢીલું પડે કે તરત આપણને આપણું વિશેષણ યાદ આવી જાય 'જૈન' અને પાછા મજબૂત થઇ જઇએ.

કર્મ સામેના યુદ્ધમાં પણ આ રીતે જાતના વિશેષણ યાદ રાખી પરાક્રમવીર બનીએ.

એક નજર નીચે પણ

પ્રોફેસર ચોથે માળે ચડ્યા. નામ વાંચ્યું. નીચે ઉતરવા માંડ્યા.

બીજાએ પૂછ્યું - કેમ ભૂલમાં ઉપર આવી ગયા ?

પ્રોફેસરે કહ્યું - ના ! ભૂલા ન પડવા ઉપર આવ્યો.

એમ કેમ ?

મેં ભૂલા ન પડવા નિશાની રાખી છે. ચોથે માળવાળા રમેશભાઈની નીચે મારું ઘર છે. તેથી ઉપર ચડતા એના ઘરપર એનું નામ વાંચી પછી નીચે ઉતરી મારા ઘરે બરાબર પહોંચું છું.

પ્રોફેસરે પોતાની નીચેવાળાને યાદ રાખવાને બદલે ઉપરવાળાને યાદ રાખ્યો. મૂરખ જ છે ને !

પ્રોફેસર મૂરખ છે, અને આપણે દુઃખી છીએ. કારણ એક જ છે. આપણે પણ આપણાથી ઊંચે રહેલાને જ નજરમાં રાખીએ છીએ. આપણાથી આગળ વધેલા, આપણાથી વધુ શ્રીમંત બનેલા, આપણાથી વધુ સુખી દેખાતા, અને આપણાથી વધુ સામગ્રી ધરાવતા લોકો તરફ આપણી આંખ તંકાયેલી છે.

આપણે ધન કે વસ્તુના અભાવના દુઃખની જેમ એના ભાવના (=હોવાના) દુઃખ પણ જાણીએ છીએ, અનુભવીએ છીએ, છતાં એમ માનીને ચાલીએ છીએ, કે નહીં હોવાના દુઃખ કરતાં હોવાનું દુઃખ વધારે સગવડભર્યું છે.

ખરીદવા હોય હીરા, ને ફોન જોડીએ કોલસાના વેપારીને ! તો થાય શું ? આપણને જોઇએ છે, સુખ-શાંતિ, સ્વસ્થતા, પ્રસન્નતાના હીરા કે જેના વેપારી છે, ધરમચંદ શેઠ. અને આપણે સતત મળતાં રહીએ છીએ. ફોન જોડતા રહીએ છીએ કરમચંદ શેઠને કે જે શેઠનો વેપાર છે દુઃખ, અજંપો અને ઉદ્વેગ વગેરે કોલસા વેંચવાનો! તેથી જ આપણી ઈચ્છાઓ-ઝંખનાઓ ઘટતી જવાને બદલે વધતી જાય છે.

સામાન્ય માણસ વેપારી થવા ને વેપારી ઉદ્યોગપતિ થવા ઝંખે છે. બેકારને

નોકરી જોઇએ છે અને નોકરને પ્રમોશન. ભિખારીથી માંડી ઇન્દ્ર સુધીના તમામ પોતાની પ્રાપ્તિમાં તૃપ્ત નથી. પોતાનાથી નીચે કોઇકને જોઇ ક્ષણભર મલકાય છે, પણ પોતાની આગળ કોઇકને જોઇ મલકાટનો ચળકાટ સપાટ થઇ જાય છે.

તેથી જ આજે વિજ્ઞાન આટલું આગળ વધ્યું હોવા છતાં શાંતિને બદલે અજંપો, સુખને બદલે સંતાપ અને આરામને બદલે અકળામણ વધ્યાં છે. કારણ કે આજે માત્ર કળિયુગનો ડંખ નથી, એક સાથે ધનયુગ, ફેશનયુગ ને સ્ટેટસયુગના ડંખ બધાને બળતરા પહોંચાડી રહ્યા છે. બધા આ ત્રણ પાછળ પાયમાલ થઇ રહ્યા છે.

સુભૂમ ચક્રવર્તી બધા ચક્રવર્તીઓથી આગળ નીકળી જવા, બીજા છ ખંડ જીતવા નીકળ્યો. પણ એની એ મહત્વાકાંક્ષાએ માત્ર એને જ નહીં, એની સાથે રહેલા ૯૬ કરોડ સૈનિક, ૮૪ લાખ હાથી, ૮૪ લાખ ઘોડા બધાને લવણસમુદ્રમાં ડૂબાડી દુર્ગતિ ભેગા કરી દીધા. મહત્વાકાંક્ષા તો અધુરી જ રહી ગઇ.

એન્ડ્રૂઝ કાર્નેગી જીવનભર મથ્યો, દુનિયાના સૌથી શ્રીમંત બનવા. પણ મરણવખતે હતાશ હતો, આટ આટલી મથામણ - મહેનત પછી પણ એનો નંબર પહેલો ન હતો - હૈદ્રાબાદના નવાબને પાછળ પાડવાના મનોરથ પૂરા ન થયા, તેના અફસોસમાં મરી ગયો.

હારી ગયેલા નંદરાજા પાટલીપુત્ર છોડી રથમાં બહાર જઇ રહ્યા હતા. પર્વત-ચંદ્રગુપ્ત વગેરે નગરમાં પ્રવેશ્યા. નંદરાજાની રૂપવતી કન્યા ચંદ્રગુપ્તપર મોહી પડી. સામેથી વરવા નંદને છોડી ચંદ્રગુપ્ત પાસે આવી. પર્વત રાજા આ જોઇ બળી મર્યો. મહેલમાં એક મોહક રાજકન્યાને જોઇ, ચંદ્રગુપ્તથી આગળ નીકળી જવા, એને વરવા ગયો ને આલિંગન દેવા ગયો.... એ વિષકન્યા હતી. પર્વતના અંગ-અંગે ઝેર ચઢ્યું. રિબાઇ-રિબાઇ ને મર્યો... **ધન, ફેશન અને સ્ટેટસના આકર્ષણો વિષકન્યા જેવા છે.** જેઓ એને વળગવા ગયા, તેઓને આના એટેક, બી.પી., ડીપ્રેશન, ટેન્શન જેવા જાતજાતના ડંખીલા ઝેર ચઢ્યા છે. તેઓ અશાંતિ, અજંપા-સંતાપથી રિબાઇને મોતતરફ ધસી રહ્યા છે.

બીજાને આંબી જવાની આપણી મહેચ્છા પૂરી થાય, એ પહેલા મૃત્યુ આપણને ન આંબી જાય, એજ આપણો ભાગ્યોદય. નાતરે ગયેલી નાર જેવા પુણ્યના સ્વામી આપણે આભમાં ઊડવા પ્રયત્નતો ઘણો કરીએ છીએ, પણ કૂકડા જેવી હાલત અનુભવીએ છીએ. કૂકડો ઊડી શકે કેટલું ? કેટલો કાળ? ઝડપના આ જમાનામાં ઓવરટેક કરવાની મજા માણવા કૂદી પડતા પહેલા એટલો ખ્યાલ રાખી

લેવો જોઇએ, કે, ઓવરટેકની મજા માણવાના લોભમાં જ અકસ્માતોની હારમાળા સર્જાય છે, અને ઓવરટેક કરનાર ઓવરટેકની મજા માણે, તે પહેલા જ તેને કોઇ ઓવરટેક કરી જાય છે. પેટની આગ ઠારવા દોડતા મજૂરની મહેનત તો સમજાય એવી છે. પણ જેઓને ત્યાં પટારા ક્યાં રાખવા તેવી મુંઝવણ છે, તેઓ દોડતા દેખાય છે, અને અનીતિ-પ્રપંચ ખેલે છે, ત્યારે બીજું કોઇ કારણ દેખાતું નથી, સિવાય કે આગળવાળાને આંબી જવાની મહેચ્છા.

એક જાદુગરે સ્કુલના બાળકો આગળ જાદુના હેરતભર્યા ખેલ કરવા માંડ્યા. બાળકોનું ટોળું જમા થયું. જાદુગરે પહેલા સળગતો કાકડો મોંમા નાંખ્યો. પછી કાચના ટૂકડા નાંખ્યા. પછી પત્થરો ગળી ગયો. પછી કાગળો જવા દીધા. બધા ફાટી આંખે જોયા જ કરે ! ખેલ પૂરો થયો.

જાદુગરે બાળકોને કહ્યું - બાળકો ! હવે તમે બધા મને ચાર-આઠ આના આપો, જેથી રોટલી-શાક ખાઇ શકું.

એક બાળકે ચીસ પાડી - ઓ બાપરે ! આટલું બધું ખાઇ ગયા પછી હજી રોટલી ખાવી છે ? આના પેટમાં હજી એટલી જગ્યા બચી છે !

આજ કાલના ભ્રષ્ટાચારી નેતાઓને જ અહીં જાદુગર માની લેવાના નથી. આપણે પણ એવા જ છીએને ! કેટલું ભેગું કર્યું ? છતાં હજી ક્યાં ધરાયા છીએ ? હજી મનને ઓછું જ લાગે છે ને !

બંને હાથમાં સામાન લઇ એક માણસ બસમાં ચઢ્યો. બસ ચાલુ થઇ. પેલો વારે ઘડિયે બેલેન્સ ગુમાવવા માંડ્યો. કંડક્ટરે કહ્યું - તમને બંને હાથમાં સામાન રાખી ઊભા રહેવામાં તકલીફ પડે છે. લાવો થોડો સામાન મને આપી દો. હું તમને મદદ કરું!

પેલાએ સામાન આપ્યો નહીં, ને કહ્યું - સામાન તો ભલે મારા બંને હાથમાં રહ્યો, તમે એમ કરો, મને બેલેન્સ રાખવામાં મદદ કરવી હોય, તો મારા વતી આ હેંડલ પકડી રાખો !

કંડક્ટર હેંડલ પકડી રાખે ને, પેલાને બેલેન્સ સાચવવું છે. એ બને ખરું ! આપણે ધન-સંપત્તિ-સાધનોથી જીવનને વ્યગ્ર-વ્યસ્ત રાખીએ છીએ, ત્યારે ગુરુ ભગવંતો આપણી દયા ખાતા કહે છે. ભાઈ આમાં તારું બેલેન્સ સચવાતું નથી. પરિવર્ત્તનશીલ આ સંસારની બસમાં બધું જ ભેગું કરી લેવાની-સાચવી લેવાની લ્હાયમાં તું શરીર, સમય, જીવનનું બેલેન્સ ગુમાવે છે. તો લાવ ! તને મદદ કરીએ... આ દાન, શીલ, તપમાં જોડાઇ જા. ત્યારે આપણે ઘસાવા-છોડવા તૈયાર નથી. તેથી કહી દઇએ છીએ-

અમે ધન-મિલ્કત વગેરે સંભાળશું. તમે અમારાવતી ધર્મનું હેંડલ પકડી રાખો.

કારણ આપણે આપત્તિ, દુઃખના વરસાદ સામે આ બધાને જ છત્રી માનીએ છીએ. પણ આપણને ખબર નથી, આપત્તિ વગેરેના તોફાનમાં આ ધન-સાધન-પરિવાર વગેરે છત્રીઓ તો કાગડો થઇને ઉલ્ટી ફજેતી કરશે !

આપણને છત્રીની નહીં, દેવ-ગુરુ-ધર્મના છત્રની જરૂરત છે. ભગવાનને મસ્તકે દેવકૃત ત્રણ છત્ર હોય, આપણા માથે પણ ત્રણ છત્ર - દેવ-ગુરુ-ધર્મ ! માટે હવે સમજી જવાની જરૂર છે. આમ દોડવાનો અંત આવશે નહિ. જે છે, તેને પામવાનો અને માણવાનો સમય જ નહિ રહે. મૃત્યુનો છેલ્લો શ્વાસ પણ સંતોષનો નહિ હોય. આજ પ્રમાણે દોડ્યા કરશું - છે તેની તરફ નજર નાખ્યા વિના જ જે નથી તેને ખાતર અમૂલ્ય સમય વેડફી નાખશું, તો સમાધિ, શાંતિ, પ્રસન્નતા, વગેરે શબ્દો માત્ર શબ્દકોશમાં જ રહી જશે. **ઘરને ઝવેરાતથી ભરવા જતાં આપણે હૈયાતિજોરીને અજંપા-ક્લેશ-સંતાપના કથીરથી ભરી દીધી છે !**

હવે તો એક જ ઉપાય છે, કાંતો જાતને નીરખો, કાં તો નીચે રહેલા તરફ મીટ માંડો. **જાતને જોનારો અંદરનો આનંદ પામે છે, પોતાનાથી નીચે રહેલા તરફ જોનારો, પોતાની પ્રાપ્ત સ્થિતિનો સંતોષ અનુભવી શકે છે.**

કાગડાને ડોળો એક જ હોય એમ મનાય છે. કાગડો જે બાજૂ જોવું હોય, તે બાજૂ ડોળો ફેરવે. લોભીની હાલત પણ આવી છે. જે તરફ લાભ દેખાય, તે તરફ દોડે. મમ્મણને નદીના પૂરમાં વહેતા લાકડામાં મફત મળી જવાનો લાભ દેખાયો, તો એમાં ય ઝંપલાવ્યું !

ધંધામાં આગળ વધનારમાટે સંતોષ વિઘ્નરૂપ છે. એમ સફળ વેપારીઓ કહે છે. સુખતરફ આગળ વધનારમાટે અસંતોષ વિઘ્નરૂપ છે. એમ અનુભવી કહે છે. બેમાંથી કઇ લાઇન પકડવી તેનો નિર્ણય સ્વયં કરવાનો છે.

જિંદગીભર ઉદ્યોગધંધા માટે દોડનારા જે.આર.ડી. ટાટા બિચારા ઉંઘમાં જ - પોતે પણ ન જાણે એ રીતે મરી ગયા !

આદિત્ય બિરલા કરોડો રૂપિયાની નવી ફેક્ટરી નાંખવામાટે સહી-સિક્કા કરવા મલેશિયા ગયા. ત્યાં ઝેરી મચ્છરના પ્રભાવે ભારત આવતા પહેલા જ મરી ગયા !

ખરેખર, એક કામ કરવા જેવું છે, ઉદ્યોગ-ધંધામાં સફળ ગણાયેલા-ટોચે પહોંચેલા માંધાતાઓ જીવનભર એ માટે દોડ્યા પછી કેવી રીતે મર્યા ? એનું ખાસ સંશોધન કરી પ્રકાશિત કરવા જેવું છે.

મેસ્મેરાઇઝ્ડ થયેલો માણસ મેસ્મેરિઝમ કરવાવાળાને એ માંગે તે ઘડિયાલ વગેરે બધું આપી દે છે. સામે કશું મેળવતો નથી. પછી જ્યારે એની અસર ઉતરે, ત્યારે પોતાને બેવકુફ બનેલો જાણી અફસોસ કરે છે. મૃત્યુનું મેસ્મેરિઝમ અદ્ભુત છે, તે તમારું બધું જ એક ધડાકે છિનવી લે છે ! સામે કશું આપ્યા વિના. તેથી જ માનવું પડે કે **મૃત્યુ જેનું સૌથી વધારે છિનવી લે, તે સૌથી વધુ બેવકૂફ બન્યો.** આપણી જિંદગીભરની મહેનત છે સૌથી મોટા બેવકૂફ બનવાની ! મરતી વખતે સૌથી વધુ છોડી જવાની !

વિમળમંત્રીને બે વાતનું દુઃખ હતું (૧) આબૂ-દેલવાડામાં ભવ્ય દેરાસર બંધાવવા માટે યોગ્ય આરસ નહોતો મળતો. (૨) પોતાનો વંશ ચલાવે, એવો વારસ નહોતો. એમણે અંબિકા દેવીની આરાધના કરી. પ્રસન્ન થયેલી દેવી પાસે બન્નેની માંગણી કરી. દેવીએ કહ્યું - બેમાંથી એક મળશે, કાં આરસ, કાં વારસ! પસંદ કરી લો. વિમળમંત્રીની ઇચ્છા તો આરસ માંગી લેવાની થઇ ગઇ. પણ ધર્મપત્નીની પણ સંમતિ લેવા વાત ચોવીસ કલાક માટે મુલતવી રાખી.

વિમળમંત્રી પોતાની ધર્મપત્ની સાથે આ વાત કરતાં કરતાં ફરતાં ફરતાં એક તળાવપાસે આવ્યા. કોઇ પૂર્વપુરુષે જતાં-આવતાં મુસાફરોને તરસ છિપાવવા પાણી મળી રહે, તે માટે ઉદારભાવથી આ તળાવ બનાવ્યું હતું. પણ ત્યાં તપાસ કરતાં ખબર પડી કે એ મહાનુભાવનો પૌત્ર પાણી પીનાર પાસે પહેલા એક આનો ઉઘરાવતો હતો. વિમળમંત્રીએ પૂછ્યું - તમારા દાદાએ તો સખાવતના ભાવથી (ધંધામાટે નહીં) આ તળાવ બનાવડાવ્યું હતું. તો તમે પૈસા કેમ લો છો ? એ યુવકે કહ્યું - જૂગાર વગેરે કારણે હું બધા પૈસા ગુમાવી બેઠો છું. તેથી પૈસા ઉઘરાવું છું. દાદાએ કયા ભાવથી તળાવ બંધાવ્યું, તે સાથે મને નિસ્બત નથી, આ તળાવ મારા દાદાનું છે, માટે પૈસા ઉઘરાવવાનો મને હક છે.

વિમળમંત્રી અને એની પત્ની સ્તબ્ધ બની ગયા. બન્નેએ વિચાર્યું - કાલે ઊઠી આપણો પણ વારસ કે તેનો વારસ (પૌત્ર) કે તેનો વારસ (પ્રપૌત્ર) જો નાલાયક પાક્યો, તો આપણે બંધાવેલા દેરાસરપર આ રીતે જ અધિકાર જમાવી, પછી બધા પાસે કર માંગશે, કે દર્શન કરવા હોય, તો આટલા પૈસા આપો ! આના કરતાં તો આપણું નખ્ખોદ જાય, એ સારું !

બન્ને સંમત થઇ ગયા. દેવી પાસે વારસ છોડી આરસ માંગી લીધો.

જો પૌત્રને દાદાએ ખાધેલા ઘીની સુવાસ ન આવે, તો દાદાએ કરેલા સુકૃતની

સુવાસ પણ ક્યાંથી આવવાની ? મોટે ભાગે આ પરિસ્થિતિ કલિકાળના પ્રભાવે જોવા મળે છે.

ઉત્તમભાવે દેરાસર, ઉપાશ્રય જેવા સુંદર કાર્યો નિર્માણ કરી સંઘને સમર્પિત કરી દે, પછી તેના પુત્ર કે પૌત્ર હક જમાવી સંઘને જીર્ણોદ્ધાર વગેરે કાર્યોમાં પરેશાન કરે. મારા બાપાએ કે દાદાએ આ બંધાવ્યું છે, માટે મારો પણ હક છે, સંઘ અમને પૂછીને, અમારી રજા લીધા પછી જ, ફેરફાર કરી શકે. આ એક પ્રકારની માનસિક ઉઘરાણી નથી ?

આ તો એક વાત થઇ. તમે જિંદગીભર ભેગું કરવા ઘણું દોડ્યા. પણ અંતે લઇ જવાના કશું નહીં. પછી એ જેઓના હાથમાં આવશે, તેઓમાં એ સંપત્તિના કારણે જ વેર-ઝેર-કલહના બીજ નહીં વવાય ? કોર્ટોમાં સૌથી વધુ કેસ મિલકતના ઝગડાના છે, એ ભૂલશો નહીં. સમજી લેજો કે તમારા દિકરા તમારા સંસ્કારની વહેંચણી નહીં કરે, કે બાપા તો સામાયિક ને પૂજા બધું કરતાં હતાં, આપણે કશું કરતાં નથી, તો ચાલો એમ કરીએ, તમે પૂજા ચાલુ કરો, હું સામાયિક !

પણ તેઓ સંપત્તિની વહેંચણી કરશે, જેનાથી અસંતોષ, સંઘર્ષ સંક્લેશ-વૈર-ઝેર અને અંતે સત્યનાશનું વિષચક્ર ઊભુ થઇ શકે !

અથવા વગર પરિશ્રમની મળી ગયેલી એ સંપત્તિ પચાવી નહીં શકનારા તેઓ દારુ-જુગાર-વ્યભિચાર કે ખોટા મોટા આરંભ-સમારંભ કરી સંપત્તિ, સંસ્કાર, સમાધિ બધું જ ખોઇ બેસે, એ પણ સંભવે છે.

બહું દોડતા અને બહુ ભેગું કરતાં પહેલા આ પણ વિચારી લો.

ઘણું જીતી, ઘણું ભેગું કરી મરી રહેલા સિકંદરે લાખો-કરોડો. અરે જિંદગીભર મહેનત કરી જીતેલા રાજ્યો આપવાની તૈયારી બતાવી, છતાં હકીમો એક શ્વાસ જેટલું જીવન વધારી આપવાની અક્ષમતા બતાવી હાથ ખંખેરી ઊભા થઇ ગયા. ત્યારે સિકંદરને વેદનાથી કહેવું પડ્યું - હું ખરેખર ઠગાયો, જે ભેગું કરવા મેં મારી જિંદગીના બધા શ્વાસો ખર્ચી નાંખ્યા, તે બધું આજે મારો એક શ્વાસ જેટલું આયુષ્ય લંબાવવા માટે ઉપયોગી થતું નથી. હાય, તો પછી મેં ફોગટ એ બધા માટે જિંદગી બગાડી !

આ વાત તમારી પણ ન બને ! તે જો જો.

એક પરિવાર સ્ટેશનથી ઘોડાગાડીમાં બેઠો. ઘોડાગાડીવાળો નીચે ઉતર્યો... ઘોડાની સામે નાચવા માંડ્યું... ઘોડો ધીમે-ધીમે આગળ ચાલવા માંડ્યો. પેલો થોડીવારે થાકીને પાછો ઘોડાગાડીમાં બેઠો. ઘોડો ચાલતો અટકી ગયો. થોડીવાર

થઇ, ફરીથી ઘોડાગાડીવાળો નીચે ઉતર્યો, ઘોડાની સામે નાચતા નાચતા ચાલવા લાગ્યો... ઘોડો ધીમે ધીમે આગળ ખસવા માંડ્યો.

આમ વારંવાર થવાથી પરિવારના કંટાળેલા સભ્યોએ ઘોડાગાડીવાળાને પૂછ્યું- તમે આમ કેમ ઘોડાને ચલાવો છો ? સોટી મારતા નથી, લગામ ખેંચતા નથી ને ઘોડા સામે નાચો છો ? ઘોડાગાડીવાળાએ કહ્યું - આ ઘોડો મૂળભૂતરીતે વરઘોડાનો ઘોડો છે, આગળ કોઇને નાચતા જૂએ, તો જ ચાલે છે.

ઘોડાના આમ ચાર પ્રકાર છે, (૧) સરકસના ઘોડા, ગોળ-ગોળ ફર્યા કરે, પણ આગળ ન વધે... ચાલે ઘણું પણ અંતે ત્યાં ના ત્યાં જ.

મોટા-મોટા ઉદ્યોગપતિઓ વગેરે જિંદગીભર આખી દુનિયામાં ગોળ ગોળ ફરે છે, પણ અંતે જનમતા જે લઇને આવેલા, તે જ લઇને મરતાં રવાના થાય છે ને?

બિચારા ઘણા લોકો વર્ષોની દોડધામ-કાળાધોળા ઉધાચત્તા કરી ઘણું કમાય છે, પછી એકાદ ધંધામાં ફટકાથી, મંદીથી, કે ક્યાંક ફસાઇ જવાથી એકસાથે બધું ગુમાવી બેસે છે, પાછા હતા ત્યાં ને ત્યાં ! વધારામાં, ચિંતા, ટેન્શન, ગુમાવ્યાનું દુઃખ ને અકાળે ધોળા થઇ ગયેલા વાળ મેળવે છે. આ બધા સરકસના ઘોડા જેવા ખેલ છે.

(૨) કેટલાક વરઘોડાના ઘોડાં જેવા છે. આગળ કોઇ નાચે, તો ઘોડો ધીમે ધીમે આગળ વધે, નાચતા બંધ થાય, ઘોડાનું ચાલવાનું અટકી જાય.

એમ ગુરુ ભગવંતો પ્રેરણા-ઉપદેશ જ્યાં સુધી આપતા રહે, ત્યાં સુધી ધીમે ધીમે ધર્મમાં આગળ વધે. ચોમાસુ પૂરું થાય, પ્રેરણા-ઉપદેશ બંધ થાય, એટલે પાછા અટકી પડે. પછી પાછા બીજા ગુરુભગવંતના ઉપદેશ વગેરે મળે, એટલે પાછા થોડા આગળ વધે... આ વરઘોડાના ઘોડા જેવા..

(૩) કેટલાક સવારીના ઘોડા જેવા. ચાબૂક પડે કે લગામ ખેંચાય, એટલે ચાલવા માંડે... મુકામ સુધી પહોંચી જાય... કેટલા આરાધકો એક-બે વખત પ્રેરણા કે અનુભવ મળે ને આરાધનાના માર્ગે સતત આગળ વધતા જાય, એ આ ઘોડા જેવા.

(૪) કેટલાક ઘોડા રેસના ઘોડા જેવા. જોકી એડી મારે તે તીરની જેમ દોડી ક્ષણવારમાં લક્ષ્ય પર પહોંચી જાય. એમ એકાદ તીવ્ર ઝાટકો અનુભવી તીવ્ર સાધનામાં લાગી જઇ તે જ કે બે ત્રણ ભવમાં જ મોક્ષના લક્ષ્યને પામી જાય, તે આ ઘોડા જેવા.

આ ભવ પામી આપણે સરકસના ઘોડા તો નથી જ બનવું... રેસના બનવું છે, કમ સે કમ સવારીના ઘોડા જેવા તો બની જ જઇએ.

પળ-પળનો હિસાબ

વાણિયાને બ્રહ્માનો ભેટો થઇ ગયો. વાણિયાએ બ્રહ્માને પૂછ્યું - અમારા હજારો વર્ષો બરાબર તમારો એક સમય. એવું જે સંભળાય છે, તે સાચું છે ?

બ્રહ્માએ કહ્યું - હા. તેમજ છે.

અને અમારા હજારો રૂા. બરાબર તમારો એક પૈસો એ વાત પણ સાચી છે ને?

હા. એ પણ બરાબર - બ્રહ્માએ ટાપશી પૂરી.

વાણિયાએ દાવ ફેંકતા કહ્યું - અને દેવના દર્શન નિષ્ફળ ન જાય તે પણ ખરુ ને ?

બ્રહ્માએ તે વાત પણ કબૂલી.

લાગ જોઇને વાણિયાએ સોગઠી મારી - તો પછી તમારા દર્શનથી મને પણ કંઇક મળશે ને ?

જાણે ફસાઇ ગયા હોય, તેવા દેખાવ સાથે બ્રહ્માએ પૂછ્યું - બોલ તારે શું જોઇએ છે ?

બ્રહ્માને શીશામાં ઉતાર્યાના ગર્વ સાથે વાણિયાએ કહ્યું - બસ ! ખાસ બીજું કંઇ નહિ... માત્ર તમારો એક પૈસો આપો.

બ્રહ્માએ તેટલા ઠંડા કલેજે જવાબ આપ્યો - ભઇલા ! તું બસ અમારા એક સમય જેટલી રાહ જો !

બચારો વાણિયો ? શું બોલે ? ખેર ! આ તો કાલ્પનિક પ્રસંગ છે, બ્રહ્માએ અહીં મનુષ્યના હજારો વર્ષ બરાબર દેવલોકનો એક સમય બતાવ્યો. અને એમ કરી દેવલોકના સમયની મહત્તા બતાવી. પણ વાસ્તવમાં મનુષ્યભવના સમયની મહત્તા ઘણી મોટી છે.

એક વાત સમજી લેજો ! કે આ ભવ ટર્મીનસ નથી, પણ જંક્શન છે. અહીં આપણને કાયમનો વિરામ નથી. પરંતુ ક્યાંકથી અહીં આવ્યા છીએ. થોડો કાળ અહીં રહી, અનંતની વાટે... અગમ્ય દિશામાં... આપણી પ્રવૃત્તિરૂપ સેન્ટીંગના આધારે યથાયોગ્ય ભવના પાટા પર આપણી ટ્રેન રવાના થઇ જશે.

આ ભવ ખેતર છે. શુભાશુભ પ્રવૃત્તિદ્વારા જે સંસ્કારના થોડાક પણ બીજ વાવ્યા હશે, તેના ભવોભવ ચાલે તેવા વિપુલ ધાન્યની પ્રાપ્તિ આ ખેતરમાંથી પ્રાપ્ત થઇ શકે છે.

આ ભવ વ્યાપારભૂમિ છે. આ જીવનના સમયોરૂપી અલ્પમૂડીના રોકાણથી ઘણા ભવો સુધી ચાલે તેટલું કમાઇ લેવાનું છે.

અલબત્ત, ટ્રેનને કયા પાટા પર સેન્ટીંગ કરવી ?, કયું ધાન્ય વાવવું ? કે શાનો ધંધો કરવો તે આપણી મન્સુફીની વાત છે. પરંતુ એટલું સમજી લેજો, કે જે ધંધો કરશું, જેમાં રોકાણ કરશું, કે જેની વાવણી કરશું, તેની કમાણી અસંખ્યગુણ થવાની છે.

એક ઉદ્યોગપતિને એનો બેકાર સગો મળવા ગયો. ઉદ્યોગપતિએ કહ્યું - તમારે જે વાત કરવી હોય, તે પાંચ મિનીટમાં પતાવજો ! મારે મન એક એક મિનીટ ૧૦૦૦ રૂા. ની છે. પેલા બેકારે કહ્યું - તો પછી એમ કરો, મને ૫૦૦૦ રૂા. આપી દો, હું તમારી પાંચ મિનીટ બચાવું છું... વાતો કરીને પાંચ મિનીટ નહીં બગાડું.

પછી ઉદ્યોગપતિએ શું કર્યું ? તે વાત જતી કરી, આપણે વિચારીએ, આપણી પ્રત્યેક સેકંડની આપણે શું કિંમત આંકી છે ? માની લો, કે તમારી પાસે પાંચ લાખ રૂા. છે, જે તમારે કોઇ કંપનીના શેરમાં રોકવાના છે. તમે શેરબજારમાં જઇ કઇ કંપનીમાં રોકશો ? અલબત્ત, અહીં શાકમાર્કેટનો અનુભવ કામ નહીં આવે. શાકમાર્કેટમાં તો સસ્તામાં શાક લઇ આવનાર હોંશિયાર ગણાય છે. માર્કેટમાં બધા શાકવાળાના ચાલતા ભાવથી ઓછા ભાવમાં શાક લઇ આવવું એ કુશળતા ગણાય.

પણ શેરબજારમાં આ ન ચાલે. દરેક કંપનીના શેરની એક ફેસવેલ્યુ હોય છે. શેર મૂળ જે કિંમતનો હોય, તે ફેસવેલ્યુ ગણાય. એથી ઓછા ભાવે બજારમાં વેંચાતો શેર ડીસ્કાઉન્ટેડ વેલ્યુવાળો ગણાય. અને ઊંચા ભાવે વેંચાતો શેર પ્રીમિયમ વેલ્યુવાળો ગણાય.

જે કંપનનીના શેરોમાં (૧) લિક્વીડીટી-પ્રવાહિતા=જલ્દીથી વટાવી શકાય તેવી સગવડ. (૨) સલામતી=રોકાણ ડૂબી ન જાય, તેની ખાતરી (૩) ઊંચુ ડીવિડન્ડ=રોકાણપર મળતું વળતર અને (૪) બોનસની સંભાવના=શેરો ડબલ વગેરે થવાની સંભાવના. આ ચાર મજબૂત હોય, તે કંપનીના શેર પ્રિમીયમ વેલ્યુવાળા ગણાય.

અલબત્ત, શેરબજાર સટ્ટાબજાર-જૂગારનો અડ્ડો છે. એમાં મોટે ભાગે ગુમાવવાનું જ છે, અને મફતના બી.પી. ના દર્દી બનવાનું છે. તથા તે-તે કંપનીના

તમામ આરંભ-સમારંભના ભાગીદાર બનવાનું ભયંકર પાપ માથે ચોંટે છે, તે તો વધારામાં. શેરમાં રોકાણ, ધંધો કે દલાલી કરનારાઓ સતત આર્તધ્યાન-રૌદ્રધ્યાનમાં ડૂબેલા દેખાય છે. એનાથી પરભવમાં દુર્ગતિ અને આ ભવમાં બી.પી., ડીપ્રેશન, એટેક સહજ છે. વર્ત્તમાનના તમામ ધંધા-રોજગારમાં સૌથી વધુ દુર્ધ્યાનનું કારણ શેરબજાર દેખાય છે. તેથી શેરબજારની વાત પ્રશંસનીય નથી, આ તો એક વિચારણા કરવા માટે માધ્યમ છે.

બીજા બધા ભવો જીવની સાધના માટે ડીસ્કાઉન્ટ વેલ્યુ જેવા છે. એ ભવના સમયની કોઈ વિશેષ કિંમત પ્રાયઃ ઉપજતી નથી. એ બધા ભવો મુખ્યતયા સમય વેડફવામાટે જ છે. જ્યારે માનવભવનો સમય પ્રિમીયમ વેલ્યુવાળા શેર જેવો છે. આ ભવમાં તમે આરાધના કરી તત્કાલ પ્રસન્નતા-સ્વસ્થતા મેળવી શકો. આ છે ઊંચી લિક્વીડીટી. તમારી દરેક સાધનાનું વળતર ઓછામાં ઓછું દસ ગણું મળી શકે. જેટલા ભાવ પૂરો એટલા પાછળ મીંડા વધે, આ છે આકર્ષક વળતર. ધર્મસાધના કરનારની રક્ષાની પૂરેપૂરી જવાબદારી ધર્મ ઉઠાવે છે. ઝેડપ્લસ સુરક્ષા કરતાં પણ શ્રેષ્ઠ સુરક્ષા ધર્મ પૂરી પાડે છે. અને કરેલી ધર્મસાધના નિષ્ફળ નહીં જાય, ડૂબી નહીં જાય, તમને ડૂબવા દે નહીં, આ છે સલામતી. અને ઉત્તરોત્તરના ભવોમાં ધર્મસાધના માટે વધુ બળવત્તર સામગ્રીની પ્રાપ્તિરૂપ બોનસ પણ ખરું ! માનવભવ એટલે બ્લુ ચીપ શેર ! પણ સવાલ એ છે કે એને આપણે વાપરી નાંખીએ છીએ શામાં ?

પૈસાની પાછળ બધા ભૂત-પ્રેત બની દોડી રહ્યા છે. એમને મન પૈસો એવો પરમેશ્વર છે, કે જે ચક્રમને ચતુર, બુદ્ધુને બુદ્ધિશાળી બનાવી દે.

એ બધા બધી ભાષા ભૂલી જવા માંગે છે, કેમકે એક જ ભાષા સમજે છે અને તે છે, પૈસાની ભાષા.

એમની માન્યતા છે કે શ્રેષ્ઠ સાબુ પૈસો જ છે કે જે આબરુપર લાગેલા ભયંકર ડાઘને પણ મિટાવી શકે છે. પૈસો હાથનો મેલ લાગે છે પણ સાફ કરવા જેવો નહીં! પૈસો શ્રાપ લાગે છે પણ સ્વીકારી લેવા જેવો.

તેથી દિવસના મોટાભાગના કલાકો પૈસા પાછળ ખર્ચાઇ જાય છે. છતાં પામે છે શું ? જરા વિચારીએ.

જે માણસ મહીનાના ૩૦ હજાર રૂા. કમાતો હોય, તે દિવસના ૧૦૦૦ રૂા. કમાય છે, તેમ કહેવાય. દિવસની મિનીટ છે ૧૪૪૦ (૨૪x૬૦) એટલે મિનીટના થયા લગભગ ૭૫ પૈસા. એક સેકંડના થયા લગભગ સવા પૈસો ! સેકંડના સવા

પૈસા ખાતર ભિખારીની જેમ ભટકતાં જીવો ! (હા, આ વાત મહીનાના ૩૦ હજાર રૂા. કમાનાર માટે છે કે જે રકમ બધા ખર્ચા કાઢ્યા પછી બચતી હોય. એથી ઓછુ કમાનારે, તો પોતાની પ્રત્યેક સેકંડની કિંમત જાતે જ આંકી લેવી.) આપણે આપણી સેકંડની આ કિંમત આંકી.

હવે જૂઓ જૈન પૂર્વાચાર્યોએ તમારી સેકંડની આંકેલી કિંમત.

આપણે હાલના સંજોગમાં ઉત્કૃષ્ટ આરાધના કરીએ તો ચોથા દેવલોક સુધી જઇ શકીએ તેમ છે. આ દેવલોકનું ઉત્કૃષ્ટ આયુષ્ય સાધિક સાત સાગરોપમ છે. માની લો કે સાત સાગરોપમ. (=૭૦ કોટાકોટી પલ્યોપમ ૭૦,૦૦૦,૦૦૦૦૦૦૦૦૦૦૦ પલ્યોપમ) આપણું આયુષ્ય પ્રાયઃ ૧૦૦ વર્ષનું લઇએ. ૧૦૦ વર્ષ = ૧૨૦૦ મહિના= ૩૬૦૦૦ દિવસ (લગભગ) =૮, ૬૪૦૦૦ કલાક=૫૧૮૪૦૦૦૦ (૫ ક્રોડ ૧૮ લાખ ૪૦ હજાર) મિનીટ = ૩૧૧૦૪૦૦૦૦૦ (૩ અબજ ૧૧ કરોડ ૪ લાખ) સેકંડ. આટલી સેકંડના આપણા આયુષ્યમાં પ્રત્યેક પળ જાગૃતિ રાખી, અપ્રમાદને સેવી, ધર્મને આરાધી આપણે ચોથા દેવલોકમાં સાધિક સાત સાગરોપમ સુધી રહી શકીએ. તેથી જો આપણે મનુષ્ય ભવની સેકંડ ૩ અબજ ૫૦ કરોડ લઇએ, તો આપણી પ્રત્યેક સેકંડ બરાબર દેવભવના ૨૦ લાખ પલ્યોપમ આવે. (૭૦,૦૦૦,૦૦૦૦૦૦૦૦૦૦૦/૩૫૦૦૦૦૦૦૦૦)

વિચારો ! આપણી પ્રત્યેક પળની મહત્તા.... હવે જો આ પળો વિષય અને કષાયના વંટોળમાં અટવાઇ ગઇ, તો હાલના તબક્કે વધુમાં વધુ બીજી નરકમાં ત્રણ સાગરોપમના કાળ માટેનું આયુષ્ય મળે, એટલે કે વિષય કષાયમાં ગયેલી દરેક સેકંડ આપણા માટે ૧૦ લાખ પલ્યોપમનું નરકનું દુઃખ ઊભુ કરી શકે છે. (અહીં મનુષ્યભવની ત્રણ અબજ સેકંડ સમજવી) વિચારો ! વિષય, કષાયો આપણને કેટલા મોંઘા પડે એમ છે ? કેટલા મોટા લાભથી વંચિત્ત થવાનું ! અને કેટલી મોટી નુકસાનીના ખાડામાં ઉતરી પડવાનું. અહીં પરંપરાના ભવોની તો ગણત્રી જ કરી નથી. સુકૃતના સેવનથી સર્જાતી સુગતિની પરંપરાની તો વાત જ જવા દો. આ તો માત્ર અનંતર ફળની વાત કરી.

અને જો આપણી પ્રત્યેક પળો નહિ ધર્મમાં... અને નહિ વિષયોમાં, પણ માત્ર આળસ... પ્રમાદમાં ગઇ... તો પણ આશ્વાસન લેવા જેવું નથી... કેમકે આવો પ્રમાદ તો એકેન્દ્રિયમાં જ અને તે પણ નિગોદમાં જ બરાબર શોભે... તેથી અનંતકાળ માટે એવો પ્રમાદ સેવવા નિગોદ ભેગા જ થવું પડે. વિષય/કષાયો નરકના માર્ગે નિગોદમાં લાવે છે.. અને ફોગટિયો પ્રમાદ સીધા માર્ગે... વાયા જવું કે સીધા

જવું... એ નિર્ણય તમારે કરવાનો છે.

આ થઇ માનવભવની સામાન્યથી વિચારણા. આમાં આરાધનાની એક સેકંડ = ૩૦ લાખ પલ્યોપમનો ફાયદો. ૨૦ લાખ પલ્યોપમ સુધી દેવલોકના સુખ ભોગવાય એટલા પુણ્યનું ઉપાર્જન અને ૧૦ લાખ પલ્યોપમ સુધી નરકમાં ભોગવવાની વેદનામાં કારણભૂત પાપથી બચાવ.

આની સામે એક સેકંડ પાપમાં = ૩૦ લાખ પલ્યોપમનું નુકસાન. ૧૦ લાખ પલ્યોપમ સુધી નરકની વેદના ભોગવવી પડે, એવા પાપનું ઉપાર્જન અને ૨૦ લાખ પલ્યોપમ સુધી દેવલોકમાં માણી શકાતા સુખ માટેના પુણ્યથી વંચિત રહેવાનું.

આ વિચારણામાં માત્ર ગણિતની દષ્ટિએ માનવભવની પ્રત્યેક સેકંડની ફેસવેલ્યુ શોધી. જેઓ (પ્રાયઃ મોટે ભાગે) ૧૦૦ વર્ષથી ઓછું જીવે છે, તેઓની તો પ્રત્યેક સેકંડ આ અપેક્ષાએ વધુ મૂલ્યવાન થતી જાય છે, તે સહજ સમજી શકાય તેવી વાત છે. હવે કહો, રૂા. પૈસાના વરસોના હિસાબ રાખનારા તમે, તમારી પળોના કેટલા હિસાબ રાખો છો ? ગઇકાલના ચોવીસ કલાકના પળેપળનો હિસાબ મળે ખરો ?

૩૧ માર્ચે યર એંડીંગ ગણી રૂા. પૈસાનો તાળો મેળવો છો, તો ખબર છે, એ પછીનો દિવસ કયો ? એપ્રિલ ફૂલનો ! કેમ ? તો એ જ કારણસર કે ઉલ્લુ બની ગયા, હિસાબ રાખવાનો હતો પળ પળનો, ને રાખી બેઠા પૈસા-પૈસાનો ! તમે તો કેવું કર્યું?

બોરનો બહારનો ખાવાનો માવો ફેંકી અંદરના ઠળિયા સાચવ્યા ને પછી બદામના બહારના ફોતરાં રાખી અંદરની બદામ ફેંકી દીધી !

એક સરદારજી ત્રીજે માળેથી નીચે ઉતર્યા. રસ્તાપર આવતાં ખ્યાલ આવ્યો, અરે ઘડિયાલ અને રુમાલ ભૂલાઈ ગયા. પત્નીના નામની જોર જોરથી બૂમ પાડી. પત્ની બારી પાસે આવી. સરદારજીએ કહ્યું - મારી ઘડિયાલ ને રૂમાલ ફેંક. એની પત્નીએ પહેલા ઘડિયાલ ફેંકી. સરદારજી પકડી શક્યા નહીં. ઘડિયાલ જમીનપર પડીને તૂટી ગઇ. કાચ-ડાયલ-કાંટા-મશીન બધું જ અલગ પડી ગયું. પત્ની રૂમાલ ફેંકવા ગઇ ને સરદારજીએ કહ્યું - રહેવા દે ! ઘડિયાલની જેમ રૂમાલ પણ તૂટી જશે. હું ઉપર લેવા આવું છું.

સરદારજીએ કિંમતી અને તૂટી શકતી ઘડિયાલને તૂટવા દીધી, ને સસ્તા ને પડવાથી નહીં તૂટવાવાળા રૂમાલને લેવા ત્રણ દાદર ચઢવાનો પુરુષાર્થ કર્યો. આપણે સાર્થકને-કિંમતી પળોને વહેવા દઇએ છીએ-અને વ્યર્થ પૈસા વગેરેને બચાવવા ફાંફા મારીએ છીએ !

જન્મદિવસે જેટલા વરસ થયા હોય, એટલી મિણબત્તી પ્રકાશિત કરી ઓળવવાની ચાલતી ફેશન પણ કબૂલ કરે છે, કે જ્ઞાન ને સાધનાથી પ્રકાશિત કરવાના વર્ષો, વ્યર્થમાં, ફિજૂલમાં-નકામાના અંધારામાં વેડફી ને ખરેખર ઓળવી નાંખ્યા.

હવે તો ખીસામાંથી પડી ગયેલા પૈસા ખાતર અફસોસ કરવાનું છોડી, હાથમાંથી વહી ગયેલા વર્ષો, મહીનાઓ, દિવસો, કલાકો, મિનીટો કે સેકંડો માટે અફસોસ કરવાનું ચાલુ કરો.

મૂળ વાત આ છે ! ગણિતના હિસાબે તમારી પ્રત્યેક સેકંડની વેલ્યુ વિચારી. આ ફેસવેલ્યુ છે.

એ જ રીતે એક સામાયિક કરો, તો ૯૨૫૯૨૫૯૨૫ પલ્યોપમ સુધી દેવલોકના સુખ ભોગવવા જેટલું પુણ્ય ઉપાર્જન થાય.

ઇન્દ્રહંસગણિકૃત ઉપદેશકલ્પવલ્લિમાં સામાયિકનું ફળ બતાવ્યું છે.

સામાઇઅમ્મિ ઉ કએ, સમભાવો સાવયાણ ઘડિયદુગં।

આઉં સુરેસુ બંધઇ ઇત્તિયમિત્તાઇ પલિયાઇ

બાણવઇ કોડિઓ, લક્ખા ગુણસટ્ઠી સહસ્સ પણવીઅં

નવસય પણવીસાએ, સતિહા અડભાગ પલિયસ્સ।

અર્થ :- સામાયિક કરવાથી શ્રાવકને બે ઘડી (૪૮ મિનીટ) સુધી સમભાવ પ્રાપ્ત થાય છે. તથા તે ૯૨ કરોડ, ૫૪ લાખ, ૨૫ હજાર, નવસો પચીસ અને ૩ / ૮ આટલા પલ્યોપમ જેટલું દેવલોકનું આયુષ્ય બાંધે છે.

આ ગણત્રીએ (૯૨૫૯૨૫૯૨૫ / ૪૮) એક મિનીટના લગભગ ૧ કરોડ ૮૦ લાખ પલ્યોપમ થાય. સામાયિકની પ્રત્યેક સેકંડની ફેસવેલ્યુ (શાસ્ત્રમાં બતાવેલા લાભ મુજબની કિંમત) છે ૩ લાખ પલ્યોપમ સુધી દેવલોકમાં સુખ ભોગવી શકાય, તેટલા પુણ્યનું ઉપાર્જન.

એમાં પાછો તમે એક નવકાર ગણો, જે લગભગ ૧૦ સેકંડમાં ગણાઇ રહે, તો તેની તાકાત છે, ૫૦૦ સાગરોપમ સુધી નરકના દુઃખ ભોગવવા યોગ્ય પાપને તોડવાની. તેથી પ્રત્યેક સેકંડ તમને ૫૦ સાગરોપમ સુધી નરકમાં ભોગવવા યોગ્ય દુઃખમાટેના પાપથી છોડાવે. અને સ્વાધ્યાયનો લાભ છે, શ્વાસોચ્છવાસમાં ભવ ક્રોડના પાપ મિટાવવાનો. કેટલા ઓછામાં કેવી કમાણી ?

એક ઇર્યાવહિયા સૂત્ર બોલો ને ૧૮૨૪૧૨૦ પ્રકારે મિચ્છામિ દુક્કડમ્ નો લાભ મળે. (જીવના ૫૬૩ ભેદ છે x તેઓની અભિહયા વગેરે રીતે ૧૦ પ્રકારની વિરાધના

છે. x૨ (રાગ/દ્વેષ) x૩ (મન-વચન-કાયા) x૩ (કરણ-કરાવણ-અનુમોદનં) x૬ સાક્ષી (અરિહંત, સિદ્ધ, સાધુ, દેવ, સંઘ અને આત્મા) x૩ (ભૂતકાળ-વર્તમાનકાળ-ભવિષ્યકાળ) એક ધડાકે કેટલા પાપ પરમાણુઓનો ભુક્કો !

એમ પણ વાત આવે છે કે આ સૂત્ર બોલવાથી હજારો નવી વિશાલ જિન પ્રતિમાઓ ભરાવવા જેટલો લાભ થાય છે, અને એક લોગસ્સનો કાઉસગ્ગ કરવાથી ૬૮૩૫૨૧૦ પલ્યોપમ પુણ્યની કમાણી થાય છે.

એક નવકારશીનું પચ્ચખાણ ૧૦૦ વર્ષની નરકવેદનાથી બચાવે, યાવત્ ઉપવાસ ૧૦ હજાર ક્રોડ વર્ષની અને અટ્ઠમ ૧૦ લાખ ક્રોડ વર્ષની નરક વેદનાથી બચાવે ! માનવભવના થોડા તપની શી તાકાત !

દેરાસરે જવાથી માંડી પૂજા કરવા સુધીના લાભો હજારો-લાખો ઉપવાસના લાભો પર પહોંચાડી દે !

અને છતાં, આ બધી વાત તો ફેસવેલ્યુની છે ! બાકી તમે જેટલા ભાવ ઉમેરો, એટલું પ્રિમીયમ વધતું જાય, વેલ્યુએશન ઊંચું થતું જાય. યાવત્ ઉત્કૃષ્ટ પરિણામથી અંતર્મુહૂર્ત સાચ. જૈનશાસનની પ્રત્યેક ક્રિયા યોગરૂપ બની શકે, અને એ પ્રત્યેક યોગમાં અનંતા મોક્ષે ગયા. એ યોગ સાધતા સાધતાં જ અંતર્મુહૂર્તમાં (૪૮ મિનીટથી ઓછા સમયમાં) જ પાપ કર્મોનો નાશ કરી જીવ વીતરાગ ને સર્વજ્ઞ બની જાય. (અલબત્ત હાલમાં આ સંભવે નહીં, પણ ભૂમિકા ઊભી જરૂર થાય.) આ છે મળેલા માનવભવના પ્રત્યેક સેકંડની અદ્ભુત કમાણી ! ઊંચી મૂલ્યતા !

વળી સામાયિકથી પ્રાપ્ત સમતાભાવથી, પૂજાથી પ્રાપ્ત ચિત્તપ્રસન્નતાથી ઈર્યાવહિયાથી પ્રાપ્ત ક્ષમાભાવ વગેરે આરાધનાઓથી જીવને અનાદિકાળથી વળગેલા મમતા, સંક્લેશ, દ્વેષાદિ ભાવોનો-તેવા સંસ્કારોનો જે નાશ થાય છે અને સમતા, પવિત્રતા, મૈત્ર્યાદિ ભાવો-સંસ્કારોનો જે સુંદર મેળો આત્મામાં ઊભો થાય છે, તેની તો વાત જ શી કરવી.

(પલ્યોપમ=એક યોજન=સ્થૂલ-અસત્કલ્પનાથી આઠ માઇલ લાંબા, પહોળા, ઊંડા કૂવાને તાજા જન્મેલા યુગલિક બાળકના વાળના અસંખ્ય ટૂકડાઓ કરી ઠાંસી-ઠાંસી ભરી દેવાનો. બૂલડોઝરો પણ જેને દબાવી ન શકે, પાણી પણ પેસી ન શકે એ રીતે. પછી દર સો વરસે એક ટૂકડો કાઢવાનો. આમ કરતાં કૂવો ખાલી થતાં કુલ જેટલો સમય લાગે તે એક પલ્યોપમ કહેવાય. જાડી ભાષામાં કહીએ તો એક બાળક જન્મે ત્યારથી એક રકમ બોલવાની ચાલુ કરે, સો વરસના અંતે એ

રકમ જેટલી મોટી થાય તેથી પણ અસંખ્યગુણ કરીએ ત્યારે પલ્યોપમ થાય.)

પરદેશથી પાછા ફરેલા વકીલ સસરાને વકીલ જમાઈએ કહ્યું - પાપા! આપ જે કેસ વીસ વરસથી જીતી ન શક્યા, તે મેં વીસ દિવસમાં પતાવીને જીતી લીધો!

સસરાએ કપાળ કુટતાં કહ્યું - મૂરખ! હું આ કેસ વીસ મિનીટમાં જીતી શકું, તેમ હતું! પણ આપણી નીતિ અસીલને બને એટલા દોહી લેવાની હોય!

હા, વકીલની નીતિ અસીલને ને ડોક્ટરની નીતિ દર્દીને જેમ દોહી લેવાની હોય છે, તેમ આપણી નીતિ આ માનવભવના પ્રત્યેક સમયને આપણા લાભમાં પૂરેપૂરી દોહી લેવાની હોવી જોઇએ.

તેથી ખ્યાલ રાખો, આ ભવમાં જો પ્રત્યેક પળને અપ્રમાદમાં, સુકૃતની કમાણી કરી લેવામાં, સમતાભાવને સાધી લેવામાં પસાર કરવા ટેવ પાડી હશે... તો જ, હવે પછીના, ચોથા આરાના, પ્રથમ સંઘયણ સહિત ધર્મની સામગ્રીથી સભર, અને પરમાત્માની સાનિધ્યથી સુરમ્ય બનેલા માનવભવમાં પરમાત્માને ચરણે જીવન સમર્પિત કરવાનું, પ્રત્યેક પળે વર્ધમાન સંવેગથી ધર્મ સેવી લેવાનું, પ્રમાદના નામમાત્રથી ત્રાસી જવાનું, અપ્રમાદને વણી લેવાનું, વૈરાગ્યભાવ, સમભાવ, અને સર્વજીવોપ્રત્યેના મૈત્ર્યાદિ ભાવોના સંમિશ્રણથી બનેલા સંજીવની રસાયણને ચાટી લેવાનું મન થશે.

અને તો... મનુષ્યભવની એ પ્રત્યેક પળ, અનંતકાળના અનંત સુખના અપ્રતિમસ્થાનભૂત મોક્ષપદને સમીપ લાવનારી બનશે. જે મોક્ષના નિર્ભેળ સુખરાશિના અનંતમાં ભાગે પણ દેવાદિભવવાળા સંસારની તમામ સુખરાશિ આવી શકે તેમ નથી.

હવે ગણિત માંડી સમજી લેજો કે પ્રમાદ, વિષય અને કષાયો કેટલા મોંઘા છે? પ્રત્યેક સેકંડો અસંખ્યકાળના સુખના નજરાણા સાથે તમારી પ્રતીક્ષા કરે છે... પણ હાય! તમારી નજર મિનીટો તરફ છે. કાંઇ નહિ... આ મિનીટો પણ તમારો કલ્યાણ સાથે મેળાપ કરાવી આપવા આતુર છે.... પણ કાશ! તમારી દૃષ્ટિ કલાકો પર છે. હશે.... કલાકો પણ તમારા હિતને તમારી સાથે આલિંગન કરાવવા ઉત્સુક છે. પણ અરર! તમે દિવસો પર મીટ માંડી છે... ઠીક... દિવસો પણ અપૂર્વઆનંદના સાગરમાં તમને ડૂબાડવા ઉત્સાહી છે. પણ ઓહ! તમે મહીનાપર આંખ રાખી છે. ખેર! મહિનાઓ પણ તમને હર્ષમય દીર્ઘજીવનનો ઉપહાર આપવા તત્પર છે! પણ યા ખુદા! તમે વર્ષો પર લોચન ઢાળ્યા છે. અસ્તુ. વર્ષો પણ તમારા પરમાર્થ માટે સાવધાન છે. પણ હે નાથ! તમે તો પડશે તેવા દેવાશે ના ગણિતપર મુસ્તાક

રહીને વર્ષોને પણ વહી જવા દો છો. ખ્યાલ રાખજો ! પડશે તેવા દેવાશે નું ગણિત કર્મસત્તાને મંજૂર નથી.... એ તો પડતાને પાટુ મારવામાં ચતુર છે. પડતાની પાસે દેવા જેવું કશું રહેતું જ નથી. માત્ર અસહ્ય દુઃખ-ત્રાસ, પ્રતિકૂળતા અને કષ્ટોને મૂંગા મોઢે, ભારે સંતાપ પૂર્વક રોતા રોતા સહેવાનું જ બાકી રહે છે.

એક દિવસ પ્રયત્ન કરો. હિસાબ-રોજનીશી રાખો. આખા દિવસનો કેટલો સમય, કેટલી સેકંડો નકામી બગાડીએ છીએ, થોડી ચીવટ, સ્ફુર્ત્તિ, ઉપયોગ રાખીને બચાવી શકાતી કેટલી મિનીટો બગાડી નાંખીએ છીએ, તેનું નિરીક્ષણ કરો. ઉઠવામાં, નહાવામાં, ભોજનમાં, મહેમાન-મિત્રોસાથેની વાતોમાં વગેરેમાં પણ બચાવી શકાતી આ બધી મિનીટોને વ્યર્થમાં જવા દઈએ, તે પણ આનંદભેર..... તો માનવું જ પડે, તમને માનવભવ વ્યર્થ માટે - ધૂળભેગી કરવા માટે જ મળ્યો છે!

સાવધાન ! સમજી લેજો.... આપણા જીવનમાં સેકંડ એ સૌથી મહત્ત્વની મૂડી છે... કેમકે સેકંડ જ મિનીટ, કલાક, દિવસ, મહિના, અને વર્ષના સર્જન દ્વારા આપણા જીવનને ઘડે છે. જેને ખોટી રીતે વેડફાઇ જતી એક સેકંડ પ્રત્યે અફસોસ નથી. તેની પ્રાયઃ આખી જીંદગી પ્રમાદના અંધકારમય ઓળામાં લપાઇ ગયા વગર રહેતી નથી.

જે સેકંડનો સદુપયોગ કરી શકતો નથી, તે જીવનને બરબાદ કર્યા વગર રહેતો નથી. જે સેકંડને સાચવી શકતો નથી, તે જીવનને પ્રાયઃ સાચવી શકશે નહિ. સેકંડ પર જેનો કાબુ નથી, તેનું જીવન બેલગામ પસાર થયા વિના રહેતું નથી. જેની સેકંડ વ્યવસ્થિત નથી. તેનું જીવન ઠેકાણા વિનાનું હોય છે. જેની સેકંડ પ્રમાદમાં જાય છે તેનું જીવન ઉદ્યમ વિનાનું છે. જે સેકંડને આરાધી શકે છે તે જ જીવનને સજાવી શકે છે. જેની પાસે સેકંડની સુવાસ માણવાની કળા છે, તે જ જીવનને નંદનવન બનાવી શકે છે.

કાળપથના ઓ મુસાફિર ! પ્રત્યેક પળ પર એવી રીતે પગ માંડ, કે જેથી પ્રત્યેક પળ તારી જીવનસંગાથિની બની રહે, તારા અપૂર્વ સુખના જામને છલકાવતી રહે, તારી લાંબી મુસાફરીને આનંદમય બનાવી દે, સદાચારની સુવાસ, જ્ઞાનના પ્રકાશ, અને મૈત્રીના સંગીતથી તારી યાત્રાને સુશોભિત બનાવી દે. તને માનવમાંથી મહામાનવ બનાવી દે, આત્મામાંથી પરમાત્મા બનાવી દે.

ફરી એકવાર ખ્યાલ રાખી લો.... એક સેકંડનો પ્રમાદ, વિષય કે કષાય=અસંખ્યકાળ માટે અસહ્ય દુઃખોને નોતરું. એક સેકંડનો શુભસંકલ્પપૂર્વનો ધર્મ, અપ્રમાદ = અસંખ્યકાળના સુખની કમાણી.

બસ એજ, તમારી પ્રત્યેક પળ તમારા માટે અને બીજા માટે હાયરૂપ ન બનતા હાશરૂપ બનો એજ શુભેચ્છા.

જાણો છો, માનવભવ શા માટે મળ્યો છે ?

આ માટે નહીં....	આ માટે મળ્યો છે...
વાસનાઓમાં તણાવા	વાસનાઓને હણવા.
ધર્મથી ભાગવા	ધર્મ આદરવા.
વ્યસનોમાં ફસાવા, દુરાચારી બનવા	વ્યસનોથી છુટવા, સદાચારી બનવા.
શરીરને પાવડર-મેકપથી શોભાવવા	આત્માને ગુણોથી શોભાવવા.
ક્રોધ, દ્રેષ, ઈર્ષ્યા, અસૂયા, અભિમાન.	ક્ષમા, મૈત્રી, પ્રેમ, પ્રમોદ, નમ્રતા, વિનય.
જૂઠ, ચોરી, લબાડી	સત્ય, પ્રમાણિકતા, પવિત્રતા...
આળસ, ઉંઘ, વાતોચીતો-વિષયોની દોડમાં સમય ગુમાવવા.	સાધના, ધ્યાન, શુભસંસ્કારોથી આત્માને સજ્જ કરવાના કાર્યમાં સમય પસાર કરવા
ઊંચી એડીના બૂટ-ચંપલોથી ઊંચાઈ વધારવા	પરોપકાર, પરમાર્થ ને ગંભીરતાથી ઊંચાઈ વધારવા.
ઘડિયાલ વીંટીઓ કે બંગડીઓથી હાથ શોભાવવા	સત્કૃત્યો, સહાયતા, દાન, સેવાથી હાથ શોભાવવા
હોટલ-લારીના અભક્ષ્ય, અશુદ્ધ, ઇયલ વગેરેની હિંસાથી વ્યાપ્ત જાત-જાતની વાનગીઓથી પેટ ભરવા.	બીજાની ભૂલ, અપરાધ, ખોટી વાતો, અપમાન વગેરેને ગળી જઇ પેટમાં ઉતારી દેવા.
કટાક્ષ, ટોણા, મર્મઘાતક વચનો, નિંદા, કુથલીથી જીભ હોવાનો અહેસાસ કરાવવા.	પ્રશંસા, અનુમોદના, પ્રેરક, ઉત્સાહવર્ધક, મીઠા બોલથી જીભને સાર્થક કરવા...
જ્યાં ત્યાં ભટકાવી, વાસના, ઈર્ષ્યા, ખારના ઝેર ભરી આંખને પટપટાવવા	પ્રભુદર્શન, પૂજા, જીવદયા, સૂત્રસ્વાધ્યાય પ્રેમ, કરુણા, વગેરેથી આંખ છે, એ અનુભવવા
કાનમાં નિંદા, કુથલી, હલકી વાતોના ધગધગતા સીસા રેડવા...	કાનને પરપ્રશંસા, ધર્મોપદેશ, સારી વાતો બીજાના દુઃખ દર્દ સાંભળવા...
મન-બુદ્ધિ-હૃદયને સ્વાર્થ, કપટ ને નિર્દયતાથી પથ્થર બનાવવા	મન-બુદ્ધિ-હૃદયને પરમાર્થ, પરહિત અને બધા પ્રત્યે લાગણીથી ભરવા..

આપત્તિ એ જ સંપત્તિ

હે પ્રાજ્ઞ ! તારી ઘર, પરિવાર, પાર્ટનર વગેરે તરફથી/વગેરે અંગે વિવિધ આપત્તિઓની વેદના પત્ર દ્વારા સંવેદિત કરી, એ બધામાં તું તૂટી ન જાય, હિંમત ગુમાવી ન બેસે, અને તને સાચો માર્ગ મળે, તે માટે આ પત્ર લખ્યો છે. વાંચજે, વિચારજે.

આત્મસમાધિ માટે લઘુ શાન્તિનો અને તેમાં ચૌદમી ગાથાનો પાઠ વારંવાર કરવો. સંતિકરં નો પણ પાઠ કરવા જેવો.

એક વાત સમજી લ્યો, કે આપણી જ એ પહેલી અને મોટી ભૂલ એ હતી, કે આપણે જિનને ભજવાને બદલે જનને ભજવા ગયા, પ્રભુને મેળવવાને બદલે દુનિયાનું બધું મેળવવા ફાંફા માર્યા છે. આપણી હાલત....

ઓ હૃદય, તેં પણ ભલા કેવો ફસાવ્યો છે મને ?
જે નથી મારા બન્યાં, એનો બનાવ્યો છે મને ?

જેઓના બનવા જિંદગી ગુમાવી, એ બધાએ હંમેશા આપણને બનાવવાનું જ કામ કર્યું છે.

છે હવે એ સૌને મારો ઘાટ ઘડવાની ફિકર
શુદ્ધ સોના જેમ જેઓએ સદા તપાવ્યો છે મને !
ઉન્હેં મંઝિલ નહીં મિલતી, જો કિસ્મત કે સહારે હૈં
હૈ ઉનકી જિંદગી ભી મોત, જો હિંમત કો હારે હૈં ।।

જેનું મન ભાંગી ગયું છે, તે મહાભારતના યુદ્ધના અંતે વિજયમાં પણ વિષાદ પામતાં યુધિષ્ઠિરની જેમ ઢીલા-ઢફ રહે છે, વિજય પામતાં પહેલા-સફળ થતાં પહેલા થયેલી ખુવારીના વિચારથી અને કાલે પાછી હાર થશે તો ? એવી ચિંતાથી દુઃખી હોય છે. પણ જે મનથી અડગ છે, તે ગમે તેવા બાહ્ય પરાજયમાં પણ અંદરથી અડિખમ રહે છે.

પરાજય પામીને પણ જે પરાજિત થાય ના,

તેનો મુકદ્દર તો શું, મંઝિલ પણ હાથ ઝાલે છે.

શ્રી દેવભદ્રાચાર્યએ રચેલા શ્રી પાર્શ્વનાથ ચરિત્રમાં એક પ્રસંગ આવે છે. પ્રભુ શ્રી પાર્શ્વનાથનો ચોથો ભવ છે. ભગવાન કિરણવેગ નામના વિદ્યાધર રાજા છે. એમની રાજસભામાં એમનો ચંડવેગ નામનો અનુચર એક માણસને લઇને આવે છે. અને કહે છે - આ માણસ આત્મહત્યા કરવાનો પ્રયત્ન કરતો હતો, અમે એને એમ કરતાં અટકાવી આપપાસે લાવ્યા છીએ.

રાજાએ એ માણસને આત્મહત્યા કરવાનું કારણ પૂછ્યું - જ્યારે એ માણસ જાહેરમાં પોતાના હૈયાની વાત પ્રકટ નથી કરતો, ત્યારે રાજા એકાંતમાં પૂછે છે. એ વખતે એ પોતાના હૈયાની વેદના રાજા આગળ વ્યક્ત કરે છે.

હું કદલીપુર નગરનો રહેવાસી છું. કૃષ્ણ મારું નામ છે. વિવિધ ઉપાયો ને કષ્ટો સહન કરી ઘરનું ગુજરાન ચલાવું છું. મારાપર હંમેશા વક્રદષ્ટિવાળા ભાગ્યે હમણાં હમણાં તો મારી પથારી ફેરવી નાંખી છે. જે પિતાને હું અત્યંત વહાલો હતો ને મને પણ જેમના પ્રત્યે ઘણું બહુમાન હતું, તે પિતાના અવસાનથી મને આઘાત લાગ્યો.

હજી એ આઘાતની કળ વળે ત્યાં તો મારી માતાની વ્યભિચાર કરી કુળને કલંક લગાડવાની વિગત પ્રકાશમાં આવી. જે માતાના નામે મને કોઇ માત્ર ગાળ આપે તો પણ સહન ન થઇ શકે, તે માતા સ્વયં જ અનાચાર કરે, તો શી વેદના થાય? મેં માતાને એ માર્ગેથી પાછા વળવા સમજાવવા છતાં, તે સમજી નહીં. અને ઘર છોડી એક ગરીબની સાથે રહેવા એના ઝુંપડામાં જતી રહી.

આ વેદનાને ઝીરવવાની મથામણ ચાલુ હતી, ત્યાં મારા નાના ભાઇએ વેશ્યાગામી બની ઘરની મૂડી ઉન્માર્ગે વાપરવા માંડી. નાના ભાઇને આ પતનનો માર્ગ છોડી દેવા ઘણું મનાવ્યો, પણ એ પગથિયું ચૂકી ગયો ન હતો, તળિયા સુધી ગબડી ચૂક્યો હતો.

આ આપત્તિ કેવી રીતે ટાળવી ? એ ચિંતામાં ને ચિંતામાં મારી ઉંઘ હરામ થઇ ગઇ. ત્યાં એની પત્નીએ પતિપર કાબૂ મેળવવા એક મંત્રેલુ પૂતળું તૈયાર કર્યું. એના પ્રભાવે મારો ભાઇ સતત બિમાર રહેવા માંડ્યો. એના દવા-દારુમાં હતી તે રકમ પણ ચટણી થવા માંડી.

સિદ્ધદત્ત નામના જોશીએ પોતાના તંત્રપ્રભાવથી મને જણાવ્યું કે તારા ભાઇની બિમારીમાં એની પત્નીએ બનાવેલું પૂતળું જવાબદાર છે. જો એ પૂતળું મળી જાય,

તો તેના પર પ્રયોગ કરી તારા ભાઇને સાજો કરી શકું.

ત્યારે એની પત્નીએ રીસમાં ને રોષમાં એ પૂતળું અગ્નિમાં ફેંકી દીધું. અચાનક મારા ભાઇનો ખાટલો આગમાં સપડાયો ને એ બિચારો જીવતો જ બળી મર્યો.

આ ઘા પચાવવો પત્થર પચાવવા કરતાં ય ભારી હતો. મન રડી રહ્યું હતું. હૈયામાં અપાર વેદના લાવારસ બની દઝાડી રહી હતી, ત્યાં સમાચાર મળ્યા કે મારા નાનાભાઇની એ પત્નીએ પતિના શોકમાં અને ઇજ્જત જવાના ભયમાં કૂવો પૂર્યો.

આ બધા આપત્તિના વાદળોથી સાવ નંખાઇ ગયેલો હું દુકાને લમણે હાથ મુકી બેઠો હતો, ત્યાં સમાચાર આવ્યા, તમારી બેન ઘરની સારભૂત માલમિલ્કત લઇ નોકર સાથે ભાગી ગઇ છે.

વિજળી માથે પડી એવા ઝાટકા સાથે ઊભો થઇ હું ઘરે ભાગ્યો. ઘર સાવ સફાચટ થઇ ગયેલું. જિંદગીભર ઉંધુ-ચત્તું કરી, પસીનો પાડી કરેલી કમાણી આ રીતે બેન ઉઠાવી ગઇ ને એક હલકા નોકર સાથે ભાગી ગઇ, આનો સંતાપ મારે કોની આગળ વ્યક્ત કરવો ? હૈયું એવું ભરાઇ ગયેલું કે રડી પણ શકતું નહોતું.

એટલામાં કેટલાક જણ લોહી નિંગળતી લાશ લઇ આવ્યા ને ઘર આંગણે મુકી. મેં જોઇ ! ચીસ પડી ગઇ ! મારો એકનો એક દિકરો ચાકુના ઘા ઉપર ઘા ખાઇને પરલોકવાસી બની ચૂક્યો હતો, તેનો દેહ ચૂંથાઇ ગયો હતો, લોહીથી ખરડાઇ ગયો હતો.

ફાટી ગયેલી આંખે મેં લાશ જોઇ, શબ્દો ખોવાઇ ગયા. મેં ઇશારાથી જ પૂછ્યું - આ શું ? બધાએ બનેલી વિગત કહી કે નોકરસાથે તમારી બેન ભાગી, ત્યારે તમારો આ પુત્ર પાછળ પડ્યો. નોકરને પડકાર ફેંક્યો. બંને વચ્ચે મારામારી થઇ. નોકરના હાથમાં રહેલું ચાકુ એમાં પડી ગયું. તે તમારી બેનના હાથમાં આવ્યું. લડતાં લડતાં બંને રસ્તાપર પડ્યા, ત્યારે તમારી બેન તમારા પુત્રની છાતીપર ચડી બેઠી, અને છરીના ઘા પર ઘા કરી એને પતાવી નાંખ્યો.

ઘરના ગણાતા માણસોના વિચિત્ર રીતે મોત, આબરુના ધજાગરા, પૈસા ખતમ, સગાઓ જ દુશ્મન બન્યા આ બધાથી ત્રાસી કુળદેવીને પ્રસન્ન કરવા પ્રયત્ન કર્યો, તો દેવી પણ પ્રસન્ન થઇ નહીં.

હવે મારી સહનશક્તિને હદ આવી ગઇ છે. જેમ-જેમ બનેલા પ્રસંગો વિચારું છું, તેમ તેમ હૈયું ભાંગી જાય છે. મન મુરઝાઇ જાય છે. ચિત્ત વિહ્વળ બની જાય

છે. કશું સૂઝતું નથી. સતત આ જ બધું ચિત્રજફ જેમ નજર સામે તરવર્યા કરે છે. તેથી જ હવે મરી જવું છે, મને અટકાવો નહીં, મને મરવા દો.

રાજા આગળ આટલું કહેતાં કહેતા તો આ કૃષ્ણ વારંવાર રડી પડતો હતો... છેલ્લે તો ડૂસકા જ મુકવા માંડ્યા.

રાજાએ સાંત્વન આપ્યું ને કહ્યું - દોસ્ત ! તારી વેદનાએ મને હચમચાવી નાંખ્યો છે, પરપોટા જેવા જીવનખાતર, દરિયાના ભરતી-ઓટ જેવા સ્વાર્થી સંબંધ ખાતર શી આટલી બધી લપ્પન-છપ્પન ! હું તો હવે આત્મકલ્યાણનો માર્ગ પકડી લઇશ. તને પણ મારી ભલામણ છે કે ભાઇ ! માત્ર મરી જવાથી નહીં ચાલે, પૂર્વના જે પાપો આપણને સતાવી રહ્યા છે, તે પહેલા મરવા જોઇએ. પાપને ખતમ કર્યા વિના મરવાથી કોઇ ફાયદો નથી, કેમ કે તે વધુ પુષ્ટ બનીને સતાવશે, માટે પાપને ખતમ કરવાનો માર્ગ પકડ.

આ આખા પ્રસંગને બરાબર વાંચો, વિચારો.... સાર છે આ,

એ બધાના નામ દઈ મારે નથી થવું ખરાબ;

મારા મારા ગણાતાઓએ જ સતાવ્યો છે મને.

મારે તમને કહેવું છે કે આપણને કષ્ટ, પીડા, અપમાન, સંતાપ, દુઃખ બહારનું કોઇ આપતું નથી, આપણા સ્વજનો જ આપે છે. અને હા, પરિવાર, મિત્રો, કે કહેવાતા સગાઓ આપણા સ્વજન નથી, એ બધા તો પરજન છે. નિમિત્તમાત્ર છે. બહારના માણસો છે. ને કષ્ટ-પીડા, આપત્તિ બહારથી નથી આવતાં, બીજાઓ તરફથી નથી આવતાં, આપણે જ સર્જેલા, આપણે જ પોષેલા, આપણા જ ગણાયેલા ને સ્વજન બની બેઠેલા કર્મોથી, કષાયોથી, વાસનાઓ, ઇચ્છાઓ, અપેક્ષાઓ અને મહત્વાકાંક્ષાઓથી આવે છે. તેથી વાસ્તવમાં આપણે જ આપણા દુશ્મન છીએ.

વળી, કર્મસત્તા પણ અન્યાયી નથી. આપણે પૂર્વભવમાં જ આ ભવમાટેના તૈયાર કરેલા પાર્સલો કર્મસત્તા આપણને સપ્લાય કરે છે. અલબત્ત સપ્લાય કરવાની પદ્ધતિ અલગ અલગ હોય છે. તેથી આ આવી પડેલી આપત્તિઓ ખરેખર સ્વકૃત જ છે. એક વાંચેલો પ્રસંગ વિચારવા જેવો છે.

બનાસકાંઠાના એક ગામનો આ પ્રસંગ છે. તાલુકાના મથકપર ફરજ બજાવતાં એક ફોજદારને ફોન આવ્યો. અમુક ગામમાં એક યુવાને કૂવામાં ઝંપલાવી આપઘાત કર્યો છે. એ ફોજદાર ગુનેગારો સાથે પનારો પાડી-પાડીને ગુનાહિતવૃત્તિ ધરાવતો

થઇ ગયેલો. એની ખાખી વર્દીમાં ગુનેગારો પાસેથી લીધેલી રકમ ગંધાતી હતી. એની વાણીમાં લાંચિયાવૃત્તિના ગટરના પાણી મળી ગયા હોય, તેવી જુગુપ્સિત હતી. અપરાધો વધે એમાં એને આનંદ હતો, કેમ કે એની કમાણી વધતી હતી.

યુવાનના આપઘાતના સમાચારમાં પણ એની શિકારીઆંખે શિકારની નોંધ લીધી. ઉત્સાહથી એ ગામે ગયો. બધાની ઉલટતપાસ લીધી. મરનારના મા-બાપ-પત્ની વગેરે પાસેથી તથ્ય ઓકાવવાના નામે જૂલમ વરસાવ્યો. ભયંકર ગાળ અને સોટીઓની રમઝટ બોલાવી.

યુવાનના મોતથી ભાંગી પડેલા પરિવારને આશ્વાસનને બદલે અત્યાચાર સહેવાના આવ્યા. ગામના લોકોએ વચ્ચે પડી ફોજદારને સાચી હકીકત કહી-

આ યુવાન ભયંકર રોગથી ઘણા વખતથી પીડાઇ રહ્યો હતો. કોઇને કામનો નહોતો રહ્યો. માથે પડી રહ્યો હતો, એવા ભાવથી સતત સંતપ્ત હતો. આ વેદના-સંતાપથી છૂટવા આપઘાત કર્યો છે. બાકી આ ઘર ગરીબ અને શાંત છે.

ફોજદારને પોતાની મહેનત ફોગટ જતી લાગી. આ કેસમાં કશું નહી મળે! અફસોસ થઇ ગયો. છતાં સાવ ખાલી હાથે ન જવા એના મા-બાપ વગેરેને દબડાવ્યા. ૧૦૦ રૂા. નો જે ખર્ચ-મહેનત થયા છે તે ચૂકવો, નહિંતર અબઘડી બધાને હાથકડી પહેરાવી જેલભેગા કરું છું.

મરનારના મા-બાપ-પત્ની આ સાંભળી પોક મૂકી રડવા માંડ્યા, ગળગળા થઇ કરગરવા માંડ્યા. ભલભલાને દયા આવી જાય. પણ ફોજદારે ગુનેગારો પાસે હપ્તાઓ લઇ હૃદય વેંચી માર્યું હતું. જરા ય દયા ન આવી.

મરનારના બાપે ૧૫ રૂા. કાઢી કહ્યું - આ મરનારના કફન-અગ્નિસંસ્કાર માટે ભેગા કર્યા છે. બાકી કોઇ રકમ નથી.

ફોજદારે એ પંદર રૂા. બધાની ના-નાની અરજ, કરગરવું વગેરે કશાની પરવા કર્યા વિના ખીસામાં મુકી દીધા. મરનારના બાપને ધક્કો મારી દૂર હડસેલી કહ્યું - કફન-બફનની પંચાત છોડ ! મને હવે કામ કરવા દે. પંચક્યાસ કાઢી, અગ્નિસંસ્કારની રજા આપી રવાના થયો. અલબત્ત આટલા પ્રયત્ન પછી પણ માત્ર ૧૫ રૂા. જ મળ્યાનો અફસોસ હતો. પોલીસચોકીએ પાછો ફર્યો.

તે જ દિવસે સાંજે પોતાના ગામ જવા ઉપડ્યો. ઘણાવખતથી ઘરે જવાયું ન હોતું. તેથી ઉત્સાહ હતો. પત્ની-બાળકોને મળવાનો ઉમંગ હતો. સાંજે ઘરે પહોંચ્યો. પણ વાતાવરણ શોકમય હતું. બધા રડી રહ્યા હતા. ઘરવાળી અચાનક

મરણશરણ થઇ હતી. ફોજદારને એકદમ આઘાત લાગ્યો. સ્તબ્ધ બની ગયો.

ત્યાં સાળાએ કહ્યું - રાત પડવા આવી છે, હવે લાશ રાખી મુકવી યોગ્ય નથી. ઠાઠડી બાંધવાની તૈયારી કરવી જોઇએ, આમ કહી ફોજદારને કહ્યું - કફનવગેરે માટે પૈસા આપો.

ફોજદારે ખીસામાંથી પેલા જ પંદર રૂપિયા કાઢી આપ્યા. મનમાં બબડ્યો - **કફનના પૈસા કફનમાં ગયા....**

બસ તે દિવસથી હૃદય પરિવર્તન થઇ ગયું. જીવન આખુ બદલાઇ ગયું.

આપણે આ વાત વિચારવાની છે, પૂર્વના ભવોમાં અપરાધી બનીને તો ઘણા કાળા કામો કર્યા છે, ક્યારેક ગામ આખાના ફોજદાર બનીને કંઇ ઓછો ત્રાસ નથી વર્તાવ્યો. ફોજદારને બધા ગુનેગાર લાગે, આપણે બધાને અપરાધી જ માનતા હતા, આપણે બધાના જીવનનું પ્રશ્નપત્ર કાઢી પરિચયમાં આવનારા બધાની પરીક્ષા જ લીધી છે, અને કોઇને કોઇ પ્રસંગરૂપ પ્રશ્નમાં એક યા બીજાને નપાસ જ કર્યા છે. એ પછી શારીરિક - માનસિક ત્રાસ આપવારૂપે કે ટોણા - મેણા મારવા દ્વારા હૈયાઓ પડાવ્યા છે. આજે આપણે જ્યારે એ બધા કાળા કામના ફળ ભોગવી રહ્યા છીએ, ત્યારે સમજી લેવું જોઇએ કે ભાઇ ! કફનના પૈસા કફનમાં જાય. બીજાને ત્રાસ આપી બાંધેલા કર્મ ત્રાસ ભોગવ્યે જ જાય. એમાં બહું અકળાઈ જવું નહીં, પણ હૃદયપરિવર્ત્તન કરવું. હવે પછી કોઇની હેરાનગતિમાં નિમિત્ત નહીં બનવાનું નક્કી કરવું જોઇએ.

પપ્પા ! તમારા વાળ સફેદ કેમ થઇ રહ્યા છે ?

બેટા ! તું મને પરેશાન કરે છે ને તેના કારણે !

પપ્પા ! મને હવે ખબર પડી, દાદાજીના બધા વાળ સફેદ કેમ થઇ ગયા છે ?

દીકરાએ લગાવેલી સિક્સરમાં એક સંદેશો છે. દીકરો બાપાને, બાપા એના બાપાને ! આ પરંપરા ચાલી પરેશાન કરવાની. બીજી રીતે વિચારીએ તો, આ **ભવમાં આપણે પરેશાન છીએ, કેમકે ગયા ભવમાં આપણે જ કષાય વગેરે કરી આપણા આત્માને પરેશાન કરેલો...** એ ભવમાં પણ એ રીતે પરેશાન થયા, કેમકે એના પૂર્વભવમાં પણ આપણે આપણી જાતને એ રીતે જ પરેશાન કરેલી. આમ આત્મપીડન, જાતને પરેશાન કરવાની વૃત્તિ આપણી અનાદિની છે. એ જ પરંપરાના ફળરૂપે આપણે જાત જાતની બાહ્ય અને આભ્યંતર (કષાય, વાસના, ઇર્ષ્યા વગેરે દ્વારા) પરેશાની ભોગવી રહ્યા છીએ.

એક યુવક લાલ કપડા પહેરી મેદાનમાં ફરી રહ્યો હતો. અચાનક ત્યાં રહેલો સાંઢ આના લાલ કપડાથી ભડક્યો. શિંગડા ઉગામી એને મારવા દોડ્યો. પેલો ગભરાયો. ભાગવા માંડ્યો. સાંઢ પાછળ, આ આગળ. વચમાં એક ખાડો આવ્યો. સાંઢથી બચવા આને ખાડામાં ઝંપલાવ્યું. ખાડો જોઇને સાંઢ અટકી ગયો. ત્યાં તો એ યુવાન કૂદકો મારી બહાર આવ્યો. ફરી સાંઢ મારવા ધસ્યો. ફરીથી બચવા યુવકે ખાડામાં ઝંપલાવ્યું. સાંઢ અટકી ગયો. પાછો કૂદકો મારી યુવક બહાર આવ્યો. સાંઢ ફરી મારવા ધસ્યો. યુવકે પાછું ખાડામાં ઝંપલાવ્યું. આમ આઠ-દસ વાર બન્યું. આ તમાશો જોઇ રહેલા દૂર ઊભેલા એક ભાઈએ સલાહ આપી - તમે આમ વારંવાર ખાડામાંથી બહાર આવી જાવ છો. દસેક મિનીટ ખાડામાં પડ્યા રહો, તો સાંઢ શાંત થઈ જતો રહેશે. પછી બહાર નીકળજો. આ યુવકે ફરી ખાડામાં ઝંપલાવતા કહ્યું - તમારે દૂર ઊભા ઊભા સલાહ આપવી છે. તકલીફ શું છે ? તે હું જાણું છું, બહાર આ સાંઢ શિંગડા મારવા આવે છે, તો ખાડામાં કૂતરો બચકા ભરવા ધસે છે ! સાંઢથી બચવા ખાડામાં ઝંપલાવું છું, ને કૂતરાથી બચવા કૂદકો મારી પાછો બહાર આવું છું.

પેલો હવે શું કહેશે ! હા, તમારી બહાર શરીર, પરિવાર, વેપારની તકલીફ છે, અને આંતરિક ક્રોધ, સંતાપ, કડવી યાદો, ટેન્શન, ચિંતા, ઉપાધિની તકલીફ છે. ઘરમાં ઘરવાળી જાત-જાતની પંચાતોથી માથુ ખાય છે. છોકરાઓ કકળાટ કરીને માથુ પકવે છે. ઘરથી કંટાળી ઓફિસે જાવ, તો ઓફિસની પંચાત જીવ લે છે, ઘરાકો માલ જૂએ છે, લેતા નથી. વેપારીઓ ગમે તેવો માલ મોકલી આપે છે. લેણદારો છાલ છોડતા નથી, દેણદારો ટટળાવે રાખે છે. નોકરો બોનસ-પગારવધારો માંગે છે... હપ્તાવાળાઓ ધાકધમકીથી હપ્તા ઉઘરાવી જાય છે. આ બધાથી કંટાળી પાછા સાંજે ઘરભેગા થાવ, એટલે પાછું ઘરની ચિંતા ને ઘરવાળાઓની જાતજાતની પંચાત, ફરિયાદ ચાલુ ! બહાર સાંઢ શિંગડા મારે છે. ને ખાડામાં કૂતરા બચકા ભરે છે, કરવું શું ? પૂર્વે સીધા, મજબૂત, પુણ્યો કર્યા નથી, સીધી આરાધના કરી નથી, અને પાપ ધોમધોકાર કર્યા છે, માટે આવી પરેશાનીઓ તો ભોગવવી જ પડવાનીને!

આમ આ ભવમાં તો આપત્તિઓથી પરેશાન થયા જ છીએ, એ અટકાવવાની શક્યતા લગભગ આપણા હાથમાં નથી. હા,

(૧) ટેવાઇ જવાથી પછી એ પીડા એટલી રહેતી નથી. એક યુવકે જોષી મહારાજને પૂછ્યું - મારા તાજેતરમાં જ લગ્ન થયા છે. કેવું જશે લગ્ન જીવન?

જોષીએ જોષ જોઇ કહ્યું - ત્રણેક વરસ તકલીફ રહેશે.

યુવકે પૂછ્યું - પણ પછી તો સારું રહેશે ને ?

જોષીએ કહ્યું - એમ નહીં, પણ તમે ટેવાઇ જશો.

ઘણી તકલીફ - આપત્તિ આવે, તો ટેવાઇ જવાથી પછી બહુ ભારે લાગે નહીં. જેમ ગમતી વસ્તુ વારંવાર મળ્યા કરે, તો પછી તેમાંથી મળતો આનંદ-સંતોષ ઘટતો જાય, અંતે શૂન્યપર આવી જાય, ને પછી તો એનાથી જ કંટાળો આવી જાય. તેમ અણગમતું વારંવાર બન્યા કરે, તો જીવ પછી તેનાથી ટેવાતો જવાથી એઅંગેની ફરિયાદ ઓછી થતી જાય, અંતે એ તો એક અંગભૂત બની જતાં ફરિયાદ શૂન્ય થઇ જાય ને પછી તો એ તકલીફ જ ફાવતી થઇ જાય !

વળી, (૨) એનાથી જ આપણા બુદ્ધિ-પુરુષાર્થના અહં ઓગળી જાય, સહન કરવાની ક્ષમતાની ખબર પડે, ભૂતકાળમાં કરેલા સારા-નરસાનો અંદાજ મળી જાય, અને મિત્ર-દુશ્મનનોની પરખ થઇ જાય.

(૩) સ્ટાન ફ્રેગર નામની વ્યક્તિની પુત્રી સરાહને જન્મથી એક પગમાં ખોડ હતી. એ પગ સ્નાયુવગેરેની તકલીફના કારણે લબડતો રહેતો હતો. વ્યવસ્થિત ઊભા રહેવા ને ચાલવા માટે એ પગે ટેકા માટે લોખંડનો પટ્ટો બાંધવો પડતો. આવી પરિસ્થિતિથી ટેવાઇ ગયેલી એ છોકરી દસ વર્ષની વયે સ્કુલની દોડવાની બે હરિફાઇમાં જીતી ગઇ. બધાને એ એક અજાયબીની વાત લાગતી હતી. એની પગની તકલીફને ધ્યાનમાં લઇ કોઇપણ પ્રકારની સવલત આપવામાં આવી હશે - એવી પણ કોઇ વાત હતી નહીં. છતાં તે જીતી.

એ છોકરીને જ આ જીત માટે રહસ્ય પૂછ્યું.

એ છોકરીએ કહ્યું - મને વિશેષ લાભકારી વાત એ હતી કે આ તકલીફના કારણે મારે બધા કરતાં વિશેષ પ્રયત્ન કરવાનો હતો.

વાત આ છે, તકલીફ - આપત્તિના અભાવમાં માણસ મહેનત - પ્રયત્ન કરવાનું માંડી વાળે છે, અથવા એટલા જોમથી પ્રયત્ન કરતો નથી. જ્યારે આપત્તિમાં પડેલા માણસની છઠ્ઠી ઇન્દ્રિય પણ સતેજ થાય છે, તો પ્રયત્ન પણ જોરદાર થાય છે. આ ભવમાં આપણે આપત્તિના કારણે જ સતત સાવચેત, જાગૃત અને ભવિષ્યમાં એવી પરિસ્થિતિ ન સર્જાય તે માટે તકેદારીરૂપે પગલા ભરવા ઉદ્યત થઇએ છીએ. આપત્તિમાં પડવાવાળાને બીજા કરતાં એ વિશેષ ફાયદો છે કે તે વધુ તીવ્રભાવે, અંતરના ઊંડાણથી ધર્મસાધના કરી શકે છે. ભયમાં બોલાતો નવકાર નાભિમાંથી

બોલાતો હોય છે, તે ભૂલશો નહીં. તેથી જ સાધુ બનનાર મુમુક્ષુ ભવિષ્યમાં આવનારા કષ્ટો પ્રસન્નવદને સહી લઇ કર્મનિર્જરા કરવાની પોતાની ટેકનો શુભારંભ દીક્ષાપ્રસંગે સારા મુહૂર્તે લોચનું કષ્ટ સહન કરવા દ્વારા કરે છે.

(૪) બીજાને આવતી આપત્તિ-કષ્ટ-પીડાને આપણે સારી રીતે સમજી શકીએ છીએ. ઘાયલ કી ગત ઘાયલ જાણે. જેથી આપણે બીજાને એવી આપત્તિ આવવામાં નિમિત્ત બનતાં અટકીએ. અને બીજાને એવી આપત્તિ આવે, ત્યારે હુંફ, આશ્વાસન સારી રીતે આપી શકીએ.

એક કથાપ્રસંગમાં વાત આવે છે - એક બાળક ગલુડિયા વેંચવાવાળાની દુકાને ગયો. બધા ગલુડિયાઓ જોયા. એક ગલડિયું લંગડાતુ હતું. બાળકે કારણ પૂછ્યું. દુકાનદારે કહ્યું - થાપાના હાડકાને જોડતી મજ્જા નથી. જિંદગીભર બિચારું લંગડાશે. બાળકે એ જ ગલુડિયું પસંદ કર્યું. દુકાનદારે કહ્યું - તું બીજા ખરીદ કર. આ તને ભેટમાં આપીશ. આ સાંભળી બાળકનો ચહેરો ઝંખવાયો. બાળકે કહ્યું - હું આ ગલુડિયાને બીજા ગલુડિયાઓની કિંમતે જ ખરીદીશ. અને ખરેખર પૂરી કિંમત ચૂકવી ખરીદ્યું. બાળકની ચેષ્ટાથી છક થયેલા દુકાનદારે બાળકને કહ્યું - તેં કેમ આ ગલુડિયાને પસંદ કર્યું ? એ ક્યારેય તારી સાથે કૂદા કૂદી નહીં કરી શકે. પકડાપકડી નહીં રમી શકે. બાળકે પોતે પહેરેલું ફૂલપેન્ટ ઊંચુ કર્યું. ઢકાયેલો પગ ખુલ્લો કર્યો. ત્રાંસો ડાબો પગ સ્ટીલની ક્લીપો અને ઘોડીના સહારે ઊભો હતો. આ બતાવી બાળકે દુકાનદારને કહ્યું- હું પણ દોડી શકું તેમ નથી. કૂદી શકું તેમ નથી. પણ તેથી કંઇ મારી કિંમત ઘટી જતી નથી. ભેટમાં આપી દેવા યોગ્ય નથી. આ ગલુડિયાને પોતાને સમજી શકે તેવા દોસ્તની જરૂર છે. મને ખાતરી છે. હું એને પૂરતો પ્રેમ આપી શકીશ.

આપણી આપત્તિ આપણને અકારી લાગે, તો આપણે બીજા આપત્તિમાં પડેલાને સારી રીતે સમજી શકીએ.

આ બધી વાતો સમજી સાવધાન રહેવું. આર્તધ્યાન કરવા નહિ. આમે આપત્તિનો હિસાબ ચૂકવવો જ પડવાનો છે, તો હસતા-હસતા ચૂકવવાથી નવા કર્મો નહિ બંધાય, બલ્કે શુભકર્મોનું ઉપાર્જન થશે. રોતા રોતા સહેશો, તો સહેવા તો પડશે જ, ઉપરાંત રોવાનો દંડ પણ પાપકર્મના બંધ દ્વારા ચૂકવવો પડશે. વળી આ આપત્તિ કંઇ સીતાજી, ગજસુકુમાળ, મેતારજ મુનિ કે ખંધક મુનિને આવેલી આપત્તિઓ જેવી નથી.

ઉપરાંત એમ પણ વિચારી શકાય કે સત્ત્વગુણના વિકાસમાટે પણ આપત્તિ આવવાની જરૂર છે. અગ્નિમાં તપાવાથી જ સુવર્ણ ચળકાટ પામે છે.

ઇન્દ્રજવના છોડમાં ઝેર જેવી કડવાશ હોય છે, પણ ભમરાઓને એ ચૂસીને પણ મધની મીઠાશમાં ફેરવતા આવડે છે !

દરિયાકિનારે થતાં નાળિયેરના વૃક્ષો પાણીની ખારાશને મીઠા પાણીમાં ફેરવી દેવાની કમાલ કરે જ છે ને !

ઝગમગતા સિતારાઓથી શોભતું આકાશ સનાતન છે, કાળા ડિબાંગ વાદળો ને તોફાન ક્ષણજીવી છે ! એ વરસી જાય કે વિખેરાઇ જાય, અંતે તો બચે છે એ આકાશ ને એ તારા !

આપણો આત્મા પણ સનાતન-અમર છે ! એ ક્ષમા-નમ્રતા-ઉદાત્તતા વગેરે સિતારાઓથી ઝગમગ થઇ રહ્યો છે. સંસારની પળોજણો, આપત્તિઓ ભલે વાદળા કે વાવાઝોડું બની ત્રાટકે, અંતે તો તે વહી જવાના ! રહેશે આપણો નિર્મળ આત્મા ને તેના ઝળહળતા ગુણો !

પોતાની તરફ ફેંકાયેલા પ્રત્યેક પત્થરને જે પાયાનો પત્થર બનાવી શકે અને ફેંકાયેલી દરેક ઇંટમાંથી જે ઇમારત ખડી કરી શકે કે વેરાયેલા કાંટાને વીણી જે વાડ ઊભી કરી શકે, તેને કોણ નડી શકે ? કયો બનાવ અડી શકે ? કઇ વેદના વિંછી બની કરડી શકે ? કોના કડવાશભર્યા વ્યવહારનું ઝેર ચડી શકે?

એમ કહેવાય છે કે પાણીરૂપે એકરૂપ થઇ ગયેલા હાઇડ્રોજન અને ઓક્સિજનને છૂટા પાડવા માટે પાણીમાં તેજાબ નાંખવામાં આવે છે અને પછી એમાંથી વિજળી પસાર કરવામાં આવે છે. આ પ્રક્રિયાથી હાઇડ્રોજન-ઓક્સિજન છૂટા પડે છે.

આપણે સંસારીજીવ છીએ આપણા આત્માસાથે કર્મો કે જેના કારણે જ બધી દુઃખમય પંચાતો છે, તે એકરૂપ થઇ ગયા છે. કર્મોને આત્માથી છૂટાં પાડવામાટે ઉગ્ર સાધનારૂપી તેજાબ આપણામાં નાંખવો જોઇશે, અને પછી એમાંથી કષ્ટો-આપત્તિઓ-પરિષહોરૂપી વિજળી પસાર થશે, તો જ એ કર્મો છૂટા પડશે.

દુઃખમાં સાથે રહે ને, સુખમાં અલોપ થાય, તે સાચો મિત્ર ? કે નિષ્ફળતામાં જે સાથ આપે ને સફળતામાં જે ભાગ ન પડાવે તે ખરો મિત્ર ?

સાધનામાં જે પડછાયારૂપે રહે ને સિદ્ધિ મળ્યે જે ઓગળી જાય તે શ્રેષ્ઠ મિત્ર! માટે જ આપત્તિ શ્રેષ્ઠ મિત્ર છે. સંપત્તિ તો દુઃખમાં, નિષ્ફળતામાં કે સાધનામાં

જરાય સાથ નથી આપતી ને સુખ, સફળતા કે સિદ્ધિ મળે કે તરત જશ લેવા ટપકી પડનારી સ્વાર્થી સ્ત્રી છે !

જેની મંઝિલ જેટલી દૂર, એને એટલા વધુ માઇલસ્ટોન ઓળંગવા પડે. સમજી લ્યો, તમે દૂરની વધુ ઉન્નત સફળતા તરફ આગળ ધસી રહ્યા છો, માટે તમારે વચ્ચે નિષ્ફળતાના ઘણા માઇલસ્ટોનો ઓળંગવાના આવી રહ્યા છે.

ઘણીવાર શહેરમાં ખુબ કચરો વધી જાય છે, ત્યારે ખસેડી શકાય તેમ નહિ હોવાથી મ્યુનિસીપાલીટી ઘાસલેટ છાંટી સળગાવી દે છે. અલબત્ત, તેમાં આગ જરૂર છે પણ સાફ પણ તત્કાળ થાય છે. તેમ આત્મામાં ભરાઇ ગયેલા કર્મકચરાને ખસેડી શકાય તેમ ન હોવાથી, આ આપત્તિની આગમાં ખાખ કરવા સિવાય બીજો કોઇ ઉપાય નથી.

એક રાજકુમારથી એના પિતા રાજા નારાજ થયેલા. એના બધા રાજ્ય અધિકારો છિનવી લીધા. રાજમહેલ છોડી સામાન્ય ઘરમાં રહેવાની પરિસ્થિતિ આવી ગઈ. છતાં રાજકુમાર ડગ્યો નહીં. એણે એક નોકર રાખ્યો. નોકરને કહ્યું- તારું માત્ર પાંચ મિનીટનું કામ રહેશે. તારે મને રોજ સૂર્યોદય પહેલા – બધા જાગે તે પહેલા જગાડવાનો. જગાડતી વખતે મને કહેવાનું- 'હે ઉચ્ચકુળના રાજવંશી પરાક્રમી રાજકુમાર ! સૂર્યોદય થાય ને જગત જાગે, તે પહેલા તમે જાગો, અને એ નિરવશાંતિના કાળમાં નક્કી કરી લો, આજે તમે જગતમાટે ક્યું મહત્ત્વનું કાર્ય કરવા કટિબદ્ધ થશો !' નોકર રોજ આ રીતે રાજકુમારને જગાડતો. રાજકુમાર રોજ આ વાક્યોથી પ્રેરણા લઇ મહત્ત્વના કાર્યો કરી લોકપ્રિય બન્યો.

મારે તમને કહેવું છે, આપત્તિઓ-સંકટો આપણા નોકરો છે, આપણને સુખની ઉંઘમાંથી સૌ પહેલા જગાડે છે. અને જાત તથા જગત માટે સુકૃત કરવાની પ્રેરણા કરે છે.

તથા એટલું સમજી લો માનવદેહમાં પ્રાયઃ ગજા ઉપરાંત દુઃખ આવતું નથી. આપણે ધીરજ / સહનશક્તિ ખોઇ બેસીએ તે વાત અલગ છે.

સિતારા હોય છે તેને ગ્રહણ નથી નડતું
ફૂલોને બાગ મળે છે, રણ નથી મળતું
આ એક સુખ તો કુદરતના ન્યાયમાં જોયું
કે ગજા બહારનું દુઃખ ક્યાંય નથી મળતું.

અને ખાનદાન માણસને દેવું પાઇએ પાઇ ચૂકવવામાં આનંદ જ આવતો

હોય છે. દુઃખ નહિ. અને જ્યાં સુધી ચૂકવી ન શકે ત્યાં સુધી બેચેન હોય છે. આપણે ખાનદાન છીએ. કર્મસત્તા આવી પઠાણી ઉઘરાણી કરી દેવું ઉઘરાવી રહી છે, ત્યારે દેવું પાઇએ પાઇ ચૂકવવામાં આનંદ અનુભવો તો આપત્તિ આપણામાટે તો સંપત્તિ બની જશે, દુઃખ ન રહેતા સુખ બની જશે.

એ વાત ધ્યાનમાં રાખશો કે 'બહુ આપત્તિ છે.' તેવી લાગણી અનુભવશો તો આપત્તિની તાકાતમાં ગુણાકાર થશે. આપત્તિની ઉપેક્ષા કરશો, નજરમાં લેશો નહિ તો તેની તાકાતમાં ભાગાકાર થશે. આપણે આપેલું મહત્ત્વ કોઇપણ વ્યક્તિ-વસ્તુ કે પ્રસંગની તાકાત વધારી દે છે. અને આપણે કરેલી ઉપેક્ષા તાકાત ઘટાડી નાખે છે. ઉપેક્ષિત થયેલી વસ્તુ શક્તિહીન બને છે. તથા જે વ્યક્તિ આપત્તિમાં સહાનુભૂતિની અપેક્ષા રાખે છે, તે ઝઝૂમી શકતો નથી, તૂટી જાય છે.

અને આ બધા પ્રસંગો કર્મે સર્જ્યા છે. તેને સજા કરવાની કે પાઠ ભણાવવાની તાકાત આપણી નથી. મને કમને પણ કર્મને ખમી ખાવું પડે છે. આ વાત બરાબર ધ્યાનમાં રાખજો. તેથી ભાવીમાં કોઇ વ્યક્તિ આપણું ખરાબ કરતી દેખાય, ત્યારે વિચારી શકાય કે જો કર્મે હેરાનગતિ કરી તો હું કશું કરી શક્યો નહિ, કર્મસત્તાને સજા કરી શક્યો નહિ, તો આને શા માટે સજા કરવી ? પાઠ ભણાવવો ?

જો નદીના પૂરને દંડ નથી, તો શા માટે ચોરને દંડ કરશો ? સંપત્તિ તો પૂર પણ હરી જાય અને ચોર પણ. પણ પૂરને સજા કરી શકાતી નથી. દંડ કરાતો નથી. પાઠ ભણાવાતો નથી. તો ચોરને પણ શા માટે દંડવગેરે ? એમ જો કર્મને કંઇ કરી શકાતું નથી, ઉદયમાં આવેલું ભોગવવું જ પડે છે. તો જેઓ માત્ર કર્મના એજન્ટ છે, નિમિત્ત છે, વચેટિયા છે, તેઓને શા માટે ગુનેગાર સમજી દંડવા ? એમ વિચારી બધા પ્રત્યે પ્રેમભાવ રાખી શકાય.

આવી બધી વિચારણાઓ કરી, તથા કર્મે પૂર્વના મહાપુરુષોને કરેલી હેરાનગતિ અને તે વખતે તેઓએ રાખેલો ગજબનો ધૈર્યભાવ, અજબની સહનશક્તિ, મનમાં કેળવેલા સમભાવ વગેરે નજરમાં રાખી સ્વસ્થ રહેશો. મનને પ્રસન્ન જ રાખશો. આર્તધ્યાનમાં પડી બાજી હારી જતા નહિ.

સંભવ છે કે દીવો ઓળવાતા પહેલાં છેલ્લો ઝબકારો કરે, તેમ આપત્તિઓના જવા પહેલાનો છેલ્લો દેખાવ હોય.

જે આવી મહત્ત્વની ક્ષણને ધીરતાથી જીતી જાય છે. તે જીવન જીતી જાય છે. કદાચ આ કટોકટીની પળો જ જીવનમાં મહત્ત્વના ફેરફારોની કીમતી પળો હોય.

કદાચ આ પળો જ આ જીંદગી નામના જુગારની છેલ્લી આખી હારજીતની મહત્ત્વની બાજી હોય. સ્વસ્થતા, ધીરતા, અને પ્રસન્નતાના પાના ઉતરી આ બાજી જીતી જશો, તો કદાચ જીવન જીતી જશો.

જે હોડીમાં સુકાન હોય, હલેસા હોય, સઢ હોય, હોડી લાકડાની ને અખંડ હોય, કુશળ સુકાની હોય ને બાવડાના બળવાળા ખલાસી હોય, તે નૌકા તોફાનમાં પણ કિનારે પહોંચે.

આપણી જીવનનૈયાના સુકાને છે શ્રી જિનવચનો. સુકાની છે, શ્રી ગુરુભગવંતો. સઢના સ્થાને છે કોઇપણ પ્રસંગરૂપી પવનને અનુકૂળ બનાવતી સદ્બુદ્ધિ, જેના પ્રભાવે જીવનનૈયા સરળતાથી સમાધિના કિનારે હેમખેમ પહોંચે. ખલાસીઓ છે બહારથી સાધર્મિકો ને અંદરથી ક્ષમાવગેરે ગુણો. હલેસા છે ધર્મક્રિયાઓ. આપણે સતત ધર્મક્રિયાઓમાં પુરુષાર્થ કરતાં રહીએ, ને આપણી જીવનનૈયામાં એક પણ ટેવરૂપ બની ગયેલા દોષનું છિદ્ર નહીં હોય, તો આપણે કિનારે પહોંચવાના જ. હા, ભાગ્યરૂપી મોજાઓ - તરંગો આ નૈયાને સતત ઉપર - નીચે કરતાં રહેશે, પણ એને દિશાવિહીન ભટકતી નહીં બનાવી શકે. જે માત્ર ભાગ્યના ભરોસે ચાલે છે, તે પોતાની આ જીવન નૈયાને મોજા - તરંગોના ભરોસે મુકે છે. જેથી ઉથલ - પાથલ સિવાય બીજું કશું જ પામવાનું રહેતું નથી. માટે ભાગ્યને કોસ્યા વિના સમાધિમાં રહી ધર્મારાધનામાં આગળ વધજો.

આપણો મુખ્ય શત્રુ-પ્રમાદ

વિનુભાઇ ચોરી કરતા પકડાયા... કોટવાળે પૂછ્યું - અલ્યા ! તું ચોરી કેમ કરે છે ?

વિનુભાઇ બોલ્યા - તમારા પરિવારને માટે.

આશ્ચર્ય પામેલા કોટવાળે પૂછ્યું - મારા પરિવાર માટે ?

વિનુભાઇએ કહ્યું - હા. તમારા પરિવાર માટે જ.

કોટવાળે ગુસ્સે થઇને પૂછપરછ કરી - શું તું ચોરી કરી મારા બૈરી છોકરાને પૈસા આપે છે ? ના. તો કપડા લત્તા કરાવી આપે છે ? જી ના. તો શું દૂધ-શાકભાજી લાવી આપે છે ? બિલ્કુલ નહિ.... તો શું કોલેજની ફી ભરે છે ? પુસ્તકો લાવી આપે છે ? ના. ના. ના... તો પછી કેમ કહે છે કે મારા પરિવાર માટે ચોરી કરે છે ?

વિનુભાઇએ ઠાવકા મોઢે કહ્યું - જૂઓ.... અમે ચોરી કરીએ છીએ, તો તમે કોટવાળ બની શકો છો.... આગળ કહે તે પહેલા જ કોટવાળે જેલના સળિયા દેખાડી દીધા....

વિનુભાઇની વાત કેટલી વાજબી છે ? ચોરી પોતાની કુટેવ, કમજોરી કે કમભાગ્યને કારણે કરે છે. અને કહે છે બીજાને માટે.... જગતના જીવોનો આ અનાદિકાળથી પડી ગયેલો સ્વભાવ છે કે હંમેશા સ્વાર્થમાં રમવું અને પરમાર્થની વાતો કરવી. તુચ્છ સ્વાર્થને ખાતર સર્વનું સત્યનાશ નોંતરવા તૈયાર થતો આ જીવ જગતના કલ્યાણની વાતો કરતો ફરે.... એ આ સંસારનું ખતરનાક સ્વરૂપ છે. આ સંસારરસિક જીવ કદાચ સ્વપ્નમાં પણ પરમાર્થ થઇ જતો દેખાય, તો સફાળો બેઠો થઇને પોક મુકે તેવો છે. પોતાનો સ્વાર્થ રહી ગયો તેના અફસોસથી આખો દિવસ સોગિયું મોં લઇને ફરે એ એની સિકલ છે.

નોકરે શેઠને કહ્યું - મને ગઇકાલે રાત્રે સપનું આવ્યું.

શેઠે પૂછ્યું - તેનું શું છે ?

નોકરે કહ્યું - મેં સપનામાં જોયું, આપે મને છોકરાની કોલેજ ફી ભરવા ૫૦૦૦ રૂા. આપ્યા.

શેઠે કહ્યું - એમ ? તો હવે એ લોન પાછી વાળવા દર મહીને તમારા પગારમાંથી ૫૦૦-૫૦૦ રૂા. કાપી લેવામાં આવશે !

નોકર સપનાની વાત દ્વારા શેઠ ૫૦૦૦ રૂા. લોન આપે, એ આડકતરી રીતે કહેવા માંગે છે, ને શેઠ સપનામાં પણ અપાઇ ગયેલા પૈસાનો હિસાબ જાગૃત જીવનમાં સરભર કરવા માંગે છે !

આ સ્વાર્થી જીવને સપનાનો પરમાર્થ પણ પસંદ નથી. પ્રાયઃ મોટે ભાગના જીવોને ક્યારેય પરમાર્થ કર્યાનાં સપના પણ આવતા નથી. આપણે આ વાત આપણને આવતા સપના સાથે સરખાવી જોઇશું, તો ખ્યાલ આવી જશે.

આનું કારણ છે, જે સતત ઘુંટાયેલું હોય, તે અંદરના મન સુધી પહોંચી જાય છે. અને જ્યારે જાગૃત મન સૂઇ જાય છે, ત્યારે આ જાગૃત થયેલું અંદરનું મન સપનાઓ દ્વારા ઘુંટાયેલા સંસ્કારો જાહેર કરી દે છે.

પૂછો જાતને ! આપણી ફરિયાદ આપણને થયેલાં/થતાં અન્યાય માટે હોય છે, કે આપણી લોભવૃત્તિવગેરેના કારણે આપણાથી થઇ જતાં બીજાપરના અન્યાયમાટે હોય છે ? આપણે વડીલ કે વકીલની સલાહ બીજાદ્વારા આપણને અન્યાય ન થઇ જાય, તેના રસ્તા શોધવામાટે લઇએ છીએ કે મારા કોઇ નિર્ણય કે વ્યવહારથી બીજાને અન્યાય તો થતો નથી ને ? એ જાણવા માટે લઇએ છીએ ?

અધમપુરુષો બીજાને અન્યાય કરે છે, સામાન્યજનો બીજાથી થતાં અન્યાયની ફરિયાદ કરે છે, સજ્જનો પોતાનાથી બીજાને અન્યાય થતો નથી ને તેની તકેદારી રાખે છે.

જગતના જીવોની જ્યારે આ હાલત છે, ત્યારે ધર્મપ્રિય મહાનુભાવોની સ્થિતિ અલગ છે. જેઓમાં હાડોહાડ ધર્મ વણાઇ ગયો છે. જેઓની પ્રત્યેક પ્રવૃત્તિમાં શુભભાવ વરતાઇ રહ્યો છે. જેઓના ચૈતન્યના પ્રત્યેક ધબકારામાં જીવોસાથેની મૈત્રીનું સુગમ સંગીત ગૂંજી રહ્યું છે. તેવા મહાપુરુષોને મન પરમાર્થ જ સ્વાર્થરૂપ છે. તેમને હિસાબે માત્ર ધર્મ જ આચરણીય છે. સર્વને હિતકર પ્રવૃત્તિ જ કરવા યોગ્ય છે એવો તેમના આત્માનો અવાજ છે. અને વાસ્તવમાં ઉત્કૃષ્ટ કક્ષાનું સ્વહિત પણ એ જ સાધી શકે છે.

ધર્મક્રિયા - કોઇ પણ ધર્મ કરતી વખતે આનંદ, કર્યા પછી ચિત્તપ્રસન્નતા, જીવનમાં શાંતિ-સ્વસ્થતા મરતાં સમાધિ આપે છે. પંચસૂત્રમાં બતાવેલા ધર્મના ચાર સ્વરૂપ વિચારો.... (૧) ધર્મ પ્રકૃતિથી સુંદર છે. ક્ષમા, નમ્રતા, દાનવગેરે સ્વભાવથી જ સુંદર મનાયા છે. ધર્મના નામ પણ બધાને ગમે - ક્ષમાબેન ગમે. ક્રોધભાઇ કોને ગમે ? કોઇના નામ એવા શોધી આપો કે જે અધર્મરૂપ હોય, ક્રોધચંદ, અહંભાઇ, ઇર્ષ્યાબેન, લોભલાલ.... (હા, માયાબેન ક્યાંક મળી જાય છે, પણ તે માયા=લાગણીના સંદર્ભથી, નહીં કે કપટ-પ્રપંચના સંદર્ભથી)

જ્યારે ધર્મપર નામ કોને નથી ગમતું ? અશાંત માણસ પણ પોતાને શાન્તિભાઇ કહેવડાવે. ક્રોધ-વેરમાં બળતો માણસ પણ પોતાને પ્રશાંતકુમાર તરીકે ઓળખાવે. અહં ને ઇગોમાં મસ્ત પણ પોતાને વિનયચંદ કહેવડાવે. અંદરથી કાળો પણ પોતાને ધવલશેઠ કહેવડાવતા હતા. મહાલોભીનું નામ સંતોષકુમાર હોવાનું !

ન્યાયાધીશે ચોરને પૂછ્યું - ચોરી કરવા તું એકલો ગયેલો? ચોરે કહ્યું - હા, સાહેબ ! આજકાલ પ્રમાણિક પાર્ટનરો મળતા નથી ! ચોરને પણ પ્રમાણિક સાથીદાર જોઇએ છે ! પ્રાયઃ દરેક ચોર પ્રમાણિક તરીકે પ્રસિદ્ધ થવા ઇચ્છે છે.

ધર્મની આકૃતિ પણ સુંદર છે. ક્ષમાવીર પ્રભુ મહાવીર સ્વામીની આકૃતિ જૂઓ ને ક્રોધી સાપ ચંડકૌશિકની આકૃતિ જૂઓ. કયો માણસ પોતાના ક્રોધવગેરે વખતના ફોટા પડાવવા ઇચ્છે ? અહંકારીની મુખાકૃતિ જ તેના અહંની ચાડી ખાય, અને અહંકારી સાથે વાત કરવાની ઇચ્છા કોને થાય ?

ધર્મ પામેલા જીવની યોગ્યતા પણ ઘણી વિકસી હોય છે. સાચું, હિતકારી, સમજાવતા તરત સમજી જાય, ખોટી વાતની પકડ ન હોય, માયા-પ્રપંચમાં રસ ન હોય. જતું કરવાની વૃત્તિવાળો હોય. લડાયકવૃત્તિ, ઝનુન, બધાને પાયમાલ કરી નાંખનારી જીદ આ બધા લક્ષણો ધર્મયોગ્ય જીવના નથી હોતા. આમ ધર્મમાટેનું દ્રવ્ય (=જીવયોગ્યતા) પણ કેટલું પવિત્ર હોય.

સામે પક્ષે પાપલક્ષી, પાપરસિક જીવોની હાજરી જ નરક ઊભી કરી નાંખે. એના વિચાર-વર્તન-વ્યવહાર બીજાને ત્રાસદાયક હોય.

ધર્મનો ભાવ-વિચાર જીવને સ્વસ્થ, પ્રસન્ન, આનંદી કરી નાંખે, પાસે રહેલાને પણ જાણે કસ્તૂરીની સુવાસ આવવા માંડે. અને પાપના વિચારો - જીવને ચિંતા-સંક્લેશ, ઝનુની, સંતાપથી ભરી દેનારા હોય છે. પાસે રહેલાને પણ જાણે કે લસણની વાસ આવવા માંડે. આમ ધર્મ બધી રીતે સુંદર છે.

(૨) ધર્મ અનુગામી છે. જેમ ક્રોધવગેરે પાપો અનુગામી છે, તેમ ધર્મ પણ અનુગામી છે. અહીં અનુગામી એટલે દુર્ગતિ કે સદ્ગતિવગેરે પારલૌકિક ફળની વાત નથી. કરેલા અધર્મથી દુર્ગતિ મળે કે કરેલા ધર્મથી સદ્ગતિ મળે, તે તો સજા કે મજારૂપે સ્વીકારી લેવાય. પણ ખરી વાત એ છે કે જે ધર્મ કે અધર્મ તમે અહીં આદરો, એ વધુ બળવત્તર બનીને પરભવમાં પણ આવે.

અહીં કરેલો દાનધર્મ પરલોકમાં સુખરૂપે ફળ તો આપે, પણ સાથે એ દાનધર્મ વધુ બળવત્તર બનીને પણ ત્યાં આવે. આ જ વાત અધર્મ માટે પણ સમજવાની. એટલે કે પરભવમાં એ પાપના ગુણાકારથી ડરવાનું છે કે જે વધુ ભયંકર નુકસાન અને પાપતરફ દોરી જાય. એ જ રીતે અહીં કરેલો નાનો પણ રસપૂર્વકનો ધર્મ પરભવમાં ગુણાકારસાથે આવશે કે જે વધુ બળવાન લાભ અને ધર્મનું કારણ છે. આમ કરેલો ધર્મ કે અધર્મ સંસ્કારરૂપે અને ફળરૂપે પરલોકમાં સાથે આવશે, નહીં કે ધન, કુટુંબ, સાધનો, કે ઇજ્જત.

(૩) વળી ધર્મ જ પરોપકાર તરફ લઇ જાય છે. અરે, જેમાં પરોપકાર ન હોય, તે ધર્મ હોય ખરો ? વળી ધર્મ જે પરોપકાર તરફ લઇ જાય છે, તે એક દિવસ એક વરસ કે એક ભવ નહીં, પણ પૂરી ભવપરંપરા સુધારી નાંખે, એવા પરોપકાર હોય છે. ધન હોય, તો પરોપકાર નહીં થાય. ઉદારતા હશે, તો પરોપકાર થશે. શક્તિ હશે, તો પરોપકાર નહીં થાય. (સેવારૂપે) સદ્ભાવ હશે, તો પરોપકાર થશે. સમય હશે, તો પરોપકાર થશે, વાત ખોટી. હૈયું હશે, તો પરોપકાર થશે.

(૪) પરમાર્થહેતુતા પણ ધર્મની છે. પરમ=શ્રેષ્ઠ. અર્થ=પ્રયોજન. તેથી પરમાર્થ = મોક્ષ. વહેતી ગંગા બંને કિનારાના ખેતરોને લીલાછમ રાખે, પાપીના પાપ ધોય, તૃષા છિપાવે, એ પરોપકાર છે, પણ અંતે સાગરને જઇ મળે, એ પરમાર્થ છે. એમ ધર્મથી સંસારમાં રહીએ ત્યાં સુધી પરોપકાર સધાય છે. પણ અંતે તો તે મોક્ષ નામના મહાસાગરમાં જીવને ભેળવી, અક્ષય-અનંત-અવ્યાબાધ બનાવે છે.

સંસારી જીવો સતત ધનમાટે આ વિચારણા કરે છે. વસુ વિનાનો નર પશુ, બધા જ ગુણો સોનામાં રહ્યા છે વગેરે વાતો દ્વારા ધનને જ સુંદર માને છે. ધનથી ઘર શોભે (ફર્નીચર દ્વારા), શરીર શોભે (વસ્ત્ર-વિભૂષા દ્વારા) નામ શોભે (લોકો બહુમાનથી બોલાવે). ધનને જ અનુગામી માને છે. જ્યાં જાવ ત્યાં, પૈસો-ધન હશે, તો કામ આવશે, અનુકૂળતા-સગવડ મળશે. પૈસા હશે, તો પરોપકાર થશે !

અને માન-સન્માન, વાહ-વાહ, સુખ-સગવડ બધું જ પૈસાથી છે, માટે પૈસો જ પરમાર્થ છે.

વળી પૈસો રળવો કંઇ સરળ વાત નથી. પૈસા જશે - પૈસો ખલાસ થઇ જશે, તો જીવન જીવવું અકારું થઇ પડશે. પરિસ્થિતિ ભયંકર થઇ જશે. પૈસા વિના તો પાગલ થવાની હાલત આવે, ને લોકો પણ પાગલ જ માને. ગુમાવેલા પૈસા પાછા મેળવવા એ ભારે મહેનતનું કામ છે. ઇત્યાદિ પૈસાને કેન્દ્રમાં રાખી સતત વિચારણા, વાતો વ્યવહારોના કારણે બધા ભૂતની જેમ પૈસા પાછળ પડ્યા છે.

બેટો કહે - પિતાજી ! આપને તો મારી કશી કિંમત જ નથી. પિતાજી કહે - બેટા ! એમ તે કંઇ હોય, તું તો મારે એકનો એક દીકરો છે, મારે માટે તો તું લાખ રૂા. નો છે. બેટો કહે - તો પછી એમાંથી થોડા મને વાપરવા આપો !

હા, બેટાને પણ પૈસા જોઇએ છે, પોતાની કિંમત વસૂલ કરવાના નામે.

જીવન જાણે અહીં જ સમાપ્ત થઇ જવાનું છે, પરલોક નામની ચીજ જ નથી. આ હાડોહાડ વણાઇ ગયું છે. માટે પૈસો પરમેશ્વર બની ગયો છે. જે પરલોક જોઇ શકે, પૈસા રળવા ઉધામા કરતાં જીવોની હાલત જોઇ શકે, તે અવશ્ય પૈસાને છોડી ધર્મને જ પકડે.

ધર્મપ્રવૃત્તિ કરનાર (૧) સ્વહિત સાધે છે. સમાધિ મેળવવા દ્વારા, પરલોકને સલામત બનાવવા દ્વારા અને પરંપરાએ પરમપદને પામવા દ્વારા. (૨) ધર્મ કરનાર વ્યક્તિ પરહિત સાધે છે, તેના અહિતની પ્રવૃત્તિમાંથી સ્વયં અટકવાદ્વારા. તેના હિતની પ્રવૃત્તિ આચરવાદ્વારા અને તેને હિતની પ્રવૃત્તિના આચરણમાં આલંબન બનવા દ્વારા. (૩) ધર્મની પ્રવૃત્તિમાં પ્રવૃત્ત થનાર, શાસનસેવા કરે છે. શાસનની કૃપાથી મળેલી શક્તિ સામગ્રીને સન્માર્ગમાં વાળવા દ્વારા, સ્વપુણ્યોદયને શાસનની પ્રભાવનામાં ખર્ચવા દ્વારા, અને અનેકમાં બોધિબીજ વાવી શાસનની ધુરાને અખંડિત ચલાવવા દ્વારા. (૪) ધર્મની પ્રવૃત્તિ કરનાર સર્વહિત સાધે છે. હૃદયના ઉછળતા પ્રેમતરંગોમાં તે સર્વેને ઝૂલાવવા દ્વારા. તેઓની કતલની પ્રવૃત્તિમાંથી પાછા ફરવા દ્વારા. અને તેઓના અભયની ઘોષણા કરવા દ્વારા.... ધર્મની પ્રત્યેક પ્રવૃત્તિમાં આ ચાર હિતો સમાયેલા હોય છે. પછી એ ધર્મક્રિયા સામાયિકરૂપ હોય કે પૂજારૂપ હોય. રાત્રીભોજનના ત્યાગરૂપ હોય કે હોટલમાં પગ ન મૂકવારૂપ હોય. એ ધર્મક્રિયા અભક્ષ્યના ત્યાગરૂપ હોય કે મહારાગના સાધનભૂત કેરી વગેરે ભક્ષ્યના ત્યાગરૂપ હોય.

સામે પક્ષે પોતાના તુચ્છ સ્વાર્થને ખાતર કે પોતાના માનેલા સગાઓના અલ્પકાળના હિતને ખાતર સંસારની નાની પણ પ્રવૃત્તિ કરનાર સ્વ-પર અને સર્વના અહિતને આચરે છે. યાદ રાખજો ! સંસારમાં હસવું અનેકના રોવા પર ઊભેલું છે. સંસારનાં એ સો રૂપિયા કંઇકના ઝૂટવાયેલા રૂપિયામાંથી બને છે. વિચાર કરો ! આત્માને પૂછો - હે આત્મન્ ! તારે ઘરે આવેલાં ટી.વી. ના પડદાની પાછળ કંઇકના નહિ સુકાયેલા આંસુંઓની કરૂણ કથની છૂપાયેલી હશે. તારી અલ્પસુખ માટેની નાનકડી પ્રવૃત્તિ પણ અસંખ્ય એકેન્દ્રિય વગેરે જીવોના બલિદાનપર.... તેઓની મૂંગી હાય ઉપર... તેઓની જાણતા અજાણતા થઇ ગયેલી કતલ પર રચાયેલી છે... તારી આ પ્રવૃત્તિ તારું.... તારા પરિવારનું તારા સમાજનું કે તારા દેશનું હિત નહિ સાધી શકે. પોતાના તેજના બળ પર ચંદ્ર-ગ્રહ-તારાઓને ધોળે દહાડે દબાવી દેનાર સૂર્યને જો અંતે દરિયામાં ડૂબકી લગાવવી પડતી હોય... પોતાના જ આપઘાતના રસ્તે આગળ વધવું પડતું હોય... આખી રાત ઉદય વિનાની હાલતમાં ગુજારવી પડતી હોય. તો અનેકની હાયપર ઊભેલો તારો સંસાર... કેટલો કાળ લીલોછમ રહી શકશે ? કંઇક જીવોને દુઃખના ખાડામાં ઉતાર્યા પછી તું કેટલીવાર સુધી સુખના ટેકરા પર ઊભો રહી શકશે.... બીજાની હાયપર પગ ટેકવીને ઉભેલી તારી હાશ કેટલો કાળ નિરાંતનો દમ ખેંચી શકશે ?

આ સંસારના કાર્યોમાં મશગુલ બનેલો તું... ક્યારેય તને ધર્મ યાદ આવે છે ? કદી ય તારી નજરમાં તારા પરલોકનો વિચાર આવ્યો છે ? અરે, જવા દે વાત પરલોકની... ચિતામાં પોતાના પુત્રના હાથે જ અગ્નિદાહ દેવાતી પિતાજીઓની ઠાઠડીને જોઇ ઘડીભર પણ તું અવાક્ થયો છે ? મરણકાળે તરફડિયા મારતા જીવોને જોઇ ક્ષણભર પણ તેં તારા મરણનો વિચાર કર્યો છે? ધર્માત્માની મરણકાળે સ્થિતિ અને જીંદગીભર સંસારકાર્યોમાં રચ્યાપચ્યા રહેનારાની મરણકાળે સ્થિતિ - આ બન્ને વચ્ચે રહેલા અંતરને તેં ક્યારેય નિરખ્યાં છે ? એકના મુખપર રહેલી અપૂર્વ સમાધિ, આવેલા મરણને પણ સહર્ષ સ્વીકારી લેવાની તૈયારી... માત્ર કપડા બદલવાના હોય તેવી લાગતી સહજતા કોના કારણે ? અને બીજાની મરણકાળે ભારે અસમાધિ.... મરણથી બચવા ધમપછાડા... ગ્લાનિ... હાયસોસી... શા કારણે ? આ બન્નેના કારણોને તેમના જીવન તપાસવા દ્વારા જાણવાની જિજ્ઞાસા કરી છે ? ધર્મને પ્રાણ બનાવનાર વ્યક્તિ તો જીવનની પ્રત્યેક પળે જે મસ્તીની મોજ માણે છે, એની તો દેવો પણ ઇર્ષ્યા કરે છે એવી તને ખબર છે ?

જો તેં આ બધાનો વિચાર કર્યો હોય તો, ધર્મની તારી લગની અજોડ હોય. ધર્મકાર્યમાં 'થાય છે શું ઉતાવળ છે ?' 'કંટાળો આવે છે.' 'નથી કરવું.' વગેરે ભાવો તથા ધર્મપ્રત્યે આળસ, ખેદ, ઉદ્વેગ, કંટાળો, ઉપેક્ષાભાવ, પ્રમાદ. આ બધું ધર્મની કિંમત ન સમજવાથી પ્રગટે છે. ઝવેરી બજારમાં દુકાન મળ્યા પછી ધંધાના સમયે દુકાનમાં જઇ ઝોકા ખાનાર કરતાં પણ મૂર્ખાઇમાં તે વ્યક્તિ બે વેંત આગળ ચડી જાય છે, કે જે વ્યક્તિને જૈનધર્મ અને સામગ્રીયુક્ત માનવભવ મળ્યા પછી પ્રમાદ કરવાનું મન થાય છે.

પરીક્ષાના થોડા દિવસ બાકી હતાં. ઇન્સ્પેક્ટર સ્કુલમાં ચેકીંગ માટે આવ્યા. એક ક્લાસમાં શિક્ષક આરામથી ઉંઘે. ટેબલપર પગ રાખેલા ને માથુ ખુરશીપર ! એટલામાં ઇન્સ્પેક્ટર આવ્યા. વિદ્યાર્થીઓએ શી... શ... કરી શિક્ષકને ઉઠાડ્યા. શિક્ષક સફાળા જાગી ગયા. ઇન્સ્પેક્ટરને જોઇ વિદ્યાર્થીઓને કહેવા માંડ્યું – હા, તો આફ્રિકાના જંગલમાં વાંદરાઓ ડાળી પર કેવી રીતે ઉંઘે છે, એ તમે જોયું ને ? આગળની ઊંચી ડાળી પર પગ ટેકવીને એ વાંદરાઓ એવી રીતે સૂતા હોય છે કે પડવાનો ભય જ નહીં.

છોકરાઓ તો શિક્ષકની વાનરછાપ ચાલાકીથી હસી પડ્યા. ઇન્સ્પેક્ટરથી પણ ના છૂટકે હસી પડાયું.

હા, તમે વર્ગમાં કે દુકાનમાં, જીવનમાં કે સાધનામાં પ્રમાદ કરો, ઉંઘતા રહો, અને તે પછી લોકો આગળ કે સાધુભગવંતો આગળ જાત-જાતના બહાના-ચાલાકી કરી છટકી જાવ, તે તમારી હોંશિયારી જરૂર ગણાય. પણ કર્મસત્તા આ હોંશિયારીને ચલાવી લેતી નથી, તે ભૂલશો નહીં. માટે સમજી લો.... સંસારના કાર્યોમાં આસક્ત બની ધર્મના કાર્યોમાં પ્રમાદ વગેરેથી અશક્ત બનનાર જેવો બેવકૂફ બીજો કયો ? પોલિસને ઘરમાંથી રવાના કરી ગુંડાઓ સાથે મહેફિલ જમાવનાર જેવો પાગલ અન્ય કોણ હોઇ શકે ?

પ્રમાદ એક એવો ભયંકર રોગ છે, કે જેણે આપણા અનંત ભવો બરબાદ કરી નાખ્યા છે. આ જ પ્રમાદે આપણને અમૂલ્ય પુણ્યના ખર્ચે મળેલી શક્તિ-સામગ્રીઓને તુચ્છવિષયરૂપી ધૂળમાં રગદોળી નાખી છે. આ જ પ્રમાદે મળેલા ભગવાનને ઓળખવા નથી દીધા. પ્રાપ્ત થયેલા જૈનધર્મને આરાધવા નથી દીધો. આવેલી સોનેરી તકોને જતી કરાવી છે.

મહામુનિ અને ચૌદપૂર્વી જેવાને ઊંચા સ્થાનોથી ગબડાવી ને નિગોદ ભેગા

કરનાર આ પ્રમાદ છે.

સમય નથી, ફુરસદ નથી, રસ નથી જામતો, વગેરે ભાવો પ્રમાદના પર્યાયો છે. આ પ્રમાદ રોગે સત્ત્વહાનિ, શક્તિહાનિ, બુદ્ધિહાનિ, પુણ્યહાનિ, લાભહાનિ, વગેરે ઘણા દોષો ઊભા કર્યા છે. અને છતાં આ પ્રમાદ છોડવો આપણને પાલવતો નથી. દીવા તરફ ધસીને મરી રહેલા પતંગિયાને ખબર ન હતી કે અહીં મારું મૃત્યુ છે - માટે એ દયાપાત્ર છે. પણ પ્રમાદથી પોતાનું સર્વનાશ જાણવા છતાં જે પ્રમાદના પંથથી અટકતો નથી... પીછેહઠ કરવા તૈયાર નથી.... પણ એ જ રફતારથી આગેકૂચ ચાલુ રાખે છે. એ વ્યક્તિ શું દયાપાત્ર છે કે હાસ્યાસ્પદ છે કે ઉપેક્ષાપાત્ર છે ? કે પછી તિરસ્કારને પાત્ર છે? નિર્ણય તારે કરવાનો છે.

વિશેષ શું કહેવું ? ધર્મની તક છે... લાખેણી પળ છે... મૂલ્યવાન્ શક્તિ છે... અપૂર્વ સમજણ છે... અમૂલ્ય ધર્મ છે... ફળ અમાપ છે... ચૂકીશ તો નુકસાન અગણિત છે... વિચાર કરજે... પરલોકને નજર સામે રાખજે... આળસને મહત્ત્વ ન આપીશ... આ આળસ ગુંદરિયો મહેમાન છે... જરા પણ આવકાર આપશો, તો કદી જવાનું નામ નહિ લે... જનમ જનમ સુધી ચોંટીને રહેશે... માટે આળસને તો વહેલી તકે રવાના કરો.

વિદ્યાલયના પ્રિન્સીપાલને એક સ્ત્રીએ પૂછ્યું - મારા પુત્રને તમારી વિદ્યાલયમાં ભણવા મુકું. પણ તમે મને ખાતરી આપી શકશો કે આ વિદ્યાલયમાં કેળવણી પામેલો મારો પુત્ર જિંદગીમાં સફળ થશે અને ચારિત્ર્યસંપન્ન બનશે ?

ત્યારે પ્રિન્સીપાલે હળવા મૂડમાં કહ્યું - અવશ્ય એમ જ થશે, ને જો ન થાય, તો તમારો પુત્ર તમને પાછો - પરત કરીશું !

જાણે કે માલ પરત કરવાની વાત હોય, એવી રીતે છોકરાને પરત કરવાની આ વાતમાં મજાક ભલે હોય, પણ વાત એ છે કે પુત્ર ભલે પાછો મળે, પણ એના ગયેલા વર્ષો પાછા મળશે ? મારે તમને પૂછવું છે કે તમે આ જિંદગીમાં ચારિત્ર્યસંપન્ન બન્યા નહીં, કોઇ એક ધર્મમાં પણ પારંગત બન્યા નહીં, કોઇ એક શુભભાવને પણ અસ્થિમજ્જાગત જેવો બનાવ્યો નહીં, તો તમને બીજો ભવ તો મળશે, પણ આ બધી રીતે યોગ્ય માનવભવના ગયેલા વર્ષો પાછા મળશે ?

જે આ ભવમાં કશુંક નક્કર કરવા પ્રયત્નશીલ છે, તે પોતાના વર્ષો - મહીનારૂપી સમયોનું પ્રિમીયમ ભરી મર્યા પછી વિમો પકાવે છે સદ્ગતિનો. જે વ્યર્થમાં - નકામામાં, પ્રમાદમાં સમય વિતાવે છે, તેઓ પોતાના સમયોરૂપી

પ્રિમીયમ ભરી અંતે મોતનો વિમો પાકતા મેળવે છે દુર્ગતિ.

આળસ માટેની કેટલીક કટાક્ષિકા....

૧) આળસ નામના કાર્યથી થતી કમાણીનું નામ છે, ગરીબી! ધર્મમાં આળસથી પુણ્યની ગરીબી! ગુણની દરિદ્રતા!

૨) આહાર ને નિદ્રાની જેમ આળસ વધારો તેમ વધે!

૩) જેને ધર્મ કરવાની આળસ છે, તેની જ ફરિયાદ છે - સમય નથી મળતો! (કેમકે પાનના ગલ્લે, ગલીના નાકે, ટી.વી. ની સામે ઘણો સમય જતો રહે છે.)

૪) મોટે ભાગના લોકો એક જ મહત્ત્વનું કામ કરે છે - તે છે ઉંમર વધારવાનું! (ધર્મ વધારી શકે, પણ કીડી ચઢે છે. ધન વધારવાના ફાફામાં પુણ્યનો સાથ મળતો નથી.)

૫) હાશ! નવકારવાળી પૂરી થઇ, હાશ! પ્રતિક્રમણ પૂરું થયું, હાશ, પ્રવચન પત્યું.... આ ઉદ્ગારો ધાર્મિકતા નથી, ધર્મથી કંટાળેલા - ધર્મમાં પ્રમાદી- આળસુના છે.

૬) ધર્મથી છટકવા માંગતા માણસો દુનિયામાં સૌથી અઘરું કામ કરે છે, અને તે છે - કશું ન કરતાં હોવા છતાં ઘણું કરતાં હોવાના દેખાવ કરવાનું અને મનાવવાનું કામ.

૭) એક બાજુ લોકોને પ્રમાદ-આળસ કરતાં જોઉં છું, ને બીજી બાજુ ગર્ભપાતની વાત સાંભળું છું, ત્યારે હાય નિકળી જાય છે, ને થાય છે કે આમના (આળસુઓની ભીડના) કારણે પેલા બિચારાઓની તક ગઇ. તમને જનમવાનો ચાન્સ મળ્યો, પણ તમે ધર્મ કરીને એને સાર્થક કરવાને બદલે માત્ર ભીડ વધારી, ને લોકોએ/સરકારે વસતી વધારાના નામે ગર્ભપાત ચાલુ કર્યા. બીજા કોઇકને માનવતરીકે જન્મી ધર્મ કરવાની તક છિનવાઇ ગઇ. બોલો! તમે જગદીશ્વર, જાતને અને નહીં જન્મેલા બાળકના ગુનેગાર ખરા કે નહીં?

એકત્વની અનુભૂતિ

ધર્મલાભ ! તારો પત્ર મળ્યો. ઘરમાંથી બધા જાત્રાર્થે બહાર ગયા હોવાથી તને એકલવાયું લાગે છે. એકલતા ખુંચી રહી છે તે જાણ્યું. એક પ્રસંગ યાદ આવે છે.

બહારગામથી ટ્રેનદ્વારા બે ભાઈ મળવા આવ્યા. બન્ને અલગ-અલગ આવેલા. સાથે કોઈ નહીં. મેં પહેલાને પૂછ્યું - કેમ એકલા જ આવ્યા છો ? પેલાએ સક્ષોભ સંકોચથી કહ્યું - હા ! હું એકલો જ આવ્યો છું.

એના મોંઢાપરની સંકોચરેખાઓની ભૂમિતિ જોઈ મને પણ લાગ્યું કે આમ ન પૂછ્યું હોત તો સારું થાત.

આ જ પ્રશ્ન મેં બીજા ભાઈને પણ પૂછ્યો. એ ભાઈએ ખીલેલા ચહેરાસાથે હસતા હસતા કહ્યું - કોણે કહ્યું ? હું તો આખી ટ્રેન સાથે આવ્યો છું. એની મસ્તી જોઈ મને પણ ઉમંગ આવ્યો.

સમાન પરિસ્થિતિમાં એકને એકલવાયા હોવાનો સંક્ષોભ છે, તો બીજાને ઘણા સાથે હોવાનો આનંદ છે. આમાં કારણ બાહ્ય પરિસ્થિતિ કરતાં પણ વિશેષરૂપે માનસિક વલણ છે....

કેટલાક સ્વભાવથી જ Reserved હોય છે. એકલપટા હોય છે. જલ્દીથી બીજાઓ સાથે ભળી શકતા નથી. સાથે સાથે તેઓ જ જેઓ સાથેના સુદીર્ઘ પરિચયથી સંબંધમાં ઉષ્મા આવી હોય, જેઓના સહવાસમાં આપણું કોક સાથે છે એવી હુંફ રહી શકે એ બધાનો સાથ સતત ઝંખતા હોય છે, તેથી તેઓની ગેરહાજરીમાં એકલતાના અનુભવથી પીડાતા હોય છે.

ખુલ્લા મગજની અને બધા સાથે સહજ ભળી શકનારી વ્યક્તિને ક્યાંય એકલતા નડતી નથી.

ટોળા અને સમાજમાં રહેલા માનવમનને ભીડની એક ટેવ પડી જાય છે.

ઘરમાં પરિવારસાથે રોજ રહેવાથી મન એથી ટેવાઇ જાય છે. તેથી જ એને સમુદાયગત અશાંતિ-કંકાસ એકાંતગત શાંતિ-સ્વસ્થતાથી વધુ પસંદ પડે છે. એકાંતની શાંતિને સ્મશાનની શાંતિ કહી વગોવવામાં આવે છે.

પણ આજની પરિસ્થિતિ થોડી વિચિત્ર ઊભી થઇ છે. આજે પણ માનવીને એકલતા તો જોઇતી જ નથી. પણ એકલતાના ખાડાને પૂરવાના સાધન બદલાઇ ગયા છે. આદમી ઘરકૂકડી બનતો જાય છે. ટી.વી., રેડિયો અને ન્યૂઝ પેપરના માધ્યમથી ઘર બેઠે આખી દુનિયાના સમાચાર મેળવી લે છે. મનોરંજનમાટે પણ હવે એને ફરવા જવાની કે નાટક / સીનેમા હોલ સુધી જવાની જરૂર નથી. ઘરમાં જ મનોરંજન સામગ્રી ઉપલબ્ધ છે. ફેવરીટ ગાયકના ગીતો પણ કેસેટો દ્વારા ઘર બેઠા સાંભળી શકાય... સાધુઓના પ્રવચન પણ ઘર બેઠે ઉપલબ્ધ છે. ભક્તામર જેવા સ્તોત્રો પણ ઘરમાં સાંભળી શકાય...

શરુઆતમાં મળવા જવાનો અને પછી પત્ર વ્યવહારનો જે સિલસિલો હતો તે હવે લુપ્ત થતો જાય છે, કેમકે ટેલીફોન-ફેક્સ વગેરે વધુ ઝડપી અને અનુકૂળ સાધનોં ઘરમાં જ વસાવી લીધા છે. આજ-કાલ તો ધંધા પણ ફોનથી જ કરી લેનારાઓની સંખ્યા વધી છે. અરે શાકભાજી માટે પણ બહાર જવાની જરુર નથી... ફોનથી ઓર્ડર આપી દો, એટલે કામ પત્યું.

આ બધાના કારણે આત્મીય સંબંધની ક્ષિતીજ ટૂંકી ને ટૂંકી થતી જાય છે. બધાના દિમાગમાં રાઇ છે કે મારે પડોશીની પણ હવે જરુર નથી. માત્ર પરિવાર પૂરતી મર્યાદિત સંબંધરેખા વિભક્ત કુટુંબ પ્રથા શરુ થયા પછી તો ખૂબ જ નાની થઇ ગઇ છે. હું અને મારી વહૂ, તેમાં સમાયા સહુ.

બસ કૂવાના દેડકાની જેમ પોતાના ઘરમાં જ પોતાની આખી દુનિયા વસાવી લેનારને પછી જ્યારે કોક સંજોગવશ ઘરના એ સભ્યોથી વિખૂટા પડવાનું આવે કે ઉપરોક્ત સામગ્રીમાંથી એકાદનો પણ અભાવ થાય એટલે એકલતાનો ઉદાસીભર્યો ઓછાયો ઘેરી વળે. પછી એકલતાના એ ગમને ભૂલવા જેનો સહારો લેવાય, એ વળી પોતાની એવી હવા જમાવી દે કે પછી એના વિના ય ન ચાલે.... એ ન મળે એટલે પેલી ઉદાસી ઓર ઘેરી બને.

એટલું સમજી લે ! સંયોગ ઘડિયાળના કાંટા વિયોગ તરફ ખસતા હોય છે, સાથીદારીના સિક્કાની પાછળ એકલતા કોતરાયેલી છે....

આમ જોવા જાવ તો માતાના પેટમાં ગાળેલા નવ મહીનામાં આપણે એકલા

જ હતા.... જનમતી વખતે એકલા જ હતા... અનંતની યાત્રાએ પણ એકલા જ ઉપડવાનું છે. એટલે એકલતા એ જ કાયમી સાથી છે.

વચ્ચેના જીવનગાળામાં ઘણાઓસાથે પરિચય થવાથી એકલતાનો એ સાથ ભૂલાઇ જાય છે. ઘણા સાથે રહેવાની ટેવ પડે છે.... પણ એ બધા ચોવીસે કલાક તો સાથે રહેવાના નથી જ. તેઓ પણ પોતાની એકલતા દૂર કરવા તમારી પાસે આવે છે, પછી સમય-સંજોગોને અનુસાર તેઓ દૂર થાય છે ત્યારે સંગનાં કારણે ભૂલાઇ ગયેલી એકલતાને પાછળ છોડતા જાય છે. જયંત પાઠકની આ કવિતા...

જે કોઇ આવે છે,
તે થોડી એકલતા લાવે છે
આપણીમાં ઉમરેવા,
જે કોઇ જાય છે
તે થોડી એકલતા લઇ જાય છે
પોતાનીમાં ઉમેરવા
એકલતા જ એક સત્
પ્રતીક્ષા ને આગમન
વિરહ ને મિલન – બધું
વિપ્રા બહુધા વદન્તિ

ઘણીવાર એવું પણ બનતું હોય છે, કે સંબંધની ઘનિષ્ઠતાપર એકલતાની તીવ્રતા મંદતા આધારિત હોય છે. કોક એક સાથે ક્યારેક એવી ઘનિષ્ઠતા જામી હોય કે બીજા પરિચિતો બધા હાજર હોય, તો પણ એ એકની ગેરહાજરીમાં એકલતાનો હાઉ ઉદાસ બનાવી દે છે.

તારા પત્રથી જાણવા મળ્યું કે તને પણ આવી જ એકલતા સતાવી રહી છે. તારી આ એકલતા દૂર કરવા કેટલાક ઉપાયો રજુ કરું છું... અપનાવી જો જે... શ્રદ્ધા છે કે તારી ઉદાસી દૂર થશે...

એકલતાને દૂર કરવાના બે ઉપાય છે (૧) બાહ્ય અને (૨) આભ્યંતર.

(૧) બાહ્ય :- સૌ પ્રથમ તો સંબંધના નાનકડા તૈયાર કરેલા ઘેરાવામાંથી કૂદીને બહાર આવવાની જરુર છે. કેમકે નાનકડા ઘેરાવામાંથી બહાર આવશો, તો જગતના ઘણા અપરિચિત સૌંદર્ય માણવાનો અવસર મળશે.

જગતના પાંચ અબજ મનુષ્યોમાં દરેકનો સ્વભાવ, વ્યવહાર, વિચાર, ગુણ-

દોષ અલગ છે. દરેક વ્યક્તિ એક અભ્યાસ કરવા યોગ્ય સ્વતંત્ર પુસ્તક સમાન છે.

કદાચ એ પાંચે અબજનો તો પરિચય શક્ય ન બને. તો પણ આસપાસ રહેતા પડોશી વગેરેના પરિચયમાં આવવાથી તેઓમાં રહેલા ઉમદા ગુણો જાણવા મળશે... સ્વભાવગત દોષોથી તેઓના જીવનમાં ઊભી થયેલી વિષમતાના પરિચયે એવા દોષોથી સાવધાની મળશે. તેઓના જીવનમાં ઊભી થયેલી ગૂંચને તું સહાનુભૂતિથી સાંભળીશ, તો તેઓને આત્મીયજનની હુંફ મળ્યાનો આનંદ થશે. એ ગૂંચ દૂર કરવામાં તેં આપેલા સહકારને સફળતાનો સાથી બનતા જોઇ તને પણ સુકૃતનો આનંદ મળશે.

સાચા-ખોટાની પરીક્ષા, સ્વ-પરના ભેદની સાચી પરખ, પુણ્યનું પારખું આમ જ થાય. પૂર્વના રાજા-રાજકુમારોના ચરિત્રોમાં વારંવાર જોવા મળે છે કે દુનિયાને જોવા, પુણ્યને ચકાસવા અને સાચા મિત્રો પામવા તેઓ અડધી રાતે એકલા પોતાના મહેલ છોડી અજાણ્યા સ્થળોએ ઉપડી જતાં.

તારે તો એ બધું કરવાની જરુર નથી, પણ એકલતાની ઉદાસીનો ધાબળો દૂર કરી જરા આસપાસના લોકો સાથે આત્મીય પરિચય કેળવ.... એકલતા દૂર થશે. અને સારા મિત્રોનો યોગ થશે.

એ ન ભૂલીશ કે ઘણીવાર એવું ય બને છે કે જેઓને આપણે આપણા માન્યા હોય, અને જેમની ગેરહાજરીમાં આપણને અડવું અડવું લાગતું હોય, તે આપ્તજનો કદી ય એનું મોં ન જોવું, એવી ચીડ ઊભી કરાવનારા ઘાના ઉઝરડા આપણા હૃદય પર ઊભા કરી દે...

અને આવે વખતે જેઓને પરાયા ગણી ક્યારેય આવકાર્યા નહોતા, એવાઓ જ ઘાને રુઝવતા અક્સીર મલમ બની જાય એ પણ સંભવિત છે.

આમ જોવા જાવ તો કુદરતે એકલતાનો બોજ સહેવો ન પડે, એ માટે આસપાસ ઘણી કલ્લોલ કરતી સૃષ્ટિ ખડી કરી દીધી છે. બારી ઉઘાડીને જો... ઝાડપર ચકલીનું ચીચી... કબુતરોનું ઘુ ઘુ... કોયલના ટહૂકાઓ... આ બધા તને કલ્લોલથી ભરી દેવા તૈયાર છે. પંખીઓની નિર્દોષ રમતો... ખીસકોલીઓની દોડધામ... પતંગિયાઓની રંગીન ઊડાઉડ... માખીઓનો ગણગણાટ... બોલ શું ઓછું પડે છે !

નિસર્ગના મહાસંગીતનો, પ્રકૃતિના અમાપ સૌંદર્યનો, કુદરતની અજબ લીલાનો જરા તું અનુભવ તો કર. એના અજબના આનંદમાં સમય ટૂંકો પડી જશે.

કુદરતની એ નિર્દોષ જીવસૃષ્ટિ સાથે પ્રેમ ઊભો થશે, તો તારી દષ્ટિ વિશાળ થશે. પરમાત્માની અમેય કરુણાના વિશાળ વર્તુલમાં ઠાંસી ઠાંસીને ઉભરાતા અને સમગ્ર જીવસૃષ્ટિ સાથેના પ્રસન્ન વાત્સલ્યભાવથી છલકાતા એ આનંદનો રસાસ્વાદ અંશે પણ તું અનુભવી શકશે.

એક અબજોપતિ ધનવાન ઘણાઓથી ઘેરાયેલો હોવા છતાં એકલતાથી પીડાતો હતો. કેમકે એ ઘણાઓ એ ફૂલપાસે રૂપિયાના પરાગથી આકર્ષાઇને ખેંચાયેલા હતા... અને ધનવાનને એ વાતની ખબર હતી. તેથી ખુશામતના એ શરાબીપ્યાલાઓ પી-પીને પણ કંટાળી ગયો હતો... ખુશામતથી નશો ચઢવાને બદલે ચીડ ચઢતી હતી. કૃત્રિમતાની એ બદબુમાં સહજ ઉષ્માની હુંફ ન હતી... તેથી ધનવાન એ બધાથી દૂર-દૂર ભાગતો ફરતો હતો... એકાંત એરકન્ડીશન્ડ ઓફિસમાં એકલો પડ્યો રહેતો... તેથી ભીડથી મુક્ત હતો... પણ એકલતા કોરી ખાતી હતી... આનાથી ડિપ્રેશનની પરિસ્થિતિ ઊભી થઇ.

મનોચિકિત્સક પાસે ઇલાજ હેતુ ગયો. માનસિક પરિસ્થિતિનો ક્યાસ કાઢી મનોચિકિત્સકે કહ્યું - તમે એકલા એકાંત હોય, તેવા સમુદ્રકિનારે જાવ... સાથે આહાર-પાણીનો જે સામાન રાખવો હોય તે છૂટ... બાકી કશું સાથે નહીં જોઇએ. વ્યક્તિ પણ સાથે નહીં અને વસ્તુ પણ સાથે ન જોઇએ. ધનવાને કહ્યું - પણ ત્યાં તો એકલતા વધી જશે. મનોરંજનનું કોઇ સાધન કે પુસ્તક સાથે લઇ જાઉં તો સમય તો પસાર થાય... ચિકિત્સકે કહ્યું - મારી સાફ ના છે. કશું જ સાથે ન જોઇએ. ધનવાન કહે - પણ કંટાળી જઇશ તો ? ચિકિત્સકે કહ્યું - તમે એની ચિંતા ન કરો... અને લો આ ત્રણ પડીકી... દર ત્રણ કલાકે લેજો...

ધનવાન એકલો ગયો દરિયાકિનારે... એક બાજૂ ઘુઘવટો અફાટ દરિયો... ઉપર વિશાળતામાં પોતાની સરસાઇ વ્યક્ત કરતું સ્વચ્છ આકાશ... રેતીના ઢગલામય કિનારો... ઊંચાઇની હોડમાં ઉતરેલા નારિયેલીના ઝાડોનું ઝુંડ. દરિયાઇ પંખીઓ જળ અને સ્થળના આ શાંત સૌંદર્યમાં જાણે કયું સૌંદર્ય વધુ શ્રેષ્ઠ તેનો નિર્ણય ન કરી શકવાથી ઘડીમાં જમીનપર-ઝાડપર તો ઘડીમાં પાણીમાં એમ ધમાચકડી મચાવી રહ્યા હતા... સૂર્યના કિરણોમાંથી કેટલાક જ ભાગશાળી બની નારિયેલના પત્તાઓના કોઠાઓને ભેદી ધરતીમાતાના ગોદમાં સ્થાન પામી શકતા હતા...

એ નિરવ શાંત વાતાવરણમાં એ ધનવાન ફ્લાસ્ક વગેરેને એક કોરાણે મુકી

બેઠો... શહેરના ધમાલભર્યા વાતાવરણના પ્રદૂષિત ધૂમાડાથી ચકલ-વકલ બનેલી આંખ આ શાંત વાતાવરણથી ચકિત બની... હૃદય પણ પ્રફુલ્લિત બન્યું... થોડીવાર તો એમ જ ગઇ. પછી હવે શું કરવું ? મન અવઢવમાં પડ્યું. ભીડથી અને સામગ્રીથી ટેવાયેલું મન આ એકાંત અને અભાવથી મુંઝાયું... પડીકી ખોલી... એમાં દવાને બદલે માત્ર લખેલું હતું - ધ્યાનથી જૂઓ... મન મુંઝાયું, શું જોવું ? થોડી વાર તો જોવા જેવી કોઇ વસ્તુ ન મળવાથી ગડમથલ થઇ... પણ ત્રણ કલાક વીતાવવા હતા... ધીરે ધીરે આંખ ચારે પાસ ફરવા માંડી... એક એકનું સૂક્ષ્મ નિરીક્ષણ શરું થયું... પંખીઓની ઊડાઊડ... મોજા-તરંગોનું ઉઠવું.... કિનારા તરફ આવવું... ઉછળવું... લય થવો... ફીણના ગોટા ઉડવા... વગેરે જોવામાં આંખ પરોવાઇ ગઇ... મન એકાગ્ર બની ગયું... ક્યાં ત્રણ કલાક પસાર થઇ ગયા ખબર ન પડી... ત્રણ કલાક પસાર થઇ ગયાનો અચાનક ખ્યાલ આવવાથી - બીજી ચીઠ્ઠી ખોલી... લખેલું હતું... ધ્યાનથી સાંભળો... ફરી એકવાર મન સળવળ્યું... અહીં શું સાંભળવાનું છે ? પણ ત્રણ કલાક કાઢવાના હતા... રેતીમાં ઊંધો પડ્યો પડ્યો સાંભળવા પ્રયત્ન કરવા માંડ્યો... પહેલા તો પંખીઓના કલરવમાં રસ પડ્યો... પછી પવનના સપાટાથી ઝાડોમાં ઉઠતા સ્વરમાં મસ્ત બન્યો... પછી સમુદ્રના ઘુઘવાટ સાંભળવામાં ડૂબી ગયો... હૃદયના ધબકાર, સમુદ્રના ઘુઘવાટ... પાંદડાઓના ખખડાટ અને પંખીઓના કલરવમાં એકતાલ મળી રહ્યો હોય અને જાણે પોતાને રીઝવવા એ બધાની સંગીત મહેફીલ જામી હોય, તેવો આનંદ અનુભવ્યો... ત્રણ કલાક પસાર થયા... અચાનક ખ્યાલ આવ્યો... ત્રીજી ચીઠ્ઠી ખોલી. તન્મય બની અનુભવો... હવે તો મન ઘડાઇ ગયેલું... તેથી તન્મય બનવા તલપાપડ બન્યું... હવે તો જાણે સાક્ષાત અનુભવવા માંડ્યું કે પોતે જ પંખી છે... આનંદ કલ્લોલમાં કૂદાકૂદ કરે છે... પોતે જ પવન છે પત્તાની છેડછાડ કરી સ્વર પ્રગટાવે છે... પોતે જ તરંગ છે... પોતે જ સમુદ્ર છે... જાણે સમગ્ર સૃષ્ટિમાં પોતે અને પોતાનામાં સમગ્ર સૃષ્ટિ છવાઇ ગઇ છે એવા અલૌકિક અનુભવથી રોમે રોમમાં આનંદફૂવારા પ્રગટ થયા હોય. અને એ ફૂવારામાં જાણે સચરાચર જગત ધીંગામસ્તી કરતું હોય, એવો આનંદ અનુભવ્યો.

દિવસ પૂરો થયો... પાછો આવ્યો... એકલતાનો અજંપો અલોપ થઇ ગયો... તાજગી-સ્ફૂર્તિ-આનંદને લઇ જાણે નવી જિંદગી પામવાનો અહેસાસ કર્યો...

હા ! કુદરત આનંદથી ભરવા... એકલતાથી બચાવવા તૈયાર છે... જો તમે

હૃદયનો તાર જોડવા તૈયાર હો, તો.

બીજા પણ ઘણા મનોરંજન સાધનો, શોખો એકલતા દૂર કરવા અજમાવાય છે. પણ એ બધા કામચલાઉ છે. માછલી ઉછળીને ભલે આકાશ તરફ કૂદે. પણ માછલી માટે એ પોતીકું સ્થાન નથી. ક્ષણભર ભલે મજા માણે પણ પાછું પ્રાણવાયુ માટે પોતાના સ્થાને-પાણીમાં આવવું જ પડે. એમ બીજા બધા સાધનો અલ્પકાલીન છે. કાયમી ધોરણે કામ ન આપી શકે. તેથી જ મુખ્ય ઉપાય છે બીજા નંબરનો- આભ્યંતર.

એક ફિલસુફ હતો. રાજાને એની ફિલસુફી પર ગુસ્સો આવ્યો. એકાંતવાસની આકરી સજા ફટકારી. રાજાને એમ કે એકલા પડવાથી એ ફિલસુફ ભાંગી પડશે... પણ ફિલસુફની પ્રસન્નતા અપાર હતી. રાજાએ કારણ પૂછ્યું.

ફિલસુફે કહ્યું - આપે મોટો ઉપકાર કર્યો.... એકાંતવાસ મળવાથી ઘણા ઉત્તમ પુસ્તકો વાંચવા મળ્યા.

રાજાએ કહ્યું - એમ ! તો હવેથી તમને પુસ્તકો પણ સાથે રાખવાની છૂટ નહીં મળે.

ફિલસુફ કહે - બરાબર છે. આટલા વર્ષોના અનુભવોથી ઉદ્ભવેલા સંવેદનાસ્પંદનો લખવાના બાકી છે, તે લખાઇ જશે.

રાજા આ સાંભળી વધુ વિફર્યો - એમ ? તો તો લખવાની સામગ્રી પણ જપ્ત કરવામાં આવશે.

ફિલસુફે મસ્તીથી હસતા કહ્યું - બહુ સરસ ! ઘણા વખતથી ચિંતન કરવાનો અને વિચારો કરવાની ફુરસદ મળી નથી, તે શાંતિથી ચિંતન અને સુંદર વિચારો કરી શકીશ.

રાજાએ વધુ કડકાઇથી કહ્યું - તમને એવી દવા પીવડાવવામાં આવશે કે તમારી વિચાર કરવાની શક્તિ પણ અલોપ થઇ જાય.

ચિંતકે કહ્યું - ઓહો ! એવી નિર્વિચાર દશાસુધી પહોંચવા તો હું ફાફા મારું છું.... તમે સહાય કરશો જાણી આનંદ.... હું ભગવાનને જ કહી દઇશ મારા વતી વિચાર આપે જ કરવાનો છે....

રાજા થાકી ગયો.... ફિલસુફ એકાંતવાસથી દુઃખી થાય એમ નથી, જાણી ફિલસુફને છોડી મુક્યો.

હા ! જે એકલતા બીજાઓને કોરી ખાય છે, તે એકલતા જ કેટલાક મહાપુરુષો

માટે એકાંતની અટારી, ચિંતનનો ઝરુખો, બની રહે છે. એ બધી ક્ષણો તેઓ માટે ચેતનાની ક્ષણ, પ્રકાશની અનુભૂતિની હોય છે. હા, આ એકલતાની ક્ષણો તો એવી વિરલ ક્ષણો છે. સમય ગોવાળ જે ઘમ્મરવલોણું કરી રહ્યો છે, તેમાં ઉભરાતી છાશના ઉપર ઉઠેલી સફેદ ફીણ જેવા આ સમય છે.

ભગવાન ઋષભદેવે ૧૦૦૦ વર્ષ અને ભગવાન મહાવીર સ્વામીએ સાડા બાર વર્ષ એકલા બની ગુજારી... પણ એ એકલતાના વિષાદથી ભરેલી ન હતી... એકત્વ અને એકતાના ચિંતનોથી સજાવેલી હતી... તેથી જ કેવલજ્ઞાન-વીતરાગભાવ પામી તીર્થસ્થાપના કરી શક્યા.

મહાન ફિલસુફોની ઉદાત્ત માર્ગદર્શક ફિલસુફી એકાંતમાંથી જ જન્મી છે. સમજી લે કે તેઓનો એકાંતવાસ ફિલસુફીના ગર્ભાશયરૂપ હતો.

ન્યૂટન જો બગીચામાં મિત્ર સાથે ગયા હોત, તો સફરજન પડવા છતાં ગુરુત્વાકર્ષણની શોધ થઇ ન હોત. એકાકી બની પ્રયોગશાળામાં પ્રયોગોમાં ડૂબી જવાથી આઇન્સ્ટાઇન મહાન શોધો કરી શક્યા.

ગાંધીજીની વિચારધારાને ઘડવાનું-પરિપક્વ બનાવવાનું કામ જેલમાં મળેલા એકાંતવાસે કર્યું. જવાહરલાલ નહેરુનું પ્રસિદ્ધ પુસ્તક DISCOVERY OF INDIA જેલમાં લખાયું...

મહાન કવિ-લેખકોની પ્રસિદ્ધતમ કૃતિઓ એકલા બેસીને લખાયેલી છે. ટૂંકમાં દુનિયામાં જે કંઇ શ્રેષ્ઠ સર્જન થયું છે, તે એકાંતમાં - તારા શબ્દોમાં કહું તો એકલતાની પળોમાં સજાર્યું છે. ચિંતન ક્યારેય સાથે મળીને થતાં નથી.

પેલા અબજોપતિને મનોચિકિત્સકે કુદરતના સૌંદર્ય પાસે મોકલી, ત્રણ પ્રયોગ કરાવ્યા, ધ્યાનથી જૂઓ, સાંભળો, તન્મય બનો. અધ્યાત્મના પ્રણેતાઓ આપણને કહે છે, કે તારે કુદરતના ખોળે પણ જવાની જરૂરત નથી. તું તારા આત્મા પાસે જા. આત્માનું સૌંદર્ય જો. ધ્યાનથી જોવા માંડો, શરીરથી ભિન્ન એવો મારો આત્મા જ્ઞાન-દર્શન-ચારિત્ર-ક્ષમા-નમ્રતા વગેરે કેવા કેવા ગુણોથી ભરેલો છે ? પછી આત્માના અવાજને સાંભળો. બીજા-બહારના અવાજમાં દબાઈ ગયેલો એ અવાજ આવી એકાંતની ક્ષણોએ જ પ્રગટ થઇ શકે... ઘણા વખતથી તું તારા આત્માને મળ્યો જ નથી, તેથી આજે આત્માને તને ઘણું ઘણું કહેવાની ઈચ્છા છે, સાંભળી લે.... એ જ બતાવશે કે તારા જ્ઞાનાદિ ગુણોનું સૌંદર્ય તને કેવી રીતે પ્રાપ્ત થઇ શકે ? જે સાંભળીને તને રોમાંચ થશે, આનંદ આવશે, ખરું જીવન જીવવાનો ઉદ્દેશ અને માર્ગ

મળશે. પછી આગળ વધીને તન્મય બનવાનું છે. પોતે અનંતગુણનો માલિક છે, કેવળજ્ઞાનના પ્રકાશથી ઝળહળ થાય છે. ક્ષમાનો અવતાર છે, નમ્રતાનો ભંડાર છે, પોતાને પામી ભલભલા ચંડકૌશિકો શાંત થઇ રહ્યા છે, ઈત્યાદિ અનુભવ થવા માંડશે... જરા આની મજા તો અનુભવ ? જોઇએ તો આ આત્મસ્વરૂપના સૌંદર્યને સમજવા-ઓળખવા પરમાત્માને જો, ભગવાનપાસે છે. દેવાધિદેવના પૂજા-વંદનાદિ કરી એમના સાન્નિધ્યમાં એકાગ્ર થઈ આનંદ અનુભવવા માંડ....

એકલા પડવાના અવસરે જ આત્મનિરીક્ષણ થઇ શકે. જાહેરમાં આત્મનિરીક્ષણ થઇ ન શકે... આત્માસાથે - સ્વગત વાત જાહેરમાં કરનાર પાગલમાં ખપે અને એકાંતમાં કરનાર ફિલસુફ બને. તેથી તું પણ આ પળોમાં આત્મનિરીક્ષણ કર... હું કોણ ? માનવભવ શા માટે મળ્યો ? મને શી શી સામગ્રી મળી છે ? મારા આદર્શ-ધ્યેય શું છે ? એ તરફ પ્રયત્ન કેટલો છે ? કેવો છે ? ધ્યેયસિદ્ધિ કયા માર્ગે શક્ય ? એ માર્ગથી હું કેટલો દૂર અને છેટો છું? એ માટેનું સત્ત્વ-તાલાવેલી અને દઢતા કેવી છે ? એ ધ્યેય પરમપ્રકાશ તરફ લઇ જશે એવી ખાતરી છે કે ઘોર અંધકાર તરફ ખેંચી જશે તેવી ભીતિ છે ? મારામાં કયા ગુણો Develope થઇ શકે તેમ છે ? કયો દોષ દૂર કરી શકાય તેવો છે ? ઇત્યાદિ વિચારધારા તને નવી કેડી બક્ષશે... સુંદર માર્ગ મળશે... ચિંતનનું ભાથું મળશે... આનંદ તારો સાથી બનશે. પંચસૂત્રમાં દરેક શ્રાવકને આવા વિચારો કરવા રાત્રિજગો કરવાનું અને દસવૈકાલિક સૂત્રમાં દરેક સાધુને રાતના પાછલા પહોરે આ બધા વિચારો કરવાનું કહ્યું છે.

બાકી દોસ્ત ! ભીડમાં અટવાયેલો માણસ ભીડ ભેગો તણાયા કરે છે, અને ત્યારે મળેલી માનવભવની સૌનેરી પળોમાં કશુંક વિશિષ્ટ-અનોખું કરી જવાની તક ચૂકી જાય છે. આ એક વખતની વાત નથી. મોટે ભાગના લોકોને આ ચૂકી જવાની કુટેવ પડી ગયેલી છે. એની ચૈન-રીએક્ટીવ-સાઇકલ ચાલુ જ છે. એ બિચારા ભીડ વિના ડરે છે કેમકે એકલા પડીશું, તો સમયનું શું કરીશું ? HOW TO KILL TIME. માં મુંઝાઇ જાય છે. પણ તું ધારે તો એકલા પડ્યા પડ્યા... સમગ્ર જીવસૃષ્ટિસાથેના મૈત્રીભાવના વિચારો કરી શકે. સ્તવનની સુંદર પંક્તિ ગાઇ પરમાત્મા સાથે વાતો અને આત્મસંવેદના રજુ કરી શકે. પરમાત્માની ચ્યવનથી માંડી કેવળજ્ઞાન સુધી જૂદી જૂદી અવસ્થાઓનું પિંડસ્થ, કેવળજ્ઞાનથી માંડી મોક્ષસુધીનું પદસ્થ અને મુક્તઅવસ્થાનું રૂપાતીત ધ્યાન-ચિંતન કરી શકે. સુંદર

પુસ્તકોનું વાંચન.... વાંચનથી ચિંતન... અને તેનું કાગલમાં લેખન. સમય ઓછો પડશે... એટલી મજા આવશે. એકલા એકલા સમય જતો નથી ની ફરિયાદ નહીં રહે. એકલતા એ ત્રાસ-પીડારૂપ નહીં, સુંદર, ચિરસ્મરણીય મૂડી બની જશે. એકાંતની પળોરૂપ છીપમાં ચિંતન સ્વાતિનો વરસાદ એવા આનંદનો મોતી પકવશે કે જેનું મૂલ્ય અમૂલ્ય હોય.

નમિરાજર્ષિને રાજા અવસ્થામાં છ મહીનાથી દાહ ઉપડ્યો હતો. વૈદો, દવા, અધિકારીવર્ગ સેવા અને પ્રજા દૂવા કરી રહ્યા હતા. રાણીઓ સતત ચંદનનો લેપ તૈયાર કરી રહ્યા હતા. સામાન્ય સંજોગોમાં જે અતિપ્રિય થઇ પડે એ સોનાની બંગડીઓનો પરસ્પર ટકરાવાથી ઊભો થતો ઝંકાર રાજાથી સહન થયો નહીં. ઘોંઘાટ લાગ્યો. મંત્રીઓ સમજી ગયા. રાણીઓએ સૌભાગ્ય કંકણ છોડી બાકીની બંગડીઓ ઉતારી.... અવાજ શાંત... રાજાએ કારણ પૂછ્યું - હવે શાંતિ કેમ ? મંત્રીઓએ કહ્યું - ઘણી બંગડીઓ પહેરેલી હતી... અથડાવાથી અવાજ આવતો હતો... હવે એક એક જ પહેરી છે. અથડામણ થતી નથી... ઘોંઘાટ નથી... શાંતિ છે.

અને નમિરાજા છ મહીનાથી ઊંઘ ન આવવા છતાં આ વાક્ય સાંભળી જાગી ગયા... અનેકમાં કોલાહલ.... ઘોંઘાટ... સંઘર્ષ.... અશાંતિ. એક થવામાં એ બધાથી મુક્તિ... અનેકની માયાજાળમાં ડૂબ્યો તેથી આ અજંપો.... હવે તેની જ દવા કરવી પડશે... દાહ રોગ નથી પણ આ અનેકોથી ઊભો થયેલો અજંપો રોગ છે.... તેની દવા લેપ નથી પણ અનેકનો ત્યાગ છે... બસ નિર્ણય લેવાઇ ગયો... અને ઊંઘ આવી ગઇ. નમિરાજાએ સામે ચાલી એકત્વ-એકલતા સ્વીકારી લીધી.

અને તું થોડી એકલતાથી કંટાળી ભીડ માંગે છે.

ભીડના કારણે તો બધી ભીડ(=મુશ્કેલી) છે.

એક વાત સમજી લે ! તેં એવી ટેવ પાડી છે, કે મનને બહારથી જ હુંફ મળે. પરિવાર, સાધન, સામગ્રી આ બધામાં તેં તારી જાત વહેંચી નાખી છે, તેથી એમાંથી જેટલા અંશે ઓછાપણું દેખાય એટલા અંશે તને ખાલીપો લાગે છે. પણ આ બહારમાં જ ફેલાઇ જવાથી અંદરથી તું ખાલી થઇ ગયો છે. તેથી બહારનું કશું ન દેખાય ત્યારે એકલતાથી તડપી ઉઠે છે... આ છે બાહ્યભાવ. આ તારી બહિરાત્મદશા છે. એકાંતમાં એકલતા લાગે એ બહિરાત્મદશા... એકત્વભાવનાભાવી. હું એકલો છું... આવ્યો ત્યારે એકલો હતો... જઇશ ત્યારે એકલો હોઇશ... એગો હં... આ

બધા વિચારોથી એકત્વનો વિચાર કરી બહારમાંથી પોતાની જાતને સંકોરી અંદરથી ભરીદે... બહારથી શૂન્ય બની અંદરથી પૂર્ણ થવા પ્રયત્નશીલ બને એ અંતરાત્મદશા છે. અહીં એકલતા નહીં એકત્વ અનુભવે....

આમ અંતરાત્મદશા પૂર્ણરૂપે પામી આત્માનો પરમોત્કર્ષ થાય, સર્વજ્ઞતા અને વીતરાગતા પામે ત્યારે અંદરની પૂર્ણતાને સર્વ જીવવ્યાપી બનાવે... બધામાં ફેલાવી દે, ત્યારે એકતા પામે. આ છે પરમાત્મદશા. જેમાં સમગ્ર જીવસૃષ્ટિની વેદના પોતાની સંવેદના સાથે એકતાર બની ગયેલી હોય. સાધારણ એકેન્દ્રિયના ભવમાં અનંત જીવોની સુખ-દુઃખ વેદના એક સાથે થાય છે. પરમાત્મદશા પામનારને સમસ્ત જીવોના સુખ-દુઃખની એક સાથે સંવેદના થાય છે. બહિરાત્મદશામાં જાતને થોડા પરિચિત, પોતાના માનેલા જીવોમાં અને પોતાની માલિકીની માનેલી ચીજોમાં વહેંચી નાખી હોય છે, જ્યારે પરમાત્મદશામાં સમગ્ર જીવસૃષ્ટિને પોતાની ઉષ્માભરી પાંખમાં સમાવી લઇ સમગ્ર જડસૃષ્ટિ પ્રતિ ઉપેક્ષાભાવ રાખવામાં આવે છે.

તેથી જો તને એકલતા, એકલવાયાપણું, એકલો પડી ગયો, એવું લાગતું હોય, તો બહિરાત્મદશા છે. એકત્વભાવનામાં વિહરતો હોય તો અંતરાત્મદશામાં છે. એકતાની સંવેદના પામવા મથતો હોય, તો પરમાત્મદશા તારું લક્ષ્ય છે.

બાકી થોડો સમય શું ૩૩ સાગરોપમ જેટલો કાળ અનુત્તરવાસી દેવો એકલા એકલા તત્ત્વચિંતનમાં પસાર કરી દેતા હોય છે. અને જગતમાં (સિદ્ધોને છોડી) સૌથી સુખી હોવાનું ગૌરવ પામતા હોય છે.

છેવટે ગૌતમસ્વામીજીની જેમ તારા વિષાદ ને યોગમાં ફેરવી નાખ. ભગવાન મહાવીરસ્વામી પ્રતિ ગૌતમસ્વામીને એકપક્ષીય અપ્રતિમ સ્નેહરાગ હતો. ભગવાન નિર્વાણ પામ્યા. પોતાના હજારો કેવલી શિષ્યો હાજર હોવા છતાં, ચતુર્વિધ સંઘના નાયક બનવાનું સૌભાગ્ય હોવા છતાં, ઇન્દ્રો જેવા પણ ભક્ત હોવા છતાં ભગવાનના નિર્વાણથી ગૌતમસ્વામીને એકલો પડી ગયો, નો અનુભવ થયો. ઘરમાં બધું હોય, પણ માતા ન હોય, તો બાળકને કેવો ધ્રાસકો પડે, ખાલીપો લાગે, એવો અનુભવ ગૌતમસ્વામીને થયો. કેમકે બીજા બધા હોવા છતાં ગૌતમસ્વામી યોગની એવી ઊંચી ભૂમિકાપર પહોંચ્યા હતા કે તે બધાથી અલિપ્ત હતા. જ્યારે ભગવાન પ્રતિ અપ્રતિમ રાગ હતો. ભગવાનના જવાથી એ રાગ અદ્ધર થઇ ગયો. એકલતાનો વિષાદ ઊભો થયો. વીર...વીર...ની ધૂન લાગી ગઇ. પણ આ તો ગૌતમસ્વામી.

વીર...વીર.. કરતાં વી અને ર વચ્ચે અંતર વધારી વીતરાગ બની ગયા. વીર, અને ગૌતમ, વચ્ચે રાગથી ઊભી થયેલી અભેદ દિવાલને તોડી. કોણ વીર ? ને કોણ ગૌતમ ? એ વિચારે એકલતામાંથી એકત્વ પર આવી ગયા. અને એની પરાકાષ્ઠા પર પહોંચ્યા. પરિણામે માત્ર વીર નહીં સમગ્ર જીવસૃષ્ટિસાથે અભેદભાવ ઊભો થયો. એકતાપર પહોંચી ગયા.

એકલતાથી એકત્વપર થઇ એકતા પર પહોંચી ગયા... વિષાદ પણ યોગ રૂપ બની ગયો.

આ લાંબો પત્ર પણ એટલા માટે જ લખ્યો છે, કે તું પણ આવી કોઇક પ્રક્રિયામાંથી પસાર થઇ એકલતાની ફરિયાદ છોડી એકાંતની મજા માણી શકે... એકત્વને અપનાવી શકે અને એકતાને આત્મસાત્ કરી શકે... તું એ માટે પ્રયત્ન કરશે એની મને ખાતરી છે. કેમકે તેં એકલતાની ફરિયાદ કોઇ ડૉક્ટર પાસે કરી ટાન્કવીલાઇઝરની ગોળી લેવાનું છોડી, કોઇ શરાબીના સંગે એકલતા ખંખેરવા નશાની તલપ છોડી... કોઇ દુન્યવી મિત્રની સાથે એકલતાથી બચવા ફાલતું ફિલ્મો જોઇ ધન, તન, અને મન બધું બગાડવાનું છોડી, કોઇ ટી.વી. ગંદા મેગેઝીનો વગેરેના માધ્યમે એકલતાને દૂર કરી દુષ્ટ આવેગોને ભરવાની દુષ્ટ ચેષ્ટા છોડી મને એકલતા દૂર કરવા અંગે પત્ર લખ્યો એ જ તારી લાયકાત બતાવે છે.

મને આશા છે, તારા સંવેદનો, એકાંતમાં અનુભવેલા આત્મિક આંદોલનો, પત્ર દ્વારા મારા આનંદ ખાતર મોકલીશ.



તપ કરીએ મનશુદ્ધ

જંગલના એક ઝરણા પાસે સિંહ અને હરણને એક સાથે પાણી પીતા જોઇ પર્યટકે આશ્ચર્ય સાથે સિંહને પૂછ્યું - શિકાર તારા પંજાવગો હોવા છતાં તેને તું કેમ મારતો નથી ? હરણનું માંસ સ્વાદમાં વધુ મીઠું હોય છે એ તું જાણે છે....

સિંહે જવાબ દીધો - હા.... હું જાણું છું.... અને એટલે જ તેને નથી મારતો.. મને ડાયાબિટીસ છે.

હરણને સિંહ ભક્ષ્ય બનાવતો નથી, કેમકે તે રોગી છે. એમાં મૈત્રી અને ત્યાગની કોઇ વાત નથી.

મિષ્ટાન્ન ભોજનની મનભાવન મહેક નાકને ભરી દેતી હોય, અને આંખ પણ જોતી હોય, છતાં એ ભોજનને જોવાથી રસ ટપકતી જીભ એ ભોજનના સ્વાદથી દૂર રહે તો સમજી લેવું કે એ જીભ રોગીની છે.

ભાવતા ભોજનથી ભાગનારો કાં તો યોગી હોય, કાં તો રોગી. યોગીને એવા ભોજનથી સંબંધ નથી કેમકે તેણે આહાર સંજ્ઞાને જીતી છે. અથવા જીતવાની સાધનામાં છે.

રોગી દૂર ભાગે છે તેનું કારણ એ નથી કે એ ત્યાગી છે અને આહારસંજ્ઞાથી મુક્ત છે. હકીકતમાં એની લોલુપ આંખ અને રસ ટપકતી જીભ આહારસંજ્ઞા વ્યક્ત કરે છે. પરંતુ એ રોગીની આહારસંજ્ઞાને અટકાવે છે પ્રબળ ભયસંજ્ઞા - રોગનો અને મોતનો ભય.

જન્મ વખતે પ્રાયઃ બધા જ ભોગી હોય છે. અલબત્ત એ ભોગ શરીરાર્થે હોય છે, અને આહાર પૂરતી મર્યાદિત છે. બધી જ વસ્તુ આહારરૂપ માની મોં મા નાંખવાથી આરંભાતા જીવનવાળા મોટા ભાગના જીવોનું જીવન ભોગસિદ્ધિ અર્થે જ હોય છે. જેમ જેમ વિકાસ થતો જાય છે, તેમ તેમ ભોગની શાખાઓ ફંટાતી જાય છે. તેઓ શરીરાર્થ આહારભોગી, ઇન્દ્રિયાર્થ વિષયભોગી, મનાર્થ શેખચલ્લીની જેમ

હવાઇ કિલ્લાભોગી અને નામાર્થ યશોભોગી બનતા જાય છે.

પણ આ ભોગ પોતાના પગપર લાંબો કાળ ટકી શકતો નથી, જો યોગ તરફ ઢળી પડે તો ઉત્તમ. પણ એ તરફ ન ઢળ્યો તો છેવટે રોગ તરફ તો ઢળવાનો જ.

મોત વખતે તો પ્રાયઃ બેમાંથી એક સ્થિતિ હોય છે, કાં તો યોગ કાં તો રોગ. જેનું મોત મંગલમય બન્યું છે તેવા યોગીની મૃત્યુભૂમિ તીર્થસ્થાન હોય છે. શત્રુને પણ આવું મોત ન મળો, એવો ભાવ જગાડી દે એવા મોતને ભેટનારો રોગી હોસ્પીટલનો પોતાનો પલંગ બીજા રોગીમાટે ખાલી કરવા સિવાય વિશેષ કશું કરી શકતો નથી.

વધુ આહાર કરનારો શરીરરોગી, વધુ વિષય સેવનારો ઇન્દ્રિયરોગી, વધુ વિચારો કરનારો મનોરોગી અને નામ માટે મરનારો અભિમાન અને અપમાન આ બે થી આત્મરોગી બને છે.

આપણે જો બરતરફ થવાં કરતાં રાજીનામું આપવું સારું, એ ન્યાયે રોગી થવા કરતાં યોગી થવા ઇચ્છતા હોઇએ, કદાચ રોગી બની પણ ગયા હોઇએ તો રોગીમાંથી સીધા જ યોગી બનવા માંગતા હોઇએ, તો તે માટે અકસીર ઇલાજ છે બારે પ્રકારના બાહ્ય-આભ્યંતર તપના શરણે ચાલી જવું.

જૈન ધર્મ એટલે તપધર્મ અને તપધર્મ એટલે જૈનધર્મ, એમ કહીએ તો પણ ચાલે. જૈનધર્મે તપ અંગે સૂક્ષ્મ વિભાગીકરણ, વિસ્તૃત વ્યાખ્યા, વિશદ છણાવટ, ભવ્ય મહિમા, આવશ્યકતા, મહત્તા અને પ્રભાવ વગેરે અંગે જે ઊંડાણથી વિચારણા અને આચરણા કરી છે, તે અન્ય ધર્મોમાં અપ્રાપ્ય છે.

ચૌદ પૂર્વના સારોદ્ધાર રૂપ દસવૈકાલિક ગ્રંથના સારભૂત પ્રથમ અધ્યયનના સારભૂત પ્રથમગાથામાં ઉત્કૃષ્ટ મંગલરૂપ ધર્મના ત્રણ અંશ બતાવ્યા છે. (૧) અહિંસા (૨) સંયમ અને (૩) તપ. ધર્મ અહિંસાથી શરુ થાય છે, અને તપથી પૂર્ણતા પામે છે.

નવપદમાં ચાર ધર્મમાં અંતિમ ધર્મ તપ બતાવ્યો છે. નવપદના ચક્રમાં અરિહંત મધ્ય-કેન્દ્ર સ્થાને છે. બાકીના આઠ પદોની ગોઠવણી પર નજર નાખશું તો દેખાશે કે તપ અને સિદ્ધ આ બે પદ બાજુ બાજુમાં છે.

આનો સૂચિતાર્થ એ જ છે કે સિદ્ધ થવા તરફની પ્રક્રિયા સમ્યગ્દર્શનથી આરંભાય છે અને અંતિમ ચરણ તપ છે. તપ ધર્મ આવ્યો નથી અને સિદ્ધ પદ મળ્યું નથી, એવો ધ્વનિ પ્રગટ થાય છે.

નવતત્ત્વની વિચારણામાં નિર્જરા તત્ત્વ આઠમું અને મોક્ષ તત્ત્વ નવમું. અહીં

જોવાની ખુબી એ છે કે તપ એ જ નિર્જરા છે એમ પૂર્વાચાર્યોને સંમત છે, તેથી જ તપના બાર ભેદ નિર્જરાના બાર ભેદ તરીકે સ્વીકૃત બન્યા છે. અને નિર્જરા વિના મોક્ષ શક્ય જ નથી. આમ તપ એ મોક્ષનું નિકટનું કારણ બને છે.

અનિત્યાદિ બાર ભાવનામાં પણ તપ નિર્જરા ભાવનારૂપે સમાવિષ્ટ છે. શ્રાવકના દાનાદિ ચાર ધર્મમાં ત્રીજો ધર્મ તપ છે અને ચોથો ભાવ. તપને શરીરસાથે સંબંધ છે, તો ભાવ ને મનસાથે. શરીર અને મન પરસ્પર વધુ સમીપ છે તેથી તે બે અંગેના ધર્મો પણ પરસ્પર પાસે પાસે.

અહીં કોઇ અતિ નિશ્ચયવાદી કહે કે તપ કરી શરીર શોષવાથી શો લાભ? આવા દેહદમનથી-દેહ પર જુલમ કરવાથી કોઇ લાભ થવાનો નથી. આમ ભૂખે મરવાથી કલ્યાણ નહીં થાય. આના કરતાં મન ચોખ્ખું રાખો... મન જો સાફ છે, તો આ બધાની કોઇ જરૂર નથી. મન ચંગા તો કથરોટ મેં ગંગા. બધા શાસ્ત્રકારો પણ કહે છે.... मन एव मनुष्याणां, कारणं बंधमोक्षयोः - યશોવિજયજી મહોપાધ્યાયે પણ વાસુપૂજ્ય સ્વામીના સ્તવનમાં એ જ કહ્યું છે - ક્લેશે વાસિત મન સંસાર, ક્લેશરહિત મન તે ભવપાર. ઇત્યાદિ.....

તો એવા નિશ્ચયવાદીની વાતથી મુંઝાવાની જરૂર નથી. એક બાજુ તપ-નિર્જરા મોક્ષનું સાધન બતાવાય છે, તો બીજી બાજુ ક્લેશરહિત મન-મનશુદ્ધિ ને મોક્ષનું કારણ બતાવાય છે... એમ સમજી ગભરાવાની જરૂર નથી. વ્યવહાર અને નિશ્ચય, કારણનય અને કાર્યનય, દ્રવ્યનય અને ભાવનય એમ અનેક દ્વૈવિધ્યને સ્વીકારનારા અનેકાંતવાદી જૈનધર્મમાં વિરોધી વાતોનો સમન્વય કરવાની અજબ કળા છુપાયેલી છે.

મનશુદ્ધિ વિના મોક્ષ નથી, તપ વિના મોક્ષ નથી, આ બન્ને વાત સાચી હોવા છતાં વિરોધી નથી. ઊંડાણથી વિચારતા બન્ને એક સિક્કાની બે બાજૂ જેવા દેખાશે.

માટે કવિએ કહ્યું ને તપ કરીએ મનશુદ્ધ.... અહીં મનશુદ્ધિ અને તપ બન્નેને કવિએ ધર્મની એક પંગતમાં બેસાડી દીધા. આનો એક અર્થ એ જરુર થાય કે મનશુદ્ધિપૂર્વકનો તપ કરવા જેવો છે. મનની દંભ, આશંસાઆદિ અશુદ્ધિઓને ટાળીને તપ કરવો.

બીજો અર્થ એ પણ થાય કે મનશુદ્ધ=મનને શુદ્ધ કરનારો તપ. આમ જોવા જઇએ તો બાહ્ય અને આભ્યંતર મળી બારેય પ્રકારના તપની થોડી વિસ્તૃત વ્યાખ્યા કરીએ, તો પ્રત્યેક તપ મનની એક એક અવર અનાદિની ચાલ ને તોડવા સમર્થ છે.

આપણા મનની કેટલીક મહત્ત્વની ખામીઓ, ગંભીર ભૂલો તે-તે તપથી સુધરી શકે છે.

એક એક તપની થોડી વિસ્તૃત વ્યાખ્યાના સહારે આ વાત સમજીએ.

(૧) અનશન :- અમુક સમયમાટે કે કાયમમાટે આહારત્યાગ. આહાર જીવની સૌથી જૂની અને લગભગ છેવટસુધીની પ્રવૃત્તિ હોવાથી અને બાવીસ પરિષહમાં ક્ષુધાપરિષહ સૌથી પ્રથમ હોવાથી આહારને આગળ કરી તપના ભેદ શરુ થયા.

પણ આ વ્યાખ્યાને થોડા ઊંડાણથી સમજીએ તો એમ કહી શકાય.... કોઇ પણ બાબતમાં ઓછાવત્તા વિલંબને સહી લેવાની વૃત્તિ = અનશન. જેમકે આહારમાં વિલંબ નવકારશી આદિ તપરૂપે ઓળખાય છે. આપણા મનની એક કમજોરી છે કે તે જરા પણ વિલંબ સહી ન શકે, કોઇ બાબતમાં જરા પણ મોડું થયું એટલે મન ખરા-ખોટા, સારા-નરસા વિકલ્પોમાં ચઢવાનું.... અને વિલંબ કરનાર પ્રત્યે દુર્ભાવથી ભરાઇ જવાનું.

બીજાને રાહ જોવડાવે એ મોટા માણસ અને ધીરજથી બીજાની રાહ જોઇ શકે એ મહામાનવ. આપણને બીજાને રાહ જોવડાવવી ગમે છે, પૂજા, પ્રતિક્રમણ, વ્યાખ્યાન, સભાવગેરેમાં મોડા પહોંચવું એ મોટાઇની નિશાની માનવામાં આવે છે. આપણે મોડા આવીએ અને બધા રાહ જોતાં હોય, આપણે આવીએ અને બધા એની નોંધ લે એ આપણને ગમે છે.

પણ આપણે બીજાની ક્ષણવાર રાહ જોવા તૈયાર નથી. મોડા આવનાર પર સખત ચીઢ છે.

તો બીજી બાજું કોઇ પણ કાર્યના ફળમાં વિલંબ પણ સહ્ય નથી. INSTANT ના રાગી છીએ. બીજાને સમજાવવામાં અને સુધારવામાં પણ આ જ સ્થિતિ છે. આપણે એકવાર ટકોર કરીએ, અને એ વ્યક્તિએ સુધરી જવું જોઇએ. નહીં તો આપણને ક્રોધ ચડે છે. અનશન તપ આપણા મનને ધીરજ શીખવાડે છે. સ્વસ્થ પ્રતીક્ષા કરવાની તાલીમ આપે છે.

(૨) ઉણોદરી :- આવશ્યકતાથી ઓછાથી ચલાવવું. - ઓછું લેવું. અતિથિસંવિભાગમાટે આ આવશ્યક છે. આપણું મન સ્વાર્થી છે. જરા પણ ઓછું પડે તો ઓછું આવી જાય છે. બધું જ પોતામાટે વાપરી લેવાની લાલસા... બીજા માટે જરા પણ ન છોડવાની ભાવના કૃષ્ણ લેશ્યા છે. વેપારીને પોતાનો એક પણ ઘરાક બીજા પાસે જાય તે પરવડતું નથી. મારું એ મારું, તારામાં મારો ભાગ, એ

આપણી મનઃસ્થિતિ છે.

એકે બીજાને પૂછ્યું - તારા હાથમાં મિઠાઇનો ટૂકડો હોય, અને હું તને મળવા આવું, તો તું શું કરે ? બીજાએ કહ્યું - એ મિઠાઇને છુપાવીને તારા જવાની રાહ જોઉં. સ્વાર્થાંધ મન જરાય ઓછું ચલાવી લેવા અને બીજા માટે થોડું પણ છોડવા તૈયાર નથી.

ઉણોદરી કહે છે, તમે તમારામાટે થોડું ઓછું ઉપયોગમાં લઇ બીજામાટે બાકી રાખો. જે જાતમાટે ઓછાથી ચલાવી શકે એ જ જગતમાટે વધુ વાપરી શકે. આમ ઉણોદરી મનની બધું પોતે જ લઇ લેવાની, ભોગવી લેવાની, ખાઇ જવાની વૃત્તિપર બ્રેક મારે છે. ઓછાથી ચલાવી લેતાં શિખવાડે છે.

(૩) વૃત્તિસંક્ષેપ :- ઓછી વસ્તુથી ચલાવી લેવું. ઓછી વસ્તુ વાપરવી. વેરાયટીપ્રિય મન જગતની એક પણ સારી વસ્તુને પોતાની કર્યા વિના શાંત થતું નથી. જગતની તમામ સારી દેખાતી ચીજ મારી હોવી જોઇએ. આવી મનઃસ્થિતિ સંસારનું મૂળ છે અને સંઘર્ષનું કારણ છે. ઘણી ઘણી વસ્તુઓથી ઘર અને મનને ભરવાનું કારણ એ નથી કે તે બધી વસ્તુ અતિઆવશ્યક છે, પણ એ કારણ છે કે તેના હોવાથી અહંનું પોષણ થાય છે, ન હોવામાં ઈર્ષાથી જલન પેદા થાય છે. આપણું મન સૌંદર્યને માણવા કરતાં સૌંદર્યના માલિક બનવામાં વધુ રસ ધરાવે છે.

ઘણી ઘણી વસ્તુઓ પર આધાર રાખવા ટેવાયેલું મન એમાંથી એકાદના પણ અભાવમાં દુઃખી થઇ જાય છે. નવાણુ વસ્તુના હોવાનો આનંદ રહેતો નથી, એકના ન હોવાનો અફસોસ પાર વિનાનો હોય છે. તેથી જ વસ્તુઓ ઘટાડતા જાવ, ઓછામાં ઓછી ચીજોની અપેક્ષા રાખો - એ જ પૂર્ણતા તરફની ગતિ અને પરમાનંદની ચાવી છે. એમ ફીલસુફોની સલાહ છે. વૃત્તિસંક્ષેપ આ કામ કરે છે.

(૪) રસત્યાગ :- વિગઇત્યાગ - ગમતી ચીજનો ત્યાગ. દર્પ કે કંદર્પ પેદા કરતી ચીજ માત્ર વિગઇ છે. જે અસારથી ચલાવી શકે છે, તે બીજાને સાર આપી શકે છે, આપણું મન ક્યારેય બીજા માટે સારું છોડી પોતા માટે અસારથી ચલાવવા તૈયાર નથી.

શેઠની રત્નની ડબ્બી કૂવામાં પડી ગઇ. એક કુશળ તરવૈયાએ કહ્યું - એક શરતે ડબ્બી કાઢી આપું.

શેઠે પૂછ્યું - કઇ ?

તરવૈયાએ કહ્યું - મને જે ગમશે તે તમને આપીશ.

શેઠ કહે - ભલે.

પછી તરવૈયાએ ડબ્બી બહાર કાઢી. શેઠ માનતા હતા એ એકાદ રત્ન પોતે રાખી બાકીના મને આપશે. પણ તરવૈયાએ તો શેઠને ખાલી ડબ્બી પકડાવી અને બધા રત્નો પોતાની પાસે રાખી લીધા. શેઠે અને બીજાઓએ ખુબ સમજાવવા છતાં એ માન્યો નહીં. વાત રાજા પાસે ગઇ.

રાજાએ બધી વાત સાંભળી - વિચારી તરવૈયાને પૂછ્યું - તારી શરત શી હતી ?

તરવૈયાએ કહ્યું - મને જે ગમે તે આપીશ.

રાજાએ કહ્યું - ઠીક છે. ડબ્બી અને રત્નો લાવો. લાવવામાં આવ્યા. રાજાએ એક બાજૂ ડબ્બી અને બીજી બાજૂ રત્નો રાખ્યા. તરવૈયાને પૂછ્યું - બોલ આ બેમાં તને શું ગમે છે ?

તરવૈયાએ કહ્યું - રત્નો.

રાજાએ કહ્યું - તારી શરત મુજબ આ રત્નો શેઠને આપવામાં આવે છે. તને ડબ્બી મળે છે.

તરવૈયો પૂછે છે - એમ કેમ ?

રાજાએ કહ્યું - તારી શરત છે કે તને ગમે તે તું શેઠને આપશે. તને રત્નો ગમે છે, માટે શેઠને રત્નો આપ. તરવૈયો ચૂપ થઇ ગયો.

હા ! આપણી આવી મનોવૃત્તિ છે. સારામાં સારું મને મળવું જોઇએ. બીજાને ગમે તેવું ચાલે ! માટે તો કહેવત પડી કે ધરમની ગાયના દાંત ન જોવાય. રસત્યાગ તપ આપણને સાર છોડી અસાર અપનાવતા શિખવાડે છે. ''સારું એ તારું...'' એ ભાવ ઊભો કરાવે છે.

(૫) કાયક્લેશ :- શરીરને કષ્ટ આપવું, આવી પડેલા કષ્ટ સમભાવે સહવા. આ તપ તો સ્પષ્ટ મનની આરામપ્રિયતા, દેહપ્રિયતાને તોડનારો દેખાય છે. આનો વિસ્તૃત અર્થ એ છે કે મનને ન ગમતી પ્રવૃત્તિઓ પ્રતિ મનને તૈયાર કરવું અને અનુકૂળપ્રિયતા અને સુખશીલતા ને તોડવી- 'અણુસોઓ સંસારી પડિસોઓ તસ્સ ઉતારો' અનુકૂળતાના રાગમાં સંસાર અને પ્રતિકૂળતામાં સ્વસ્થતાથી મોક્ષ છે. ઘણાનું મન શરીર કરતાં વધુ કમજોર છે. ઘણા એવા કષ્ટો છે કે જે ઝીલવા શરીર સમર્થ હોય છે પણ મન કમજોર હોય છે. તેથી જ **શરીર કરતાં મન વહેલું માંદુ પડે છે અને મોડું સાજુ થાય છે.**

મનને ન ગમતી પ્રવૃત્તિ છે પરમાર્થની પ્રવૃત્તિ, શરીર, ઇન્દ્રિય, સંપત્તિ, સાધન ને ઘસારો પહોંચે, કષ્ટ પડે કે ત્યાગ કરવો પડે એવી ધાર્મિકપ્રવૃત્તિ. આ માટે મનને કેળવે એવો તપ છે કાયક્લેશ.

(૬) સંલીનતા :- અંગોપાંગ સંકોચી રાખવા. શરીરને સ્થિર રાખવું... આ જ વ્યાખ્યાને પહોળી કરીએ તો વ્યર્થ પ્રવૃત્તિમાંથી મન-વચન-કાયાને નિવૃત્ત કરવા. મન ખુબ દોડે છે વિચારોમાં... એને એમાંથી રોકવાનું છે... મન દરેક કડવા પ્રસંગમાં ખુબ ઝીણું કાંતે છે એમાંથી અટકાવવાનું છે.

એક ભાઇના પેટપર થી કીડી પસાર થઇ.... એણે ચીસ પાડી.... હું તો મરી ગયો.... ચગદાઇ જવાનો.... બધાએ કારણ પૂછ્યું.

ભાઇએ કહ્યું - મારા પેટપર કીડી પસાર થઇ.

બધા કહે - પણ એટલાથી મરવાની અને ચગદાવાની વાત ક્યાંથી આવી?

એ ભાઇએ કહ્યું - આજે કીડી ગઇ... કાલે મંકોડો જશે... પરમે ગાય-ભેંસ જશે.... આ મારું પેટ એમ કરતાં નેશનલ હાઇવે બની જશે, તો ક્યારેક મોટા ખટારાઓ પસાર થશે... બોલો મારા પેટપરથી ખટારાઓ જાય તો ચગદાઇ ન જાય ? હું મરી નહીં જાઉં ?

આ આપણી મનઃસ્થિતિ છે. ઘણા વિચારો કરવા અને અણગમતી વાતોના ઊંડાણ સુધી જઇ કલ્પનાઓ વિસ્તારવામાં એ હોંશિયાર છે.

સોનીને ત્યાં સોનાનો ટૂકડો જેમ જેમ કાણાઓમાંથી પસાર થાય છે, તેમ તેમ લાંબો થતો જાય છે પણ તેની ઊંચાઇ અને પહોળાઇ ઘટતી જાય છે. એમ મન જેમ જેમ વિચારોના છિદ્રમાંથી પસાર થાય છે, તેમ તેમ મન ઘણા લાંબે પહોંચે છે, પણ પછી એવાં મનની ઉંચાઇ અને વિશાળતામાં હ્રાસ થતો જાય છે. સંકુચિત અને ક્ષુદ્ર બનતું જાય છે.

સંલીનતા તપ મનને એવા પ્રસંગોમાં વ્યર્થ વિચારોમાં જતું રોકે છે.

આ થઇ બાહ્યતપની વિચારણા.

હવે કરીએ આભ્યંતર તપનું ચિંતન.

પ્રાયશ્ચિત્ત :- મન પાપના વિચારમાં જેટલું પાવરધું છે, એટલું પાપથી પાછા હટવામાં નથી. મનને વાસના, વિષય અને કષાયના દુષ્ટ ભાવોથી, સ્વાર્થાંધતાની વૃત્તિથી પાછા હટાવવા પાપનો પક્ષપાત તોડવો જરૂરી છે. તે માટે પશ્ચાતાપ અને પ્રાયશ્ચિત આવશ્યક છે. એકલો પશ્ચાતાપ દંભ બની જવાની,

વંચના બની જવાની સંભાવના છે. તો એકલું પ્રાયશ્ચિત પ્રાણ વિનાનું છે. તેથી જ આત્મસાક્ષિક નિંદા અને ગુરુસાક્ષિક ગર્હા જરૂરી છે.

વિનય :- અહં તમામ પાપોમાં પ્રાણપૂરક છે. કષાયોમાં રાજા છે. માનવીઓમાં મુખ્યરૂપે રહ્યો છે. તેથી મોટે ભાગે વિનયભાવ આવતો નથી. વિનય કરીએ છીએ તો ભૌતિકસ્વાર્થપૂર્તિ હેતુ. સત્તા, સંપત્તિ અને શક્તિ આગળ વિનયભાવ ધારણ કરે છે. સરકારી પટાવાળો પણ સલામી યોગ્ય બને છે. સાધુને નહીં નમનારો શેઠને નમે છે.

એક અપ ટુ ડેટ યુવાન સાધુ પાસે આવી અક્કડ ઊભો રહ્યો. હાથ પણ જોડ્યા નહીં. રુવાબથી કહે - તમને અમારે ત્યાં ગોચરી બોલાવે છે. પછી સાધુ મહારાજ ગોચરીએ નીકળ્યા..... જોગાનુજોગ શેઠને ત્યાં ગોચરી ગયા છે. આગળ દુકાન પાછળ ઘર છે. સાધુ આવ્યા ત્યારે શેઠ એ યુવાનને ખખડાવી રહ્યા હતા... ઢીલો પડી ગયેલો યુવાન હાથ જોડી કરગરતો હતો. સાધુ દુકાન આગળ આવ્યા. એટલે શેઠ બધું છોડી દોડતા નીચે આવ્યા. ગુરુ મહારાજને પગે પડ્યા. પેલો સાશ્ચર્ય એમ ને એમ જોતો ઊભો રહ્યો.

નબળાને દબાવનાર બળવાનના પગે પડે છે. આ સ્વાર્થી વિનય છોડી અહંને ઘસારો પહોંચાડવા વર્તમાનની પરિસ્થિતિના કારણ વિના, ગુણને મુખ્ય માની નમવું, ઉપકારને જોઇ ઝુકવું, શરણ્યભાવથી સમર્પિત થવું એ વિનય છે. આ વિનય અહં ને તોડે છે.

વૈયાવચ્ચ :- સેવાયોગ્યની સેવા કરવી. બીજાપાસેથી કામ કઢાવી લેવું એ હોંશિયારી છે, અને ચાલાકીથી બીજાનું કામ કર્યા વિના છટકી જવું એ ચતુરાઇ છે. અવસર કે અધિકારના રુએ બીજાને લીંબુની જેમ નીચોવી નાંખવામાં કુશળ આપણે બીજા માટે જરા પણ ઘસાઇ છુટવા તૈયાર નથી. આપણને બીજા માટે પાણીનો ગ્લાસ ભરવો ય ગમતો નથી, અને બીજા આપણામાટે ન ભરે એ ય ગમતું નથી. વૈયાવચ્ચતપ મનની એ સ્થિતિ બદલાવામાં કારણભૂત છે. એ મનને બીજા માટે ઘસાઇ છૂટવા તૈયાર કરે છે.

સ્વાધ્યાય :- ક્ષુલ્લક વાતો, ગંદા અને પરપંચાતની પ્રવૃત્તિને પોષતા મેગેઝીનો, વિષય-કષાયને પોષતી ઓડિયો-વીડિયો કેસેટો, સીનેમા, ટી.વી.ના કારણે રાગ-દ્વેષના લાલ-કાળારંગથી ખરડાયેલા મનનું વ્હાઇટ વોશ કરવાનું કામ સ્વાધ્યાય કરે છે. સ્વાધ્યાય કરનારો સ્વસ્થ હોય છે, સમાધિમાં મસ્ત હોય છે,

સમતાના સંગમાં હોય છે.

કાઉસ્સગ્ગ અને ધ્યાનનો મન સાથેનો સીધો સંબંધ સર્વ વિદિત છે. આપણું મન ધન, શરીર, પરિવાર, સમાજ, મનોરંજન બધામાટે ધર્મ છોડવા તૈયાર છે. ધર્મ માટે કશું છોડવા તૈયાર નથી. કાઉસ્સગ્ગ=કાયાનો ત્યાગ. આ તપ કહે છે બીજું બધું તો જવા દો, ધર્મમાટે પ્રાણ છોડવા પડે તો પણ તૈયાર રહેવું જોઇએ. ધર્માર્થે પ્રાણાનપિ ત્યજેત્. ધ્યાન આપણને એવી મનઃ પરિસ્થિતિપર પહોંચાડે છે કે જ્યાં માત્ર આત્મતત્ત્વ અને પરમાત્મતત્ત્વની જ અનુભૂતિ હોય, દુન્યવી આધિ, વ્યાધિ, ઉપાધિથી પર, નિર્લેપ, મુક્ત હોય.

આમ તપના પ્રત્યેક ભેદ મનશુદ્ધિ કરનારું પ્યોરીફાયર છે. આ શુદ્ધ થયેલું મન મોક્ષનું કારણ છે. **સ્વાદના તોફાન હટાવે બાહ્યતપ ને વાદ-વિવાદના વમળથી બચાવે, આભ્યંતર તપ.**

આમાં છએ બાહ્યતપ ક્રમશઃ છએ આભ્યંતર તપના કારણ બની શકે છે. પ્રાયશ્ચિત્ત વળે છે, ઉપવાસાદિ અનશન કરવાથી. બીજાને રાહ જોવડાવી એનું પ્રાયશ્ચિત્ત છે બીજામાટે રાહ જોવી. ગુર્વાદિને વધુ સમર્પિત કરી પોતાને માટે ઓછાથી ચલાવવારૂપ ઉણોદરીથી વિનયતપ શક્ય બને છે. પોતાની પાસે રહેલી વિવિધ વાનગી-ચીજમાંથી જેને જેની જરુર હોય, તેને તે આપી ઓછી ચીજથી ચલાવવારૂપ વૃત્તિસંક્ષેપથી વૈયાવચ્ચ સિદ્ધ થાય છે. દુનિયાનો અને દુનિયાની મોહક-લોભામણી ચીજોનો રસ ત્યાગ કર્યા વિના-છોડ્યા વિના સ્વાધ્યાયમાં રુચિ ન આવે. કાયક્લેશ સહી શકનાર જ કાયોત્સર્ગ કરી શકે. અને જેનું મન સંલીન રહી શકે, ખોટા વિચારો કલ્પનાઓથી મુક્ત થઇ શકે તે જ સાચું ધ્યાન ધરી શકે.

જૈનધર્મસ્થિત તપધર્મના બીજા વિશેષ ગુણ કેટલા ગાવા ?

જેના કારણે પ્રભાવકની કક્ષા પામી શકાય તે તપધર્મને સલામ.

નિકાચિત કર્મોને તોડવામાં વજ્ર સમાન તપને નમન.

લબ્ધિઓ જેની દાસી છે તેવા ઉગ્ર તપને વંદન.

સિદ્ધિઓ જેને વરી છે એવા ભિષ્મ તપને પ્રણામ.

તપસ્વીનો ક્રોધ તો ઉકળતા પાણીની ગરમી છે. ગરમ પાણીની ઉષ્મા છે, કદાચ દઝાડે પણ આગ તો ન લગાડે. ગરમ પાણીની પણ તાકાત છે આગને બુઝવવાની. તપસ્વીનો ક્રોધ આપણી કષાય-વિષયની આગને બુઝવી શકે.

તપ અમૃત છે, તપસ્વી એ અમૃતના આસ્વાદી છે. તપસ્વી સાધુઓએ ક્રોધથી

થુંકેલાને કુરગડુ મુનિ અમૃતના અમીછાંટણા સમજી શક્યા એટલે ક્રોધથી દાઝ્યા નહીં, અપૂર્વ શીતલતા અનુભવી... કેવલજ્ઞાન પામ્યા... તેથી ક્રોધ નામના અવગુણને જોઇ તપ ધર્મને વગોવનાર ઘણી વખત થાપ ખાઇ જાય છે.

ક્રોધ ન હોવો ઉત્તમ છે, ક્રોધ હોય કે ન હોય તપ તો ઉત્તમ છે જ.

આપણે આ તપધર્મને નમીએ, યથાશક્તિ સ્વીકારીએ, શક્તિ બહારના તપ આદર્શરૂપે રાખીએ, તપસ્વીરત્નોના બહુમાન, સન્માન અને પ્રમોદથી આત્મ-કલ્યાણના રાહી બનીએ એજ આપણા લાભમાં છે, બાકી દુનિયાની હાલત જૂઓ...

બિચારા ! અર્થ-કામલોલુપો બારે બાર પ્રકારના તપ કરે છે, ને છતાં કર્મ ખપાવવાને બદલે ચીકણા કર્મો બાંધે છે.

રાતે બાર-એક વાગ્યા સુધી ઉજાગરા કરે એથી સવારે માંડ આઠ-નવવાગ્યે ઉઠે. લો આ થયું એટલા સમયનું અનશન ! સિઝનના સમયે કે ઉઘરાણીએ જાય, ત્યારે તો અનશન પૂરા ફોર્મમાં હોય.

ફોનની ઘંટડી રણકે ને અધુરા ભોજને ફોન લેવા જવું પડે, ઘરાકીની દોડધામમાં પૂરું પેટ ભરી ખાઇ ન શકે, આ ઉણોદરી.

જાતજાતના બી.પી., ડીપ્રેશન જેવા રોગો થાય એટલે તળેલું બંધ, મિઠાઇ બંધ, અહાહા ! કેટલો બધો વૃત્તિસંક્ષેપ !

ડાયાબિટીસ, કોલેસ્ટ્રોલ, ચરબીના ઊભા થયેલા પ્રશ્નોના જવાબરૂપે દૂધ-ઘી બંધ, કમાલનો વિગયત્યાગરૂપે રસત્યાગ !

દોડધામ-ટ્રેન-બસની ભીડમાં પિસાવાનું, લાઇનમાં ઊભા રહેવાનું ! લીંબુની જેમ નિચોવાઇ જતા આ ગૃહસ્થોના કાયક્લેશની શી વાત કરવી ? અને ઢોરની જેમ ટ્રેનમાં ઠાંસોઠાસ ભરાયેલાઓ જરા હાથ-પગ હલાવી પણ શકે નહીં ! સંલીનતા કેવી ? આ થયો બાહ્ય તપ.

હવે જૂઓ અભ્યંતર તપ. દુકાનમાં ને ચોપડાઓમાં કરેલા ગોટાળા પકડાઇ જાય, ત્યારે ઇન્કમટેક્ષ-સેલ્સટેક્ષ ઓફિસરો પાસે પાપની આલોચના થાય ને પ્રાયશ્ચિત્તરૂપે જે દંડ ફરમાવે, તે ભરપાઇ કરી દેવાનો ! વાહ પ્રાયશ્ચિત્ત!

બોસ, અધિકારી, પ્રધાનો વગેરેનો કેવો અદ્ભુત વિનય સચવાય ! જરાય વિનયભાવમાં ઓછું ન આવે, એની તકેદારી રાખવામાં આવે. નોકરી કરનારો શેઠની માત્ર આઠ કલાક નહીં, ઘરે જાય ત્યારે પણ માનસિક રીતે વૈયાવચ્ચ સેવા કેવી કરે! અહો ! મજૂરી, ખોટું-ઉંધુ/ચત્તું બધું પોતે કરે ને તરભાણા શેઠના ભરાય ! શેઠ

બિચારો પણ જરૂરત કરતાં વધારે કમાવાની ધમાચકડીમાં, નોકરોને રોજગારી-પગાર આપવા માટે, ઘરવાળીને સારી સાડી મળે તે માટે, પરિવારને ઉપભોગના સાધન મળે, તે માટે જાતે ઘસાઇ જઇને જે વૈયાવચ્ચ કરે છે, તે કયા શબ્દોમાં વર્ણવી શકાય ?

કેવી રીતે કમાવું ? ક્યાં પૈસા રોકવા ? વગેરે માટે રોજ ન્યુઝપેપરના પાના ઉથલાવી નોકરીમાટે અરજી કરવા યોગ્ય સ્થાનો જોવા, ધંધા માટે બજારની રુખ જોવી, રોકાણમાટે શેરોના ભાવોની વધઘટ જાણવી, કેવી સરસ ચાલે છે વાચના ! પાછા એમાં મોટા ઉદ્યોગપતિ, શેર બ્રોકર વગેરેના પ્રવચનો યોજાય એ વિશેષ વાચના !

પછી ઇન્કમટેક્ષ કન્સલટૅન્ટ, સેલ્સટેક્સ કન્સલટૅન્ટ, વકીલ વગેરેને ઊભા થયેલા પ્રશ્નો પૂછાય, આ છે પૃચ્છના !

સતત બજારના ભાવો, દુકાનની જૂદી જૂદી વસ્તુઓના ભાવ વગેરે યાદ રાખવા જે પરિશ્રમ લેવાય છે, તે છે પરાવર્ત્તના !

દરરોજ - દર મહીને - દર વરસે ધંધામાં થયેલી નફા-નુકસાની, નોકરીમાં મળેલાં નોટીસ-પ્રમોશન વગેરે અંગે તથા હવે પછી કેમ આગળ વધવું એ બધાની થતી સતત ચિંતા છે અનુપ્રેક્ષા !

અને વેપારીઓ આગળ, શેરબ્રોકર આગળ, કર્મચારીઓ હોય, તો પરસ્પર આ બધા અંગે જ ચાલતી જાત જાતની રસભરી કથાઓ કે જેમાં કોણ કમાયો ? કોણ સલવાયો ? કોણ ખાઇ ગયો ? કોને પ્રમોશન મળ્યું ? કોનું પત્તુ કપાયું ? વગેરે વાતો છે કથા, ધર્મ નહીં પણ અધર્મ.

દુકાન-ઓફિસે કે નોકરીના કાર્યમાં લયલીન થઇ જવું - એકાકાર થઇ જવું આ છે ધ્યાન !

અને અંતે નિષ્ફળતા મળે, લાખો ડૂબી જાય, ત્યારે ડીપ્રેશનથી, ઍટેકથી કે છેવટે આપઘાતથી જીવન ટૂંકાવી દેવું આ છે કાયોત્સર્ગ ! કાયાનો ત્યાગ !

અરર ! બિચારા પામર જીવો ! આ રીતે સતત તપમાં પ્રવૃત્ત છે ને છતાં કર્મો બાંધી બાંધી દુઃખમય, પીડામય સંસારને લીલોછમ-હર્યોભર્યો રાખે છે, ને ભગવાને કહેલા કર્મ તોડનારા, દુઃખ-પીડાથી બચાવનારા તપની વાત આવે છે, ત્યારે બહાનાઓ કાઢી છટકી જાય છે ! ભગવાન એ બધાને સન્મતિ આપો !

વર્ષીતપના તપસ્વીની ભાવના...

હે જીવ ! તું પૂર્વે શેરડીનો સાંઠો બનેલો. એ જ તારું શરીર હતું. શેરડીના રસવાળાએ તારા આ શરીરને મશીનમાં એક વાર નહીં, ત્રણ/ચાર વાર નાંખી એક-એક બિંદુ ખેંચી કાઢ્યું. હા ! આ પહેલા તને ધોકા પણ મારેલા. તે વખતે ઉફ એવો હરફ સુદ્ધાં તું કાઢી શકેલો નહીં.

હે આત્મન્ ! તેં પૂર્વ ભવે ટેસથી કેરી ખાધેલી, તેથી બીજા ભવે તને 'રાજાપુરી' નો ભવ મળ્યો. તારા શરીરને જોર જોરથી દબાવી ઘોળવામાં આવ્યું.... પછી પાણીમાં ડૂબાડવામાં આવ્યું. (આ ભવમાં પણ કોઇ શરીર દબાવે તે અને પાણીમાં છબછબિયા કરવા ખુબ ગમે છે !) પછી છોતરાં ઉખેડી પૂરી તાકાતથી છોતરા-ગોટલામાંથી રસ કાઢી લેવામાં આવ્યો.... એટલું ઓછું પડ્યું તે ઉકળતા પાણીમાં ઉકાળીને રસના થોડા બાકી રહેલા ટીપામાંથી ફજેતો બનાવી તારો ફજેતો કરી નાંખ્યો... તું ચિત્કાર પણ કરી શક્યો નહીં.

હે પ્રાજ્ઞ ! તું મીઠું બન્યો, તને પકાવ્યો કે પીસી નાંખ્યો, તું પાણી બન્યો તને ઉકાળી નાંખ્યો, તું અગ્નિ બન્યો, તને ઓળવી નાંખ્યો, તું વાયુ બન્યો તને ફૂંકી માર્યો... તું તંબાકૂ બન્યો... તું ય બળ્યો ને કોકની છાતી પણ બાળી....

તું જલોકો બન્યો... વાળો રોગવાળાનું ઝેરી લોહી ચૂસવાનો તારો ક્ષણિક આનંદ અકથ્ય પીડામાં ત્યારે ફેરવાઇ ગયો જયારે તને જોરથી વણી નાખી તારું પૂરુ લોહી ઓકાવી નાંખી તને ફરીથી સફેદ પૂણી જેવો બનાવી દીધો. સહન થયો તારાથી આ જાલિમ ત્રાસ ?

તું કૃમિ બન્યો... અનાર્ય લોકોએ તને મનુષ્યના શરીરપર બેસાડ્યો. લોહીના રંગે તું લાલ બન્યો. પછી તને જ પીલી નાંખી કપડા રંગ્યા. યાદ છે તને આ પીડા?

સંગ્રહખોર તને કીડીના અવતારમાં કોકના પગનીચે કચડાઇને જ જીવન ખતમ કરવાનું કલંક લાગ્યું. ગમી'તી તને આ પરિસ્થિતિ ?

કોકના માથામાં જૂ બની લોહી લેવા ગયો તેમાં એ ક્રૂરે તને પકડી સોયમાં જ પરોવી દીધો. એ વેદના તેં શી રીતે સહી ?

રેશમના કીડા બની તારા જ થૂંકથી તેં કોશેટામાં જાળ બનાવ્યા (આ ભવમાં પણ જંજાળ ઊભી કરવામાં જ ગળાડૂબ છે ને ?) લોકોએ એ જ તારા કોશેટાના તાર મેળવવા તને ઉકળતા પાણીમાં ઉકાળી નાંખ્યો... તારા શરીરે આ કષ્ટ શેં સહન કર્યું ?

મધમાખીના ભવમાં ભલે તેં કોકને ડંખ દીધો હશે, પણ તને ફૂલડે ફૂલડે ફરી પરાગ ભેગી કરવાની મહેનતના બદલામાં ભયંકર ધૂમાડામાં ગૂંગળાઇને મરવાની હાય સિવાય બીજું શું મળ્યું ?

તેં પાડા બની વૈશાખ મહીનાની બપોરે મોંમાં ફીણ કાઢતાં કાઢતાં અને સોટીનો પ્રહાર ખાતાં ખાતાં અત્યારસુધીના ભવોમાં એટલું બધું પાણી ઢાળના ચડાણ ચઢી ઉપર ચડાવ્યું છે, કે તે બધું ભેગુ કરવામાં આવે, તો સમુદ્ર નાનો પડે!

બળદિયા બનીને તેં ખેડેલી જમીનનું ક્ષેત્રરૂપ આખી પૃથ્વી કરતાં કંઇ ગણું વધારે છે.

ગાય-ભેંસ બનીને ભયંકર ત્રાસ વેઠીને આપેલા દૂધનો પુરવઠો આખી પૃથ્વીને ડૂબાડી દે એટલો છે.

આ બધાના બદલામાં મળ્યું શું ? કાં તો કતલખાને મોત ! કાં તો શિકાર થઇને મોત ! કાં તો પાણી માટે તરફડતા મોત !

નરકના ભવમાં પરમાધામીના હાથે તેં પ્રતિક્ષણ જે સહન કર્યું છે ! ભયંકર તાપ-ટાઢમાં તું જે હાય પોકારી ગયો છે ! રોગો અને ભૂખ-તરસથી તેં જે લ્હાય અનુભવી છે ! પરસ્પર મારામારીમા તેં જે માર ખાધો છે ! કાન ફાડી નાંખે તેવા રૌદ્ર અવાજો, બિભત્સ દશ્યો, માથુ ફાડી નાંખે તેવી દુર્ગંધ ચામડી છોલી નાંખે અને પછી મીઠા-મરચાનો છંટકાવ થાય તેવા સ્પર્શના અનુભવો.... આ બધું તારી નજરમાં આવે છે ?

જલચર મનુષ્ય બનેલા તારી નાભિમાં રહેલા રત્નોને લેવા રત્નદ્વીપના વેપારીઓએ એક વર્ષ સુધી તને પથ્થરની ઘંટીમાં પીલે રાખ્યો તે તું ભૂલ્યો તો નથી ને ?

કોકના દાસ બની આખો દિવસ જંગી ગદ્ધામજૂરીના બદલામાં કોરડા કે

સોટા ખાવા મળેલા, તે યાદ કર !

મજૂર બની પેટના ખાડા પૂરવા આખો દિવસ ભાર ઉપાડી કરેલી મજૂરી તું કેમ ભૂલી જાય છે !

ખાવાના ચટાકામાં લલચાયેલા તને ભૂંડનો ભવ મળ્યો, ત્યારે યાદ કર, તને જીવતો લટકાવી ક્રૂર માનવોએ નીચે રહેલા અગ્નિના તાપમાં શેકી નાંખેલો... તેં પોતે પણ ક્યારેક માનવ બની કોકને શેકી નાંખવાના કરેલા ઉગ્ર પાપના પડઘારૂપે તું આગમાંથી બચવા જતાં જીવતો જ બળી મરેલો એ તને યાદ છે ?

કોક કાળમુખી સાસુની પુત્રવધૂ બનેલા તને એક ઘડીનો ક્યાં આરામ મળ્યો છે ? વગર પૈસાની મજૂરણ અને નોકરડી બનાવી તારી પાસે સવારે પાણી ભરાવ્યું અને કચરો કઢાવ્યો, પછી કપડા ધોવડાવ્યા, અને વાસણ મંજાવ્યા... રસોઇની અને બાળકના બળોતિયા ધોવાની વાત તો કર જ નહીં!

તું ગધેડો બન્યો કે ખચ્ચર ! તું નર બન્યો કે નરકજીવ ! તું કીડી બન્યો કે મંકોડો ! ક્યા ભવમાં તારા શરીરે ભૂખ – તરસની સાથે સાથે જાલીમ ત્રાસ – વેદના – કષ્ટ પરાધીનપણે સહ્યા નથી ! અને છતાં મળ્યું શું ? રોકાણ લાખનું થયું અને નફો રાખનો !

હવે તને જૈનધર્મ મળ્યો. યુગાદિદેવ શ્રી ઋષભદેવે સમભાવે કરેલા ૪૦૦ ઉપવાસના આલંબને વર્ષીતપ કરવાનો યોગ મળ્યો. દેશના ખુણે ખુણે વગર પ્રેરણાએ માત્ર શ્રદ્ધાના બળે વર્ષીતપ કરતાં હજારો મહાનુભાવોનો સાથ મળ્યો છે. શરીર તૈયાર છે. ઇચ્છા પૂરી છે ! હવે મન માકડાને ફાવવા દેવો નથી. રાખના રોકાણમાં લાખના નફાના આ અવસરને 'આટલો લાંબો તપ કેવી રીતે પૂરો થશે ?' મનની આ ખોટી ચાલમાં ફસાઇને મારે ગુમાવવો નથી. આજે મારે કેટલો તપ કરવાનો છે? એ જ વિચાર રાખી મન મક્કમ રાખીશ.

ભગવાને ૪૦૦ ઉપવાસ કરેલા. તે પણ ચોવિહારા! તે પણ ઉપવાસ કરવાની ગણત્રીથી નહીં, પણ ફરવા છતાં ગોચરી નહીં મળવાના કારણે ! તે ઊભા – ઊભા કાઉસ્સગ્ગ ધ્યાન કરવાપૂર્વક....

તો મારે તો પ્રાયઃ દર બીજા દિવસે બે ટંક પેટભરીને ખાવા મળવાનું છે ! ઉપવાસના દિવસે પણ પાણી પી શકું ! ઉપવાસ પણ ઉપવાસની ગણત્રીપૂર્વક જ! અને તપસ્વી હોવાના નાતે આરામ કરવાની પૂરી સગવડ સાથે ! પછી, નબળા પડ્યે કેમ ચાલે ?

આ તપના પ્રભાવે... હવે પછી પૂર્વના ભવોમાં ઉપરોક્ત વેઠેલી વેદનાઓ પ્રાયઃ ક્યારેય સહેવાની કઠિણાઇ નહીં આવે ! અસંખ્ય ભવોના કર્મો પણ ફળ આપ્યા વિના ખરી પડે ! જો તે એક - એક કર્મ ઉદયમાં આવે, તો આપણને અનેક વખત પીલાઇ જવાનું, રહેંસાઇ જવાનું, કચડાઇ જવાનું, જીવતા જ બળી મરવાનું, શૂલી કે સોઇમાં પરોવાઇ જવાનું, ભાર વેંઢારીને કે કઠોર મજૂરી કરીને ઘસાઇ જવાનું, કતલખાને કપાઇ જવાનું, રોગ-વેદના, ભૂખ-તરસ-માર-પ્રહાર-બંધન-તાપ-ટાઢ વગેરે જાલીમ ત્રાસોથી શોષવાઇ જવાનું લમણે ઝીંકાય. જીવ ! હવે તું જ તુલના કર, એક બાજૂ છે, ૪૦૦ દિવસ સુધી બીજી વિવિધ અનુકૂળતાઓવાળા અને ઇચ્છાપૂર્વક કરેલા તપમાં થોડીક ભૂખ કે અશક્તિનું દુઃખ, અને બીજી બાજૂ છે આ અનંત વેદનાઓ ! મૂલવી જો, સોદો કેટલા લાભમાં છે કે નુકસાનમાં !

અનંત અનુગ્રહ છે એ કરુણાસાગર દેવાધિદેવનો ! કે જેઓએ તદ્દન સસ્તામાં આવી જાલીમ વેદનાઓમાંથી છૂટવાનો માર્ગ બતાવ્યો !

અસીમ ઉપકાર છે એ ગુરુભગવંતોનો ! કે જેઓની કૃપાભરી પ્રેરણાથી કર્મોની કાતીલ કરામતમાંથી છટકી જવાનો આવો સહેલો રસ્તો મળ્યો !

લાખો સલામ છે એ વર્ષીતપના તપસ્વીઓને ! કે જેઓએ તપ ઉપાડી મને સાથ આપ્યો - સહકાર આપ્યો ઉગ્ર ગણાતા તપને તદ્દન સરળ બનાવી દેવામાં !

ધન્યવાદ છે એ તમામ સ્વજન-કુટુંબીજન વગેરેને ! કે જેઓએ બીજા બધા કાર્યો ઉપાડી લઇ તથા મારી બધી અનુકૂળતાઓ સાચવી લઇ મને આ તપમાં હુંફ આપી મારા આ માર્ગને તદ્દન Easy Going બનાવી દીધો....

ઋષભદેવ ભગવાનની ૪૦૦ દિવસની એ સાધના મારા માટે પ્રેરકબળ છે !

નંદનઋષિના ભવમાં પ્રભુ મહાવીરસ્વામીએ કરેલા ૧૧૮૦૬૪૫ માસખમણ મારા માટે મશાળ છે.

પ્રભુ વીરનો સાડા બાર વર્ષનો તપ અને ધન્ના કાકંદીનો આઠ મહીનાનો તપ મારી નજર સામે છે !

પૂર્વના તમામ મહાન તપસ્વીઓનો મારાપર વરસતો અનુગ્રહ મારી મૂડી છે!

વર્ત્તમાનમાં જ લગભગ ૩૫ વરસીતપ સળંગ કરી ૧૦૫ વર્ષની વૃદ્ધવયે વર્ષીતપમાં જ કાળધર્મ પામેલા પૂજ્ય સિદ્ધિસૂરિજી મહારાજ ને બેંગલોરના લગભગ એટલા જ વર્ષીતપ કરેલા શ્રી જસરાજજી મારા માટે દીવાદાંડી છે.

ઉપવાસના પારણે, છઠના પારણે, અઠમના પારણે વર્ષીતપ કરનારા

વર્ત્તમાનકાલીન સાધુ-સાધ્વી ભગવંતોની વાત સાંભળતાં જ મારા તપમાં પાવર આવી જાય છે ! દર્શન થતાં જ રોમાંચ થાય છે.

તાજેતરમાં અઠાઇના પારણે અઠાઇ (લગભગ ૪૩ અઠાઇ) થી વર્ષીતપમાં જ છેલ્લે સળંગ ૩૩ ઉપવાસ કરી અનોખું પરાક્રમ કરનારા ભાયંદરના શ્રી નવિનભાઇના સત્ત્વને જાણ્યા પછી હવે મારે પાછી પાની કરવી નથી !

મારો જન્મ સિંહકૂળમાં થયો છે. હું સિંહસંતાન છું. આહારસંજ્ઞાનું સસલું મને સતાવી જાય, મને પીછેહઠ કરાવે એ કેમ બને ! હવે પાછી પાની કરે એ બીજા!

હું બ્રાહ્મણ છું. આત્માના અણાહારી સ્વભાવરૂપ બ્રહ્મમાં જ રમણ કરવું એ મારું કામ !

હું ક્ષત્રિય છું, તપરૂપી અમોઘ શસ્ત્ર હાથમાં લઇ કર્મસામે સંગ્રામ માંડ્યા પછી પીઠ બતાવી ભાગી જવું મારા માટે કલંકરૂપ બને !

હું વૈશ્ય છું. તપ નામના વેપારમાં માત્ર ૪૦૦ દિવસ (એમાં પણ ઉપવાસ તો એકાંતરે લગભગ ૨૨૫ જેટલા જ) ભૂખ-અશક્તિ સહેવારૂપે થોડી મૂડી રોકી પ્રાયઃ આખો ભવિષ્યકાળ સુધરી જાય એવો થોડી મૂડીએ મોટા નફાના આ વેપારને મારે જતો કરવો નથી.

હું શૂદ્ર છું. તપનું સાવરણું લઇ આત્મપ્રદેશે પ્રદેશે રહેલા મલીન-ગંદા કર્મો-વાસના કચરાને કાઢી મારા આત્મારૂપી આંગણને સ્વચ્છ બનાવ્યા વિના રહીશ નહીં.

હે દેવાધિદેવ અરિહંતો ! હે અનંત સુખમગ્ન સિદ્ધ ભગવંતો ! હે કઠોર સાધના મગ્ન ગુરુભગવંતો ! હે તરણતારણ જહાજ સમ શ્રી સંઘ ! હે સહાયમાં તત્પર સમ્યક્ત્વધારી દેવો ! આપ બધાની સાક્ષીએ મારો આ સંકલ્પ છે, મારો આ નિર્ધાર છે, મારો આ દૃઢ નિર્ણય છે કે.....

મારો આ વર્ષીતપ મને અનાદિથી સતાવતી આહારસંજ્ઞા અને શરીરની મમતાને તોડનારો બને.

મારો આ વર્ષીતપ મને કર્મોની ઝંઝીરોથી મુક્ત કરનારો બને.

મારો આ વર્ષીતપ મારા ક્રોધને અને હું તપસ્વી વગેરે અભિમાન-અહંકારને બાળનારો બને. નિંદા-તિરસ્કાર-કટાક્ષોના ઝેરથી મુક્ત કરે.

મારો આ વર્ષીતપ માયામુક્ત બને અને મને આસક્તિઓ અને મમતાથી મુક્ત કરનારો બને.

મારો આ વર્ષીતપ મારી વાસનાઓને બાળી નાંખનારો બને.

મારો આ વર્ષીતપ મિથ્યાત્વ-અવિરતિ-પ્રમાદ-કષાય અને યોગના નિરોધરૂપે પરિણમી સંવરનો સાધક બને.

મારો આ વર્ષીતપ મને ઇચ્છાના દુઃખથી છોડાવનારો બને.

મારો આ વર્ષીતપનો મંડાયેલો તપોગ્નિ સતત પ્રજ્વલિત રહે કે જેમાં મારા તમામ કર્મ-કષાય-વિષય-વાસના-આસક્તિ-મમતાના મળ બળીને ખાખ થાય અને મારો આત્મા શુદ્ધ સો ટચના સોના જેવો નિર્મળ-પવિત્ર બને.

મારો આ વર્ષીતપ મને એવી લબ્ધિ અને સિદ્ધિ આપનારો બને કે જેથી હું આત્મસાધનામાં વધુ અપ્રમત્ત બનું અને જૈનસંઘ-શાસનની પ્રભાવનામાં નિમિત્ત બનું.

મારો આ વર્ષીતપ સમગ્ર જીવસૃષ્ટિના કલ્યાણ માટે થાઓ, હિતમાટે થાઓ, દુઃખથી છોડાવનારો થાઓ.

હે કરુણાનિધાન અરિહંત-સિદ્ધ ભગવંતો.... મારા પર અનુગ્રહ કરો.

હે કૃપાસાગર ગુરુભગવંતો.... મારાપર કૃપાધોધ વરસાવો.

હે સમ્યગ્દષ્ટિ દેવો-શાસનદેવો મને સહાય કરો.

હે ચતુર્વિધ સંઘ મને આશીર્વાદ આપો...

જેના બળે...

પ્રભુ ઋષભદેવના દીક્ષા કલ્યાણકથી આરંભાયેલા આ તપના પ્રભાવે મારા દીક્ષારોધક કર્મો નાશ પામે અને અક્ષયતૃતીયાના દિવસે પૂર્ણ થતો તપ મને અક્ષયપદ આપનારો બને. ઉપવાસથી ટેવાયેલો હું સર્વત્ર અનાસક્ત બનું અને શેરડીના મીઠા રસથી (પારણાવખતે) મીઠી બનેલી મારી જીભ હંમેશા મીઠાશ જ વરસાવતી રહે.

ઋષભદેવ ભગવાન જેવો સમત્વભાવ અને શ્રેયાંસકુમાર જેવો દાનનો ભાવ મને પ્રાપ્ત થાઓ.

પ્રથમ તપસ્વી શ્રી ઋષભદેવ ભગવાનને અને

પ્રથમ સુપાત્રદાનદાતા શ્રી શ્રેયાંસકુમારને

મારા...

હૃદયના ઉમળકા સાથે, ભાવવિભોર બની નમન વારંવાર ! શ્વાસમાંહે સો વાર !

નામ મહિમા

જૈનેતર રામાયણમાં નામ-મહિમા અંગે એક મજાનો સંવાદ આવે છે.

રામાયણનું યુદ્ધ પૂર્ણ થયા બાદ કોકે રામને પૂછ્યું - આ યુદ્ધમાં વીરગતિ પામેલા વાનરો કઇ ગતિમાં ગયા ?

રામે કહ્યું - નરકમાં.

આ સાંભળી અકળાયેલા એ ભાઇએ પૂછ્યું - તો રાક્ષસો ?

રામે કહ્યું - સ્વર્ગમાં.

રામના પક્ષે રહી લડનારા વાનરો નરકે, અને રાવણ જેવા શેતાનના પક્ષે રહી લડનારા રાક્ષસો સ્વર્ગે ! આ સાંભળી મુંઝાયેલા એ ભાઇએ ભગવાનના પક્ષે રહી લડનારાને આ દંડ અને શેતાનના પક્ષે રહી લડનારાને આ લાભ પાછળ કયું ગણિત કામ કરી ગયું તે જાણવા આ બાબતમાં રહસ્યસ્ફોટ કરવા કહ્યું.

રામે કહ્યું - વાનરો મારા પક્ષે જરૂર લડતાં હતાં. પણ 'રાવણને મારો' 'રાવણને મારો' આ રીતે દ્વેષભાવે પણ રટણ છેક સુધી રાવણનું કર્યું. માટે નરકે ગયા. જ્યારે રાક્ષસોએ દ્વેષબુદ્ધિથી પણ 'રામને મારો' 'રામને મારો' આ રીતે મરતા સુધી રટણ મારું કર્યું. માટે તેઓ સ્વર્ગે ગયા.

આ પ્રસંગ આડકતરી રીતે નામરટણનો મહિમા બતાવે છે. જૈન ઇતિહાસના પૃષ્ઠોપર નામરટણના મહિમા દેખાડતાં ઘણા પ્રસંગો આલેખાયેલા છે. તેમાં સૌ પ્રથમ અને અત્યંત રોમાંચક છે મરુદેવી માતાનો પ્રસંગ.

અનાદિનિગોદમાંથી નીકળી વનસ્પતિ બની પછી તરત મરુદેવીમાતા બનેલા જીવે પૂર્વભવમાં ધર્મઆરાધના કરેલી એવું સ્પષ્ટ દેખાતું નથી. આ ભવમાં પણ તપ-ત્યાગ-સંયમ, કે સમ્યગ્દર્શનાદિ ચાર ધર્મો કે દાન આદિ ચાર ધર્મો આરાધ્યા હોય, તેવું ય નજરે ચઢતું નથી. અરે ! એમના નિર્વાણ સુધી તો ધર્મની સ્થાપના પણ થઇ નથી. ૧૮ કોટાકોટી સાગરોપમ સુધી જે ધર્મનો અભાવ હતો, તે ધર્મની

પ્રથમ સ્થાપના આ અવસર્પિણી કાળમાં સૌ પ્રથમ ભગવાન ઋષભદેવે કરી. પણ માતા મરુદેવી તો એ સ્થાપનાપૂર્વે જ અતીર્થસિદ્ધરૂપે નિર્વાણ પામ્યા.

ભરત ચક્રવર્તીને ઋષભદેવ ભગવાનના કેવળજ્ઞાનના સમાચાર મળ્યા. તેથી તે ભગવાનને વાંદવા હાથીની અંબાડી પર નીકળે છે. ત્યારે પોતાના દાદીમા મરુદેવી માતાને પણ સાથે લે છે. સમવસરણ નજીક આવતા ભરત મરુદેવીમાતાને ઋષભદેવ ભગવાનની ઋદ્ધિ બતાવે છે.

જૂઓ, તમારા પુત્રની ઋદ્ધિ ! કરોડો દેવતા સલામી ભરી રહ્યા છે. ઇન્દ્રો ચામર વીંઝી સેવા કરી રહ્યા છે. રજત-સોના-રત્નના ગઢમાં બિરાજી રહ્યા છે. રત્નમય સિંહાસનને શોભાવી રહ્યા છે.... તમે મને હજાર વર્ષથી મહેણા મારો છો કે મારો ઋષભ જંગલમાં હેરાન થાય છે, અને તું મહેલમાં મજા કરે છે... પણ દાદીમા! જૂઓ તમારા ઋષભની સમૃદ્ધિ ક્યાં ! ને મારી રંકના ઝુંપડા જેવી ઋદ્ધિ ક્યાં !

ભરત પાસેથી પોતાના દીકરાની સમૃદ્ધિની વિગત સાંભળી પોરસાયેલી અને આંખે હર્ષના આંસુ છલકાવતી મરુદેવી માતાએ ભગવાન ઋષભદેવની સમૃદ્ધિ જોઇ. આંખ છક થઇ ગઇ. પહેલા આનંદ અનુભવ્યો, પછી આંચકો- હું હજાર વરસથી ઋષભ-ઋષભ કરું છું. અને મારા ઋષભને તો મારી પડી પણ નથી. આટલી સમૃદ્ધિ મેળવવા છતાં મને બોલાવતો પણ નથી. આ આંચકામાંથી તરત જ અન્યત્વ ભાવનાપર ચઢી ગયા. મારો ઋષભ તો પહેલા વૈરાગી અને હવે વીતરાગ થયા. એને મારા પર પ્રેમ હોત, તો મને છોડીને જાત જ શું કામ ? હું ફોગટ ઋષભ-ઋષભ કરી રાગને પોષતી હતી. હકીકતમાં તો કોણ કોનું છે ? બસ આ અન્યત્વભાવનાપર ચઢી ક્ષપકશ્રેણિ માંડી. ક્ષણવારમાં ઘનઘાતિ કર્મોના ભુક્કા બોલાવી વીતરાગભાવ અને કેવળજ્ઞાન પામી ગયા. તત્કાલ જ આયુષ્ય પૂર્ણ થવાથી આ અવસર્પિણીમાં સૌ પ્રથમ મોક્ષે જવાનું બહુમાન મેળવી ગયા.

અહીં સહજ થાય કે મરુદેવી માતાને આ રીતે આટલી સરળતાથી કેવળજ્ઞાન કઇ આરાધનાના બળપર થયું ?

જવાબ એ છે કે મરુદેવી માતાએ એક હજાર વર્ષ સુધી અખંડપણે ઋષભ-ઋષભ નામરટણ-જાપ કર્યો. મરુદેવીમાતાએ નામજાપ સાથે મન ઋષભ પ્રભુમાં એવું લગાડી દીધેલું કે એ હજારવરસ એમને નથી ખાવાની રુચિ થઇ, નથી શરીરની ચિંતા થઇ, નથી ભરત કે ભરતના પુત્રોને લાડ લડાવવાનું મન થયું, નથી મહેલ-કપડા-દાગીના-સગા કોઇપર આસક્તિ-મૂર્ચ્છા-કે મમત્વની લગની રહી, આમ

રાગનું-ધ્યાનનું-ચિંતનનું-મારાપણાનું એક માત્ર સ્થાન માત્ર ઋષભદેવ રહ્યા. અલબત્ત આ રટણ પુત્રસ્નેહ-સ્નેહરાગથી કર્યું. છતાં એ પ્રભુના નામરટણે બધા કર્મોને ઢીલા કરી નાંખ્યા. આ બતાવે છે કે સ્નેહરાગાદિભાવેપણ ભગવાનનો સતત નામજાપ આપણા કઠોર કર્મજાળને ભેદવા સમર્થ બની શકે છે. આની પાછળ એક પરફેક્ટ ગણિત પણ છે.

જ્યારે કોઈપણરૂપે પ્રિયતમ બનેલા ભગવાનના સતત નામજાપથી જીવ ભગવાનમાં જ ખોવાયેલો-ખોવાયેલો રહે છે. અર્પણ કર દુ દુનિયાભરકા, સબ પ્યાર તુમ્હારે ચરણોમેં - એ ભાવમાં જ્યારે એ મસ્ત બની જાય છે, ત્યારે તે પોતાના રાગ-આસક્તિ-મૂર્ચ્છાના ઝેરને દુનિયાની બધી વસ્તુઓપરથી ખેંચી ખેંચી એકના પર જ કેન્દ્રિત કરવાનું કામ કરે છે. આથી બાકીની બધી વસ્તુઓપરથી રાગ-મમત્વ ખેંચાઈ જાય છે. તેથી જ કહે છે કે હરિરસમગન સબરસ(=મીઠું) ના સ્વાદને ભૂલી જાય છે.

એ નામરટણમાં મગન બનેલાને પહેલાં તો એ પ્રિયતમ વિનાની બધી ગમતી વસ્તુ પણ અધુરી લાગે છે, પછી વસમી લાગે છે. પછી તો એની આંખમાં એવા પડળ જામી જાય છે કે બધે જ, બધામાં જ એ પ્રિયતમ સિવાય બીજું કશું ભાસતું જ નથી. દેખાતું જ નથી. એ સતત નામજાપથી રોમે-રોમ, શ્વાસોચ્છ્વાસ, ધબકારા વાસિત થઈ જાય છે. નામજાપથી હૈયે થઈ શરીર વ્યાપી બનેલા પ્રિયતમ લોહીમાં, માંસમાં, અસ્થિમજ્જામાં વ્યાપ્ત બની જાય છે. એટલે સુધી કહેવાય છે કે અર્જૂનના વિખરાયેલા વાળમાંથી કૃષ્ણ... કૃષ્ણનો નાદ રુક્મિણીએ સાંભળેલો.

શ્રેણિકમહારાજાના મોત પછી એમના અગ્નિસંસ્કારવખતે હાડકામાંથી વીર-વીર નો નાદ નીકળતો હતો એવું સાંભળવા મળે છે.

આમ પ્રિયતમનો સતત નામજાપ આપણને તન્મય બનાવી દે છે. આ તન્મયતા બીજે બધેથી રાગભાવને ખેંચી કાઢે છે. જેમ સાપે ડંસ દીધા પછી શરીરવ્યાપી બનેલા ઝેરને ગારુડી વિદ્યાનો જાણકાર મંત્રપ્રભાવે ખેંચી-ખેંચી ડંસના સ્થાને કેન્દ્રિત કરે છે. તેથી શરીરનો બાકીનો ભાગ ઝેરમુક્ત બને છે. પછી બસ એ ડંસના સ્થાનેથી ઝેર ચૂસી લઈ થૂંકી નાંખે એટલે શરીર સર્વથા ઝેરમુક્ત બની જાય છે.

આ જ પ્રમાણે પ્રભુનું નામ ગારુડીમંત્ર બની આપણા જગતવ્યાપી બનેલા રાગના ઝેરને ખેંચી ખેંચી માત્ર પ્રભુ પર જ કેન્દ્રિત કરે છે. પછી મરુદેવીમાતાની

જેમ બસ અન્યત્વભાવનાનો એક ઝાટકો.... ને સર્વથા રાગઝેરથી મુક્તિ... છેવટે ગૌતમસ્વામીની જેમ ભગવાનપરનો ય રાગ ઉતરી જાય એટલે પૂર્ણ વીતરાગભાવ આવીને ઊભો રહે.

અને નામરટણની સૌથી મોટી સવલત એ છે કે એમાં આપણને દ્રવ્યાદિ કોઇની અપેક્ષા રહેતી નથી. કાળની-સમયની કોઇ મર્યાદા નડતી નથી. શરીર સ્વાસ્થ્યઆદિના કોઇ પ્રશ્નો મુંઝવતા નથી. તમે હંમેશા-ગમે ત્યાં, ગમે ત્યારે-ગમે તેવી અવસ્થામાં સતત માનસિક રીતે નામ રટણ કરી શકો. પ્રભુનું નામ લેતા જ રહો-લેતા જ રહો... અને જૂઓ ચમત્કાર. તમે વાલિયામાંથી વાલ્મિકી બની જશો.

તેથી જ માનવિજય વાચકે પદ્મપ્રભજિનના સ્તવનમાં પ્રભુનામનો મહિમા ગાયો -

પંચમકાળે પામવો, દુર્લભ પ્રભુ દેદાર !

તોય તેહના નામનો, છે મોટો આધાર.

પ્રભુનો દેદાર પામવો દુર્લભ હોવા છતાં હુંફ છે, આશ્વાસન છે કે પ્રભુ તારું નામ મારા હૈયે ચોવીસે કલાક છે. કેમકે તું તારા નામ સાથે જોડાયેલો છે. હૈયેથી તારું નામ પોકારતાં જ તને રુબરુ મળ્યાનો જાણે સાક્ષાત્કાર થાય છે....

નામગ્રહે આવી મિલે, મન ભીતર ભગવાન !

વળી, આપણને એક લાભ છે, દિવસમાં ઓછામાં ઓછું ત્રણવાર પ્રભુના દર્શન-વંદન-પૂજાવગેરે મળે, તે વખતે જાણે સાક્ષાત્ પ્રભુ મળ્યાનો આનંદ અનુભવાય, પ્રભુના ગુણસૌંદર્યઆદિનો સાક્ષાત્કાર થાય, તેથી નામ જપતા કદાચ મન થાકેલું કે ઢીલું પડ્યું હોય, તો પાછો પાવર આવી જાય. પાછું નામ રટણ ઉત્સાહભેર ચાલુ થઇ જાય. માટે જો તમે જીવતા છો, તો પ્રભુનામ જપતા રહો, મરેલાને રામનામ સંભળાવે, તો ય કશું કામનું રહેતું નથી.

બસ, તો હવે લાગી જઇએ પ્રભુના નામને સતત જાપથી આત્મસાત્ કરવા.

પેટનું સાધન... (કાલ્પનિક)

તે દિવસે,
એ પદકવિજેતા
લોકપ્રિય નવલકાર
મરી ગયા....
સભા થઇ,
અહીં અને ઉપર....
અહીં આવ્યા
કવિઓ અને લેખકો,
પ્રશંસકો અને વિવેચકો
ગુણાનુવાદનો સાર હતો...
એ હતા પુસ્તકના કીડા,
સાહિત્ય સર્જન જ પ્રાણ હતા,
નવલકથાઓ લોકપ્રિય હતી,
રસભર હતી, કલ્પનાઓથી સભર હતી,
અસરકારક શબ્દો
હૃદયવેધક પ્રસંગોથી
રોમાંચક હતી.
        એમના જવાથી
સાહિત્યજગતને
ન પૂરાય તેવી ખોટ પડી છે....
        ઉપર....
ધર્મરાજાની સભામાં
ચિત્રગુપ્તે નવલકારનો
ચોપડામાં હિસાબ જોયો.

માથુ ધુણાવ્યું...
પૂછ્યું ધર્મરાજાએ
કેમ ? ખુની છે ?
ચિત્રગુપ્તે કહ્યું - ના...
લોભી ? ના...
કામી ? ના....
તો ?
ઉત્પાદક હતા... શાના ?
ખુની લોભી કામીના...
હેં ? કેવી રીતે ?
એ લોકપ્રિય નવલ-ક્રાઇમ લેખક હતા.
એમ ?
શું કરીશું એમનું ?
ચૂકાદો આપ્યો ધર્મરાજાએ...
એને બનાવો ઉધઇ
મુકો શહેરની લાયબ્રેરીમાં ત્યાં,
કે જ્યાં,
એમના પુસ્તકોની સીરીઝ હોય,
જ્યાં સુધી
બધા પુસ્તકો ખવાઇ ન રહે,
ત્યાં સુધી ભલે ત્યાં રહે,
લેખક મહોદય હતા ઉદાસ !
ખરે ! સાહિત્યની કોઇ કદર નથી.
આજે !......
તે ઉધઇ મસ્ત છે,
પોતે જ લખેલા શબ્દો,
ચાવી જવામાં આનંદ છે.
કેવી વિચિત્રતા ?
બંને ભવમાં,
પુસ્તકો જ બન્યા - પેટના સાધન.

नम्र सूचन
इस ग्रन्थ के अभ्यास का कार्य पूर्ण होते ही नियत समयावधि में शीघ्र वापस करने की कृपा करें. जिससे अन्य वाचकगण इसका उपयोग कर सकें.

આપણે આપણું વિશેષણ... જુઓ પૃષ્ઠ-૧૦

ઘરને ઝવેરાત થી ભરવા જતાં... જુઓ પૃષ્ઠ-૧૪

હવે તો ખીસામાંથી પડી ગયેલા... જુઓ પૃષ્ઠ-૨૩

આ ભવમાં આપણે પરેશાન... જુઓ પૃષ્ઠ-૩૩

સજજનો પોતાના થી બીજાને... જુઓ પૃષ્ઠ-૪૨

ખુલ્લા મગજની અને બધા સાથે... જુઓ પૃષ્ઠ-૫૦

યોગીને એવા ભોજન થી સંબંધ... જુઓ પૃષ્ઠ-૬૨

હું બ્રાહ્મણ છું. આત્માના... જુઓ પૃષ્ઠ-૭૭

સ્નેહરાગાદિ ભાવે પણ... જુઓ પૃષ્ઠ-૮૧

પળ પળ નો હિસાબ